શ્રી ગણેશાય નમ:

શ્રી હાટકેશામ્બિકાભ્યામ નમ:

*आ नो भद्राः क्रत्वो यन्तु विश्वतः*

(અમને સર્વ દિશાઓથી ઉત્તમ વિચારો પ્રાપ્ત થાઓ.)

શ્રી વડનગરા નાગર મંડળ - મુંબઈનું મુખપત્ર

# નાગર મંજૂષા

For private circulation

જાન્યુઆરી, ૨૦૨૧



'નાગર મંજૂષા' પ્રગટ કરવા થતા ખર્ચને પહોંચી વળવા સ્થાનસમર્પણ યોજના શરુ કરી છે. એના ભાગરૂપે સ્વજનની સ્મૃતિ કાયમ રાખવા, મિત્ર કે કુટુંબીજનને જન્મદિવસ/લગ્નદિવસની શુભેચ્છા પાઠવવા તેમજ કોઈ સિદ્ધી સફળતા મેળવવા બદલનો હરખ વ્યક્ત કરવા પાનાની નીચેના હિસ્સામાં નોંધ મૂકાશે. ઉપરના ભાગમાં જીવનને સુરભિત કરી દે એવાં વિચાર-મોતીઓ, ગદ્યખંડ કે કાવ્યપંક્તિ મૂકાશે. વડનગરા નાગર સમાજની કલા, સાહિત્ય અને સંસ્કારપ્રીતિનું પ્રતિબિંબ એમાં ઝિલાશે. એ માટે અનુદાન નીચે મુજબ રહેશે.

બીજું કવર પેજ (રંગીન) રૂા. ૪૦૦૦
ત્રીજું કવર પેજ (રંગીન) રૂા. ૪૦૦૦
છેલ્લું કવર પેજ (રંગીન) રૂા. ૫૦૦૦
અંદરના પાના (બ્લેક એન્ડ વ્હાઇટ) રૂા. ૩૦૦૦

યોજનાનો લાભ લેવા તંત્રીઓ શ્રીમતી દીના વછરાજાની અને શ્રીમતી સુહાની દીક્ષિતનો સંપર્ક કરવો.

રજી. ઓ. : એ/૫૮, મણિનાગર નિવાસ, પન્નાલાલ ટેરેસીસ,
ગ્રાન્ટ રોડ (પૂર્વ), મુંબઇ - ૪૦૦૦૦૭
website : www.shrivadnagaranagar.org

# નાગર મંજૂષા

જાન્યુઆરી ૨૦૨૧

# 'પપ્પા એક અને અજોડ'

## ખાસ વિશેષાંકના લેખકો



# અનુક્રમણિકા

**નોંધ : અનુક્રમણિકા કક્કાવારી મુજબ રાખી છે.**


| | | | |
|---|---|---|---|
| ૧. | તંત્રીસ્થાનેથી | દીના વછરાજાની, સુહાની દીક્ષિત | ૨ |
| ૨. | મીડિયાના દોરવાયા દોરવાઈએ નહીં! | સિદ્ધાર્થ છાયા-પાટિયે બેસીને પંચાત | ૩ |
| ૩. | મસ્ત પપ્પા | અમિત મહેતા | ૫ |
| ૪. | આશીર્વાદ | અરુણ માંકડ | ૯ |
| ૫. | મારા પપ્પા મારા ભગવાન | ઉત્તંક વોરા | ૧૧ |
| ૬. | મારા પપ્પા | ઋતંભરા છાયા | ૧૩ |
| ૭. | પપ્પા એક અને અજોડ | કેતકી મહેતા | ૧૫ |
| ૮. | નખશીખ સજ્જન | કૃતાર્થ વ્હોરા | ૧૭ |
| ૯. | સિક્કાની એક કોર માતા તો બીજી કોર પિતા | ચિરંતન પટ્ટણી | ૨૦ |
| ૧૦. | પિતાઃ વિશાળ વન સમાન | જયંત હાથી | ૨૨ |
| ૧૧. | પપ્પાઃ આદર્શ પ્રેરણામૂર્તિ | જુલી ખારોડ | ૨૬ |
| ૧૨. | પપ્પા એટલે કીર્તિ નામે એક કીર્તિમાન | ડૉ. માર્ગીહાથી | ૨૮ |
| ૧૩. | પપ્પાનું સોલ્યુશનઃ'જીવ્ઝ' | ડૉ. શર્વરી દીક્ષિત | ૩૬ |
| ૧૪. | પપ્પાની છત્રી | દીના વછરાજાની | ૩૯ |
| ૧૫. | 'ભાઈ'નો દીકરો હોવાનું અભિમાન છે... | દીપક માંકડ | ૪૧ |
| ૧૬. | પિતા સૂર્યનું સૌમ્ય સ્વરૂપ | દીપ્તિ ભગત-વછરાજાની 'શિવા' | ૯૧ |
| ૧૭. | 'પિતૃ સ્મરણ' આત્મનિરીક્ષણ | દિનેશ બુચ | ૪૪ |
| ૧૮. | ઘડતરના પાઠ  શીખવે છે પિતા | દિનેશ માંકડ | ૪૮ |
| ૧૯. | વ્હાલનો દરિયો, મસ્તીનો ફુવારો | નમ્રતા માંકડ | ૫૦ |
| ૨૦. | મારા પિતા માતા-પિતા અને ગુરુનો ત્રિવેણી સંગમ | નરેશ અંતાણી | ૫૨ |
| ૨૧. | પિતા, બંધુ અને સખા | નિમિષા મજમુંદાર | ૫૪ |
| ૨૨. | ફ્રેન્ડ, ફિલોસોફર ને ગાઈડ | નિષ્ઠા વછરાજાની | ૫૬ |
| ૨૩. | 'આઈ લવ યુ પાપા' | નેહા યાજ્ઞિક | ૫૯ |
| ૨૪. | એક અજોડ પાત્ર | નૈઋતી અંતાણી | ૬૧ |
| ૨૫. | ''મારા પપ્પા | પદ્મજા વસાવડા | ૬૩ |
| ૨૬. | મારા 'ભાઈ' | પ્રણવ દેસાઈ | ૬૬ |
| ૨૭. | 'ભાઈ' મારા પપ્પા | પ્રતિમા રિંડાણી | ૭૩ |
| ૨૮. | મારા પપ્પા પૂર્ણજ્ઞાની | ફાલ્ગુની વસાવડા | ૭૪ |
| ૨૯. | સેવાભાવી ડૉક્ટર દેવતુલ્ય - પિતા | ભાર્ગવી જોશીપુરા | ૭૭ |
| ૩૦. | વજાદપિ કઠોરાણી મૃદુની કુસુમાદઅપિ | ભારતી હાથી | ૭૯ |
| ૩૧. | મા મમતાની મૂરત, પિતા પ્રેમભરી સુરત | માતંગી ઓઝા | ૮૧ |
| ૩૨. | મારા પપ્પા | મીતા પોટા | ૮૩ |
| ૩૩. | પપ્પા - હૈયાના પરબીડિયામાં અકબંધ | લીના વછરાજાની | ૮૫ |
| ૩૪ | મા ધરતી તો પિતા આકાશ | વિશાખા પોટા | ૮૯ |
| ૩૪. | લવ યુ પાપા | સુહાની દીક્ષિત | ૮૬ |
| ૩૫. | પપ્પા જ મારા સુપર હીરો | હેમાલી અંતાણી | ૮૮ |


**ટીમ નાગરમંજૂષા**

**દીના વછરાજાની, નેહા યાજ્ઞિક, સુહાની દીક્ષિત**

વિદાય..... આ શબ્દ જ માણસમાત્રમાં એક પીડાની લાગણીનો અહેસાસ કરાવે છે.. કશુંક પાછળ છૂટવાનો ભાવ માણસને યાદ દેવડાવે છે કે સમય એ ઝડપથી સરકતી ક્ષણોનો સરવાળો છે. આ છૂટતી ક્ષણો આપણા ખૂટતા શ્વાસને પણ રોકી નથી શકતી... આ ગહન લાગણી અને સંવેદન વીતેલા વર્ષની વિદાય સાથે હરહંમેશ જોડાયેલા જ હોય છે, પણ વર્ષ ૨૦૨૦ની વિદાય એ રીતે વિશિષ્ટ રહી. વીતેલા વખતના વસવસાને બદલે મનુષ્યમાત્રએ હાશકારો જ અનુભવ્યો! કોરોનાના કેરથી ત્રાહિમામ્ મનુષ્યમાત્ર એ વર્ષને હડસેલવા તત્પર હતું !

પણ ખરેખર વર્ષ ૨૦૨૦ ફક્ત જાકારાને લાયક હતું? કહ્યું છે ને કે,

**'પાનખરને આમ હડસેલો નહીં,**
**શક્યતાને આવકારો, તો ખરાં.'**

ફક્ત અઢાર જ દિવસ ચાલેલ ધર્મયુદ્ધે આપણને મહાભારત જેવો ગ્રંથ અને ગીતાનું ઊંડું જીવનદર્શન આપ્યું. તો આ લાંબા ચાલેલ કોરોના યુદ્ધે પણ આપણને કેટલી બધી સમજણ અને સાક્ષાત્કાર આપ્યાં!!

ઘરમાં રહ્યાં એટલે ચાર દીવાલને પેલે પારનો 'ઘર'નો નવો જ અર્થ સમજાયો. મિત્રોમાં મશગૂલ નવી પેઢીને 'કુટુંબ' શબ્દનો અર્થ અભિપ્રેત થયો. સ્વાશ્રય, સાદગી ને સ્વચ્છતાને સાચા અર્થમાં અપનાવ્યા. કેટલી બધી સર્જનાત્મક્તા બહાર આવી અને સૌથી જરૂરી એવી સમજણ મળી કુદરતની હિફાજત કરવાની! એ સમજાયું કે બચવું હોય તો આપણે કુદરત પર કરેલા અતિક્રમણને ખાળવું જ પડશે !!

તો... આ નવી સમજણ અને શક્યતાઓથી ભરપૂર ૨૦૨૧માં આપ સર્વનું સ્વાગત છે. કોરોના વેક્સીનની ઉપલબ્ધિ એ આ શક્યતાના આકાશની પહેલી સીડી મૂકી છે. અહીં હમણાં જ વાંચેલી આ કાવ્યપંક્તિઓ યાદ આવે છે.

**ઊંચા આકાશનું સંધાન મળે,**
**છતાં મૂળ સાથે અનુસંધાન મળે**
**એવું મજાનું સૌને જીવન મળે !**

મને ખાતરી છે આપણી આગળની સાહિત્યિક સફર પણ ચોક્કસ મજાની જ હશે... નાગરમંજૂષા સાથે કેટલાં નવાં-નવાં અને મજાનાં નામો જો જોડાતાં જાય છે!...

હજુ વધારે ને વધારે નવી નવી કલમ અને ખાસ તો યુવા કસબીઓને આવકારવા અમે તત્પર છીએ...

**દીના વછરાજાની**
**તંત્રી**

-૦-૦-૦-

**નવીનતાને ના ઠુકરાવો**
**નવીનતા પ્રાણપોષક છે,**
**જુઓ! કુદરત તરફથી**
**શ્વાસ પણ જૂના નથી મળતા.**
-મરીઝ

વીતેલા થોડા મહિનાઓમાં આપણે ઘણુંબધું શીખ્યાં નહીં? પારિવારિક મૂલ્યો, સરળ ખાન-પાન, સહકાર ભાવના અને સૌથી મોટી વાત કરકસર. - કોઈ પણ વસ્તુ વગર ચલાવી લેવાનું આ સમયે આપણને શીખવ્યું. 'ઝૂમ' અને ગૂગલ મીટ (Google meet) જેવી એપ્સ વર્ષોથી સંપર્કહીન થયેલાં સગાંવહાલાંને નજીક લાવવામાં નિમિત્ત બની. લોકોમાં વ્યક્તિગત, પારિવારિક અને સામાજિક જાગૃતિ આણવામાં વીતેલા થોડા મહિનાઓ કારણરૂપ બન્યા. લૉકડાઉનમાં માણસોએ દિલના દરવાજા ખોલી નાખ્યા અને સહાયની સરવાણી થઈ. મનુષ્ય પ્રકૃતિની વધુ નજીક ગયો અને સમજતો થયો. હૉટેલ, મોલ્સ કે સિનેમા સિવાય ઘેરબેઠા પરિવાર સાથે પણ મનોરંજન મેળવી શકાય છે એ પણ જાણ્યું. વિશ્વ માનવ હવે પ્રતિકૂળતાને અનુકૂળતા ગણીને હસતા મોઢે ઝીલી રહ્યો છે.

અબ કોરોના કો ક્યું રોના?ના નારા સાથે તેને માત આપવા શક્ય એટલા પ્રયત્નો કરી મહદ્ અંશે સફળ થયો છે.

**સુહાની દીક્ષિત**
**તંત્રી**

-૦-૦-૦-



# મીડિયાના દોરવાયા દોરવાઈએ નહીં!

મીડિયા સાથે જોડાયેલો હોવા છતાં અને એક મીડિયા વેબસાઇટનું સંચાલન કરતો હોવા છતાં એમ કહેવામાં જરાય સંકોચ થતો નથી કે ભારત કે દુનિયાની કોઈ પણ વ્યક્તિએ મીડિયાનો આંધળો વિશ્વાસ કરવો ન જોઈએ. આમ કહેવા પાછળનું કારણ ફક્ત એ નથી કે વિશ્વભરમાં મીડિયાની વિશ્વસનીયતા સાવ તળિયે ગઈ છે, પરંતુ એ કારણ પણ છે કે આજનું મીડિયા ગંભીર હોવાને બદલે હાસ્યાસ્પદ વધુ લાગે છે. મીડિયાને પોતાની જ વાત પર વિશ્વાસ નથી હોતો પરિણામે તે પોતાના પહેલા આકલનને બીજા આકલન દ્વારા ખોટું જાહેર કરી દે છે અને તે પણ આપોઆપ.

તમને ખ્યાલ જ હશે કે ભારતના ચંદ્રયાન મિશન વખતે એક ન્યૂસ એન્કર અને એ પણ એકદમ સિનિયર ન્યૂસ એન્કરે અવકાશયાત્રીનો ડ્રેસ પહેરીને આખો શૉ હૉસ્ટ કર્યો હતો. આ એન્કર જ્યારથી ભારતમાં લાઈવ ન્યૂસ ચેનલનો દોર શરૂ થયો છે ત્યારથી પત્રકારત્વ કરે છે. આથી એવું પણ ન હતું કે નવાસવા પત્રકારને સમજાવીને કે ધમકાવીને આ પ્રકારનું વર્તન કરાવવા માટે ફરજ પાડવામાં આવી હોય.

ઘણી વખત ચોમાસામાં સ્ટુડિયોમાં બેઠાબેઠા જ કે પછી ઊભાઊભા જ એન્કર્સ છત્રી પકડીને સમાચાર આપતા હોય છે તો અતિશય ભારે વરસાદના સંજોગોમાં કેટલાક એન્કર્સ જાણે કે કોઈ ટાપુ પર ઊભા હોય એવું દ્રશ્ય આપણી સમક્ષ ખડું થઈ જતું હોય છે.

આ પ્રકારની બાલિશતા જ્યારે આપણને આપણા મીડિયા તરફથી પીરસવામાં આવતી હોય તેવું જોતાં હોઈએ ત્યારે એ સ્વાભાવિક છે કે આપણને વિદેશી ન્યૂસ ચેનલો જરૂર યાદ આવી જાય, પરંતુ જો એ વિદેશી મીડિયા હાસ્યાસ્પદ નથી હોતાં તો તેમની વિશ્વસનીયતા પર આજકાલ બહુ ઓછો વિશ્વાસ થાય એમ છે. અમેરિકામાં ગત વર્ષે ફાટી નીકળેલાં જાતીય તોફાનોમાં કે હાલમાં ત્યાં સંપૂર્ણ થયેલી રાષ્ટ્રપતિની ચૂંટણીઓ દરમિયાન ત્યાંના મીડિયાની બહુ ભૂંડી ભૂમિકા સામે આવી હતી.

મીડિયાને પાટલી બદલવામાં જરાય વાર નથી લાગતી. કોઈ એક સમાચારને જે ચેનલે અથવા તો અખબારે મહિનાઓ સુધી ચલાવ્યા હોય તે જ્યારે મોળા પડતા લાગે કે તેની સામે મજબૂત પુરાવા ઊભા થતા જોવા મળે અથવા તો તેનું મૂલ્ય સાવ ઘટી જાય ત્યારે આ ચેનલો અથવા તો અખબારો તરત જ પોતાનું સઢ ફેરવી નાખીને બીજી તરફના સમાચારો વહેતા કરી દે છે, જાણે કે તેમને તેમના દ્વારા જ અગાઉ પ્રસારિત કરેલા સમાચાર પ્રત્યે ભારોભાર વિરોધ હોય.

આજકાલ મીડિયામાં રાજકીય દૃષ્ટિએ પણ સ્પષ્ટ બે ભાગ પડી ગયા છે. જો મીડિયાનો એક ભાગ સરકાર પક્ષી છે તો બીજો તેના ઘોર વિરોધમાં. જોકે, આ બંને પક્ષો એક વાતે સહમત હોય છે અને તે છે તટસ્થતા. બંને એવો દાવો કરે છે કે તેઓ જ તટસ્થ છે. ચાલો અહીં સુધી તો વાંધો નથી હોતો, પરંતુ જ્યારે આ

બંને વચ્ચેની ''વૈચારિક'' લડાઈ વટે ચડે છે ત્યારે એકબીજાને અપશબ્દોથી સંબોધન કરવામાં પણ એમને શરમ નથી આવતી હોતી. જ્યારે આ પ્રકારની પરિસ્થિતિ હોય ત્યારે એમના વર્તન પ્રત્યે માફી માંગવાની તો આમની પાસેથી અપેક્ષા પણ કેવી રીતે રાખી શકાય?

મીડિયાને આજકાલ જો સહુથી મોટો વાંધો હોય તો એ સોશિયલ મીડિયાથી, કારણકે સોશિયલ મીડિયામાં કોઈ પણ પક્ષ તરફ ઢળેલા મીડિયાની પોલ ખોલતાં સામાન્ય રીતે ત્રણ કલાકથી વધુ સમય નથી લાગતો. ઓછામાં ઓછા અડધા કલાકમાં જ મેઈન સ્ટ્રીમ મીડિયાના ગપગોળા સોશિયલ મીડિયાએ ફોડી નાખ્યા હોવાના દાખલા પણ સામે છે, પરંતુ સોશિયલ મીડિયા પણ વિશ્વાસ કરી શકાય એવું નથી. આપણે ત્યાં વોટ્સએપ યુનિવર્સિટી શબ્દ સોશિયલ મીડિયા પર ફેલાતાં અથવા તો વાયરલ થતાં ઢગલો અસત્યોને કારણે જ અસ્તિત્વમાં આવ્યો છે.

સહુથી વધુ મજા ન્યૂસ એન્કર્સના દંભ અને અભિમાનને જોવામાં આવે છે. મોટા ભાગના એન્કર્સ સોશિયલ મીડિયા પર ઉપલબ્ધ છે અને તેમાંથી ઘણા સિનિયર એડિટર સુધીની કક્ષા પર પહોંચેલા હોય છે, પરંતુ તેમની માનસિક કક્ષા અત્યંત દયનીય હોય છે. જે મુદ્દે તેઓ ટ્વિટ કરતા હોય છે તેમની ભાષા અને તેમની સમજદારી પર ખરેખર ઘણી વાર શંકા થઈ જતી હોય છે. જ્યારે તેમને ખોટા સાબિત કરવામાં આવે ત્યારે આ જ લોકો સામેવાળી વ્યક્તિની ઉંમર, અનુભવ અને પૉઝિશનનો વિચાર કર્યા વગર જ તેને ટ્રોલ કરી દેતા હોય છે અથવાતો તેમનું અપમાન કરી દેતા હોય છે.

તાજેતરમાં જ એક ખ્યાતનામ ટીવી ચેનલની એન્કરે જે રીતે વિદેશી શિક્ષણ સંસ્થામાં પ્રૉફેસર બનવા અંગે પોતાની સાથે છેતરપિંડી થઈ છે એ વાત જાહેર કરતાંની સાથે જ એની મૂર્ખામીના પુરાવા સામે આવ્યા ત્યારે આપણને વિચાર જરૂર થાય કે આ લેવલના આઇક્યુ ધરાવતા લોકોને ન્યૂસ ચેનલ્સ આટલી મોટી જવાબદારી કેવી રીતે સોંપી દેતા હશે?

તો કરવું શું? આજના સમયમાં આપણી પાસે કોઈ પણ સમચાર કે ઘટના પ્રત્યે વિશ્વાસ વ્યક્ત કરવા માટે ફક્ત એક જ ઉપાય છે. આ ઉપાય એ છે કે જે કોઈ પણ સમાચાર પ્રત્યે તમને વિશ્વાસ ન કરવાનું મન થાય અથવા તો ઓછો વિશ્વાસ થાય તો પછી જ્યાંથી આ સમાચાર આવ્યા છે તેના સિવાયના બીજા બેથી ત્રણ અન્ય સોર્સ પર જઈને તેને કન્ફર્મ કરવા. જો આવું વારંવાર કરશો તો સમય જતાં તમને તેની આદત થઈ જશે અને પછી સાચા-ખોટા સમાચારની પરખ આપોઆપ થવા લાગશે.

માહિતીના બૉમ્બ પર બેઠા હોઈએ એવા સમયે આપણે ઉપર કહેલી એક નાનકડી કાળજી આપણને જ ઘટના પ્રત્યે વિશ્વાસ કરવામાં મદદ કરશે. નહીં તો કોઈ સેલીબ્રીટીના અવસાનના કે દુર્ઘટનાના સમાચાર ખોટેખોટા વોટ્સએપ પર ફેરવીને નાહક આપણે જ બદનામ થઈ જઈશું.

**સિદ્ધાર્થ છાયા**

# મસ્ત પપ્પા

- અમિત મહેતા



પપ્પા એટલે હરિવિલાસ વાસુદેવ મેહતા (૧૫/૧/૩૦ થી ૧૧/૨/૨૦૧૩) મોટાભાઈ-બેનના હોનહાર દીકરા વહાલા કાકા નહિ, પણ મિત્ર, સારા કાકા, ભાઈ નહિ, પણ બે શરીર એક આત્મા. બાફોઈ બામાસીના લાડકા, બેન (મમ્મી) માટે ભગત અને અમારા માટે પપ્પા અને માત્ર પપ્પા જ. તખ્તાના દિગ્ગજ કલાકાર, આજીવન વિદ્યાર્થી અને આજીવન શિક્ષક, ગાયત્રીના ઉપાસક, નાતના અદના સેવક, શનિ મને નહિ હું શનિને નડું એવી લડાયકતા ધરાવનાર મારા પપ્પા વિશે કેવી રીતે ઓળખાણ આપું? તેમના તખલ્લુસ ''મસ્ત'' જેમ જ અમારા માટે મસ્ત પપ્પા.

ગાયત્રીના ઉપાસક, નાતના અદના સેવક, શનિ મને નહિ હું શનિને નડું એવી લડાયકતા ધરાવનાર મારા પપ્પા વિશે કેવી રીતે ઓળખાણ આપું? તેમના તખલ્લુસ ''મસ્ત'' જેમ જ અમારા માટે મસ્ત પપ્પા


દાદાજી વિજયનગર (પોળોનાં જંગલો પાસે)ના દીવાન અને બાદમાં ન્યાયતંત્રમાં કામ કરતા હોવાથી પપ્પા ચંદન પોળમાં, તેમના કાકા એટલે કે વહાલા કાકા સાથે નડિયાદ રહેતા. કાકાએ લાડથી ઉછેર્યા અને જ્યારે મોટાભાઈ (પિતાજી)એ તેમને ટોક્યા તો તુર્ત જ ભાન થયું અને માત્ર ૧૭ વર્ષની ઉંમરે નડિયાદ છોડી અમદાવાદ ચાલ્યા. ચાર મિત્રોની જોડી આરસીટીઆઈમાં ભણતા અને ચંડોળા પાસે ક્યાંક રહેતા. કાચો કુંવારો છોકરો એટલો સ્વમાની કે કોઈને તકલીફ ના કહે અને પૈસા ના માંગે. દિવસે ભણતા - કેલિકો મિલમાં એપ્રેન્ટિસશિપ કરતા અને રાત્રે પી. ખરસાણી - પી. ખરસાણી નહોતા ત્યારે તેમની સાથે માંડવા બાંધી પૈસા કમાતા. આમ જ નાટકનો શોખ વધ્યો અને જન્મથી જ ચિત્રકલાની અનોખી દેન. તે આધારે નડિયાદ આવી એસ. ટી. વર્ક શોપમાં પેઈન્ટર વિભાગમાં નોકરી કરી. દાદાજી રિટાયર્ડ થયા ત્યારે તેમની સાથે રહેવાનું થયું અને દાદાજીએ નાડ પકડી. પપ્પાની ભાષામાં વકીલે ડંડો ખખડાવતાં કહ્યું, નાગરનો છોકરો આમ કરે તે ના ચાલે સારાકાકાને ઈંગ્લિશના ટીચર તરીકે નોકરી મળી ત્યારે તેમણે શરત કરી કે મારા ભાઈને ચિત્ર શિક્ષક તરીકે નોકરી આપો તો જ હું નોકરી કરું અને તે સમયે ઈંગ્લિશના ટીચરો ના મળતા હોવાથી

પપ્પાએ તાજપુર અને પ્રાંતિજના શિક્ષક તરીકે નોકરી કરી. ચિત્ર શિક્ષક હોવા છતાં ગુજરાતી અને સમાજશાસ્ત્રના મુખ્ય શિક્ષકનું પદ મેળવ્યું.

દિગ્ગજ કલાકારઃ પપ્પાને નાનપણથી જ વિવિધ લલિત કલાઓમાં રસ. શાળામાં ૭ કે ૮ વર્ષની ઉંમરે ''હિંગ કિંગ છૂટ''થી શરૂ થયેલ તેમની સફર કિશોર અવસ્થામાં ઝળકી ઊઠી. નાગરી નાતના ''રાયજી સાહેબ'' નાટકમાં મુખ્ય કલાકાર ડાયલોગ ભૂલ્યા તો આ નાના કિશોર હરિવિલાસે શીઘ્ર ડાયલોગ બનાવી નાટક આગળ ચલાવ્યું. પી. ખરસાણી, દિના પાઠકના ''મેના ગુર્જરી''ના અનેક શૉ જોયા, હરિ ઝરીવાલા - સ્વ. સંજીવકુમાર અને રમેશ દેવના મરાઠી નાટક લગ્ના ચી બેડી પરથી ગુજરાતીમાં ''લગ્નની બેડી''થી શરૂ થયેલી સફર. ''વકીલ સાહેબ વીફર્યા - પિતાનાં પ્રણય લગ્ન - દક્ષિણા દસ મિનિટ, એક અંધારી રાત જેવાં નાટકો કર્યાં, ''પલ્લવી પરણી ગઈ'' લેખક દુર્ગેશ શુક્લ ''દુનિયાને ઊંધાં ચશ્માં'' તેમના શિરમોર નાટક તારક મેહતા પણ આ નાટક માટે પપ્પા પાસે રૉયલ્ટી ના લેતા. નાનપણમાં પપ્પા અને તારક મેહતા સરદાર પટેલ - તે સમયની ગવર્મેન્ટ સ્કૂલમાં સાથે ભણતા. ''સરસ્વતીચંદ્ર''ને તખ્તા પર લાવી તેઓએ એક ક્રાંતિ સર્જી. યશવંત શુક્લ, માર્કંડ ભટ્ટ, અનન્તરાય રાવલ, બકુલ ત્રિપાઠી પપ્પાની પ્રતિભાથી અંજાયા. માત્ર ત્રણ વ્યક્તિએ જ આ પ્રયોગ કરેલો - ગોવિંદ સરિયાં - વિનોદ અધ્વર્યુ અને હરિવિલાસ મેહતા - માત્ર પપ્પાએ એટલે કે હરિવિલસ મેહતાએ જ ચાર ભાગ રસિક રીતે વણી લીધા હતા, આ નાટકમાં પપ્પાએ તન-મન-ધન વહાવ્યું અને નામના મેળવી. કલા ક્ષેત્રે સરસ્વતીચંદ્ર તેમનું માનસ સંતાન હતું. ઍર-કન્ડિશન્ડ થીએટરમાં નાટક હોય કે આશાપુરી નજીક સ્કૂલના ચોતરા પર પ્રેક્ષકો પોતાના કોથળા લઈ નાટક જોતા - પપ્પા એકસરખા આનંદથી નાટકમાં ઓતપ્રોત થતા.

**આપકર્મી - અડગ મનોબળ**

જીવનની શરૂઆતમાં એક શિક્ષક અને શિક્ષિકાની આફ્રિકા જરૂરિયાત હતી અને કુટુંબી કાકા ત્યાં ટ્રસ્ટી હતા માત્ર મોટાભાઈ-બેન એટલે કે પપ્પાનાં માતાપિતાને ખાનગી વાત કરતાં સાંભળ્યા અને આફ્રિકા ના ગયા. બાફોઈના લાડકા હોવાથી નડિયાદ ચંદન પોળમાં આવેલ બાફોઈનું તેમણે મકાન પપ્પાના નામે કર્યું હતું. આ કુટુંબમાં કંઈ હું એકલો નથી કહી ધરાર મકાન ના લીધું અને મરણ પર્યંત પરવા ના કરી કે અમને કરવા દીધી એ મકાનનું શું થયું? અમદાવાદમાં પપ્પાના મિત્ર ઠાકોર કાકા સાથે મળીને એક આઈસફ્રૂટ (ફ્લેવરવાળી કેન્ડી)ની ફૅક્ટરી સરખા ભાગે કરી હતી. બે મિત્રો વચ્ચે શું થયું ખબર નથી, પણ કોઈ પણ જાતનો ભાગ લીધા સિવાય નીકળી ગયા. બાદમાં તો તેમાંથી એક ટી.વી.ની મોટી ફૅક્ટરી બની અને બીજા વ્યવસાયો થયા, પણ આજની ઘડી ને કાલનો દિવસ ફરી એ બાજુ જોયું નથી. અમને છોકરાઓને કોઈ માહિતી પણ ના આપી - ભવિષ્ય તમે પાછા ભાગ માંગો તો? પાછા બંને મિત્રો ૨૫ વર્ષ પછી પહેલા જેવા સંબંધો થયા, પણ એ વાત તો પપ્પાએ કરી જ નહિ. નડિયાદ વિઠ્ઠલ કન્યા વિદ્યાલયમાં રાજકારણને



લીધે નોકરી ગઈ, તે વખતના શિક્ષણપ્રધાન ગોરધનદાસ ચોખાવાળા ત્યાં રોકાયા હતા અને કૈંક થયું હતું. એ જ સંસ્થાના અધ્યાપન મંદિરમાં નોકરી આપી તો ધરાર ના લીધી, નજીકના સારસા ગામ એ જ સંસ્થામાં નોકરી આપી પણ ના લીધી તે ના જ લીધી. જોકે સારાકાકા ઘનશ્યામ વાસુદેવ મેહતાએ પણ નડિયાદ ઘર અથવા પૈતૃક સંપત્તિમાં એક ફૂટી કોડીની આશા નથી રાખી એક સમયે કર્મની કઠણાઈથી દેવું થયું હતું. બૅન્ક-ખાનગી લેણદારોનું ખૂબ વ્યાજ આપવું પડતું- પપ્પામમ્મીનો મોટા ભાગનો પગાર વ્યાજમાં જ જતો. ઘર ચલાવવાની તકલીફ - સ્વ. મનુકાકાએ મારી પાસેથી પૈસા લઈ જા - સગવડે આપજે એમ કહ્યું, પણ વિવેકથી અસ્વીકાર કરી મને શીખ આપી સખત મહેનત કરવી કોઈ પાસે પૈસા ન લેવા. એમાંય ફરવા માટે કે શોખ માટે બૅન્ક સિવાય કોઈની મદદ ન લેવી. સૌજન્ય સ્કૂલમાંથી ઉત્તર ભારતની ટુરમાં હું ને નંદિની કોઈ અન્ય વિદ્યાર્થીઓના નામે ગયા હતા, પૈસા ભરવાના નહોતા છતાંય પપ્પાએ ધરાર વધુ પૈસા ભર્યા હતા. હાટકેશ્વર મહાદેવનું અને પોળના ઘરમાં સાથે રીનોવેશન થતું હતું. બધો સમાન સાથે આવતો છતાંય એક સિમેન્ટની થેલી - એક ટાઇલ્સ કે એક ઈલેક્ટ્રિક કેબલનું પૅકેટ ઘરમાં નથી વપરાયું. પપ્પા તો ગમ્મત કરતા કે મારું દેવું વહેલું પતે છે કે હાટકેશ્વર દાદાનું?

**આજીવન શિક્ષક - આજીવન વિદ્યાર્થી**

જીવનના અંતિમ દિવસે પણ મને કૈંક શિખવાડ્યું હતું - થોડા દિવસ સાથે રહ્યા બાદ મારે સાંજે ઑસ્ટ્રેલિયા પરત આવવા નીકળવાનું હતું અને બપોરે જમીને શ્વાસ છોડ્યા હતા. આ ઉપરાંત બંને પુત્રવધૂઓ રત્ના અને લીમીશા, પ્રપૌત્રો ઉદ્‌ભવ-અનોખી અને પર્જન્ય માટે દાદાજી શ્લોક-ચિત્ર-ક્રિકેટ-માથું ઓળવું-સાડી ને બદલે સ્કર્ટ પહેરી કાઇનેટિક પર બહાર જવુંથી માંડીને પ્રાંતિજ, મહેમદાવાદ, નડિયાદ, ધોળકા, ડાકોર, સુરતના અનેક વિદ્યાર્થીઓ, નાટ્યકલાકારો, ડૉકટરો, અનેક સ્ટાફ માટે પપ્પા બાળક, કિશોર, યુવા, સમવયસ્ક, પ્રૌઢ, વડીલ મિત્ર અથવા બહેનપણી હતા. નડિયાદના ડૉ. બી. કે. શાહનું નામ કેમ ભુલાય?

મારા અને નંદિનીના જન્મ પછી ડી.ટી.સી, હું સેકન્ડરી ભણતો અને હસિત પ્રાઈમરી સ્કૂલમાં ત્યારે ડી. એમ. અને હું યુનિ.માં ભણતો ત્યારે એ. એમ.ની પરીક્ષા આપી. રિટાયર્ડ થયા પછી અમને ભાઈઓને રોજ ગુજરાત સમાચારમાં કવર પહોંચાડવામાં માણસો ના મળતા, તો આખી સિસ્ટમ સમજી એ કામ કર્યું. હૉસ્પિટલમાં પણ અમને મદદ કરવા આખા

એડમિનિસ્ટ્રેશનથી માંડીને ગ્રાન્ટની બધી જ વિધિ શીખ્યા.

ગાયત્રી અને હાટકેશ દાદાના અનન્ય ભક્ત-પણ અંધશ્રદ્ધા નહીં ''શનિ મને નહિ હું શનિને નડું'' એવો લડાયક મિજાજ.

ગાયત્રીના પરમ ઉપાસક - દરરોજ દ્વિકાળ સંધ્યા કરતા. અમે દર વર્ષે હરદ્વાર જતા તો ટ્રેનમાં કોટા સ્ટેશને ડોલ લઈને નહાતા અને ૪ વાગે એટલે સંધ્યા કરતા. આવી જ રીતે ગમે તે પરિસ્થિતિમાં સંધ્યા ગાયત્રી કરવાનું ચૂકતા નહિ. કાયમ ગાયત્રીનું પુરશ્ચરણ કરતા. એક વખત ધ્યાન ના રહેતું અને બીજા વિચારો આવતા તો પૂજાની બાજુમાં એક પાટલા પર ધારિયું બાંધ્યું હતું અને આજે નિયમ પ્રમાણેના મંત્રો ધ્યાનથી ના થાય તો જીવ આપી દઈશ એવો નિયમ કરેલો. ત્યારથી બેન એટલે કે મારી મમ્મી તેમને ભગત કહીને બોલાવતી. અંબાજીમાં રાત્રી પૂજા અને થાળમાં સંપૂર્ણ પવિત્રતા જાળવતા અને અમને પવિત્રતા અને સ્વચ્છતાનો ભેદ સમજાવેલો. નાત માટે તો લોહી રેડ્યું છે, પતરાવાળી વાડીમાંથી નવી આધુનિક વાડી બનાવી વાસણો વસાવ્યાં અને પારદર્શક વહીવટ કર્યો. નંદિની ૧૨મામાં નાપાસ થઇ તો સીધા સિનેમા જોવા લઈ ગયા. હસિતને સાયન્સમાં સફળતા ના મળતાં હીર પારખી ગુજરાતીમાં ભણવા ઉત્સાહિત કર્યો. મેં એકવાર સાયન્સ કૉલેજમાં પ્રિન્સિપાલની ઑફિસમાં બૉમ્બ ફોડેલો અને મને પરીક્ષામાં શૂન્ય માર્ક આપેલો. મેં ઘરે કહ્યું નહોતું, પણ કૉલેજમાંથી કાગળ આવેલો મને ખ્યાલ પણ નહોતો. માત્ર છ મહિના પછી દિવાળી સમયે ''અમિત તને તો બૉમ્બ ફોડવાનો બહુ શોખ છે આજે કેમ નથી ફોડતો કહી માત્ર આડકતરો ઈશારો કરેલો.''

અમે કોઈ પણ ભાઈબહેનને રાત્રે ઊલટી થાય કે કુદરતી હાજતે જવું હોય તો પપ્પાને જ ઉઠાડતા. આજે પણ દિવસમાં અનેક વખત પપ્પા યાદ આવે છે અને દલપતરામની પિતા વિષેની કવિતા સાંગોપાંગ મારા પપ્પામાં જોઉં છું કુટુંબ ભાવના એવી કે મોસાળ પક્ષ કે દાદાજી તરફ એક સરખો વ્યવહાર.. સારા કાકા એટલે કે મારા કાકા- પપ્પાના એક બોલ પર ડભોઈથી રિહર્સલ કરવા બસમાં ટીપાતા પોતાના પૈસે નડિયાદ આવતા. અમારા માટે ૨૫ રૂપિયાનું અને ચિન્મય ફાલ્ગુની ભાર્ગવ માટે ૮૫ રૂપિયાનું દારૂખાનું લાવેલા. બેને કકળાટ કર્યો તો જીવનની અધવચ્ચે જીવનસંગિનીનો સાથ છોડવાનું દુઃખ સામે પૈસા કઈ નથી એમ કહેલું.

આ સમયે મને દલપતરામની પિતાજી વિષેની બે પંક્તિ યાદ આવે છે

ચડી છાતીએ જે ઘડી મૂછ તાણી ,<br>
કદી અંતરે રીસ આપે ન આણી<br>
કહ્યું મેં મુખે તે કર્યું હા જી હા જી ,<br>
ભલા કેમ આભાર ભૂલું પિતાજી?<br>
''મને સારી શિક્ષા શિખાવી સુધાર્યો-<br>
વળી આપી વિદ્યા વિવેકે વધાર્યો<br>
ભલી વાત ના ભેદ સીધા દીધાજી-<br>
ભલા કેમ આભાર ભૂલું પિતાજી ?

**- અમિત મહેતા**

# આશીર્વાદ

– અરુણ માંકડ



પિતાશ્રી મહેસૂલ ખાતામાં હતા ત્યારે તેમની પ્રામાણિકતાની ઊંડી છાપ કચેરીમાં હતી. ક્યારેય કોઈ ખોટું કામ કરવું નહીં ને કોઈ પાસે લાભની અપેક્ષા રાખવી નહીં તેવો તેમનો સિદ્ધાંત હતો

'પપ્પા એક અને અજોડ', પિતાશ્રી વિશે શબ્દોમાં આલેખવું કઠિન છે. અગણિત છે ઉપકાર જેના એવાં માતાપિતાનાં ઋણનું શબ્દોમાં વર્ણન થઈ જ ન શકે. આમ તો માતાપિતા સંતાનના ઉછેર, સંસ્કાર, જીવનઘડતર વગેરે સાથે મળીને જ કરે છે, પરંતુ ખાસ કરીને સંતાનના સંસ્કાર, અભ્યાસ, આર્થિક જરૂરિયાત, નોકરી-વ્યવસાય વગેરેમાં પિતાનો ફાળો મોટો હોય છે.

મારી પોતાની અંગત વાત કરું તો પિતાશ્રીના વર્તન-વ્યવહાર અને તેમના તરફથી મળેલા સંસ્કારની ઊંડી છાપ મારા પર આજ સુધી પડેલી છે. ધર્મ પ્રત્યેની આસ્થા, નિયમિતતા, સમયપાલન, પ્રામાણિકતા, ઉદારતા, કરકસર – બચત, સ્વમાનીપણું વગેરેને તેમના આશીર્વાદથી અનુસરું છું.

પિતાશ્રી સ્વભાવે પ્રવૃત્તિશીલ હતા. તેઓ સરકારી



નોકરી મહેસુલ ખાતામાંથી (૧૯૬૮)માં નિવૃત્ત થયા પછી પ્રવૃત્તિમય રહેવા માગતા હતા તેથી ત્યાર પછી ૧૦ વર્ષ સુધી શિક્ષક તરીકે ખાનગી શાળામાં નોકરીમાં જોડાયા, તે સમયે મેં હજુ કૉલેજ પ્રવેશ કર્યો હતો એ રીતે પણ પિતાશ્રીએ નોકરીમાં જોડાવાનું ઉચિત માન્યું.

પિતાશ્રીને ધર્મ અને ઈશ્વર પ્રત્યેની આસ્થા ખૂબ જ હતી. પૂજા-પાઠ ને ઈશ્વર આરાધનાની અમારા પર નાનપણથી જ અસર રહી હતી. આપણી નિયમિત બોલાતી સ્તુતિઓ નાની વયથી જ કંઠસ્થ થઈ ગઈ હતી.

પિતાશ્રી નિયમિતતાને સમયપાલનના ખાસ આગ્રહી હતા. કચેરી કે કોઈ પ્રસંગે બહાર જવાનું હોય -તે ૧૦ મિનિટ વહેલા જ તૈયાર હોય. આ બાબત અમારી પણ ટેવ બની ગઈ છે.

પિતાશ્રી મહેસૂલ ખાતામાં હતા ત્યારે તેમની પ્રામાણિકતાની ઊંડી છાપ કચેરીમાં હતી. ક્યારેય કોઈ ખોટું કામ કરવું નહીં ને કોઈ પાસે લાભની અપેક્ષા રાખવી નહીં તેવો તેમનો સિદ્ધાંત હતો.

પિતાશ્રીની મહત્ત્વની વાત કરકસર અને બચતની હતી. તે સમયે પગાર ટૂંકા હતા. જરૂરી ખર્ચ અવશ્ય કરવો, પરંતુ ખોટા ખર્ચ ક્યારેય ન કરવા. તેવી ટેવ અમને પડી છે. આમ કરવાથી આપોઆપ બચતની ટેવ પડે. કરકસર કરવાથી બચતને ઉત્તેજન મળે, તેવું તેમનું માનવું હતું. આ બાબત આજે અમારા માટે આશીર્વાદરૂપ છે.

પિતાશ્રી અમારા અભ્યાસ માટે સતત જાગૃતિ રાખતા. નક્કી કરેલું પરિણામ લાવવા સખત મહેનત કરવી જોઈએ તેવું તેમનું શિક્ષણ પ્રત્યે હતું. તેમણે નાનપણમાં નોકરી મળતાં અભ્યાસ અધૂરો મૂકેલો, પરંતુ જ્યારે નોકરીમાં પ્રમોશનની વાત આવી ત્યારે ૪૦ વર્ષે મેટ્રિક પાસ કરી. તેવો દાખલો અમારા પર બેસાડ્યો જેને કારણે અમે ઉચ્ચ અભ્યાસ કરી શક્યા.

સ્વાસ્થ્યની બાબતમાં પિતાશ્રી વિશેષ કાળજી રાખતા. મહેસૂલ ખાતાની નોકરીમાં પ્રવાસનો પણ સમાવેશ થતો. તેથી સ્વાસ્થ્ય જાળવણી માટે ખાન-પાનનું ખાસ ધ્યાન રાખતા. સામાન્ય તાવ-શરદી જેવામાં ઘરગથ્થું ઉપચારથી ચલાવી લેવાની શીખ આપી છે. પિતાશ્રીને કોઈ મોટી બીમારી થઈ હોય તેવું યાદ નથી.

નોકરી પ્રત્યેની નિષ્ઠા ને સમયપાલનને કારણે પિતાશ્રી નોકરી સ્વમાનથી કરતા. કોઈને કાંઈ કહેવાપણું ન રહે તેવું ખાસ ધ્યાન રાખતા. તેમની નિવૃત્તિ પછીની શિક્ષકની નોકરી દરમિયાન શાળા સંચાલકે કાંઈ ખોટું કરવાનું કહ્યું તો પિતાશ્રીએ સ્પષ્ટ ના પાડી – જ્યારે સંચાલકોએ કામ કરવા દબાણ કર્યું તો રાજીનામું ધરી દીધું. પિતાશ્રીના કામથી સંતુષ્ટ હોવાથી સંચાલકો નરમ પડ્યા. આમ નોકરી કરવી તો સ્વમાનથી કરવી તેવી શિખામણ આપતા.

આ રીતે પિતાશ્રી તરફથી મળેલા શ્રેષ્ઠ સંસ્કારોને સ્મૃતિમાંથી જેટલા ઢંઢોળીએ તેટલા ઓછા છે. તેમના પ્રત્યેનું ઋણ જેટલું ચૂકવીએ તેટલું ઓછું છે.

હા, એટલું ખરું કે આજે અમો એમના આશીર્વાદથી આનંદથી રહીએ છીએ. આજ દિવસ સુધી કોઈ તકલીફ કે મુશ્કેલી અનુભવી નથી.

આજે એ વાતનું મને ગૌરવ છે કે પિતાશ્રીના આ સંસ્કારોને અનુસરતાં, મારા પુત્રો પણ મને જોઈને અનુસરવા પ્રયત્ન કરે છે.

**– અરુણ માંકડ**

# મારા પપ્પા મારા ભગવાન

– ઉત્તંક વોરા



પપ્પાના દરેક શાસ્ત્રીય સંગીત (તારશરણાઈ વાદન)ના કોન્સર્ટસ અને લગભગ દરેક નાના મોટા સંગીતકારોનાં ફિલ્મ/ટેલીવિઝન ક્ષેત્રના રેકર્ડિંગ્સમાં હું ગયો છું. ખૂબ શીખવા મળ્યું છે

અતિ ક્રોધી, અતિ જ્ઞાની, અતિ કર્મઠ, અતિ સંવેદનશીલ, અતિ લાગણીશીલ, અતિ પ્રેમાળ અને ભોળા એવા મારા સાક્ષાત હાટકેશ્વર મહાદેવ એટલે વિનાયકરાય નાનાલાલ વોરા – મારા પપ્પા.

સ્વર્ગસ્થ નથી લખતો કેમ કે ભગવાન માટે ન વપરાય.

પપ્પાએ જિંદગીભર રેડીઓ સ્ટેશનમાં નોકરી કરી. ગવર્નમેન્ટ જૉબમાં બદલી થયા કરે એટલે પ્રમોશન લીધું જ નહીં, તો જ નીરજ અને હું અમારી પસંદના ક્ષેત્રે આગળ વધી શક્યા.

નાનપણમાં સવારે ૭ વાગે ઊઠીને મને અને નીરજને ઉઠાડે. નીરજ બેડરૂમમાં પાછો સૂવા જતો રહે. હું તાનપુરો સાફ કરી ટ્યુન કરી પપ્પાની સૂચના પ્રમાણે ગાવાની પ્રૅક્ટિસ કરવા બેસી જાઉં. પપ્પા મને તૈયાર થતાં-થતાં શિખવાડે. ૮.૩૦-૯.૦૦ વાગ્યા સુધી ઑફિસ માટે નીકળી જાય, પણ હું ૧૦.૩૦-૧૧.૦૦ વાગ્યા સુધી પ્રૅક્ટિસ કરું, મને ગમતું. જો બાકી કંઈ કામ ન હોય તો આખો દિવસ પણ કરું.

એમણે કોઈ દિવસ રાગોની બુકિશ ટેક્નિકાલિટીઝ પર જોર નથી કર્યું, પણ રાગોનું ભાવજગત, એનું ચલન (દરેક રાગનું એક વિશિષ્ટ ચલન એટલે કે ગાવાનો ફિક્સ રસ્તો, જો ચૂકી જાઓ તો રાગ બદલાઈ જાય), એની વિશેષતા સમજાવે. એમના ક્રોધનું કારણ પણ એ જ કે તમને આટલું પણ સમજાતું નથી? તમારી કાબેલિયત પર જો એમને ભરોસો હોય તો જ ગુસ્સો કરે. એટલે જ હું કોઈ પણ પ્રકારનું સંગીત, સ્વરાંકન દ્વારા ત્વરિત રચી શકું છું ને કોઈ પણ દૃશ્યનો ભાવાર્થ કોઈ પણ ભાષામાં સમજાઈ જાય, ત્વરિત સ્વરાંકનપણ થઈ જાય. ઘણી વાર તો દૃશ્યમાં આગળ શું થશે એ પણ જાણી જવાય.


એક વાર કંઈ શિખવાડવા માટે ગાય ને તમે પકડી ન શકો તો પાછું એ જ ન ગાય કંઈ બીજું આવે. અસ્ખલિત સર્જનાત્મકતા. મને પણ આવી જ ટેવ પડી છે. હવે

ધંધાદારી ગાયન કોઈ ને ગવડાવવું હોય તો આ નડે, પણ એટલે જ હું ખૂબ જ તૈયાર ગાયક/ગાયિકા કે વાદ્યકારને જ બોલાવું (સ્ટુડીઓમાં હું કંઈ શિખવાડવા નથી બેઠો) જે તરત ગ્રાસ્પ કરી લે.

એમના લગભગ દરેક શાસ્ત્રીય સંગીત (તારશરણાઈ વાદન)ના કોન્સર્ટસ અને લગભગ દરેક નાના મોટા સંગીતકારોનાં ફિલ્મ/ટેલીવિઝન ક્ષેત્રના રેકર્ડિંગ્સમાં હું ગયો છું. ખૂબ શીખવા મળ્યું.

નાનો હતો ત્યારે લોકો કહેતા કે મને આજે પપ્પા તેમની દુકાને લઈ ગયા હતા તો કોઈક કહે કે ઑફિસે લઈ ગયા હતા, તો હું પણ ખૂબ જ ગર્વથી કહેતો કે હું પણ પપ્પા જોડે સ્ટુડિયોમાં કે ક્લાસિકલ કોન્સર્ટસમાં ગયો હતો.

હું બહુ નાનો હતો ત્યારે મને અને નીરજને એક વાર ૪ લિમિટેડ નંબરની ડબ્બલ ડેકર બસમાં બેસાડ્યા ને રેડીઓ સ્ટેશનની બાજુમાં જ આકાશવાણીનું થીએટર હતું એમાં કોઈ ફિલ્મ જોવા લઇ ગયા. પછી તો અવારનવાર હું અને નીરજ એકલા જતા થયા. બસમાં ઉપરના માળે એકદમ પેહલી સીટ પર બેસવા માં ખૂબ મજા આવતી. ખુલ્લી બારી, ડ્રાઇવરની ઉપરની જ સીટ ને કારણે જાણે પોતે ચલાવતાં હોઈએ એવું લાગે. ફિલ્મ પછી એમની (રેડીઓ સ્ટેશન)ની ઑફિસમાં જઈએ ત્યાં એમની સાથે કામ કરતા લોકો જોડે પપ્પાનો અલગ જ અવતાર જોવા મળે. એ લોકોની વાતોમાં ઈર્ષા, બળતરા ને અભિમાન એવા ટિપિકલ ભાવ સાંભળવા મળતા. એકબીજાને હેલ્પ પણ બહુ કરે જેમ કે ફિલ્મનાં રેકર્ડિંગ્સ માટે ઘણી વાર રેડીઓ સ્ટેશનથી સીધા જવું પડે તો એમનું કામ બીજા



સંભાળી લે, ને પપ્પા પણ એમનું કામ કરી આપે. એ લોકો મને જાણીજોઈને સંગીતને લગતા અઘરા પ્રશ્નો પૂછે, પણ મારા જવાબો સંભાળીને એમનાં મોઢાં પડી જતાં એ જોઈ પપ્પા મારી સામે જોઈને માર્મિક રીતે હસે.

મને અને નીરજ ને બધા કહે, 'તમારી હ્યુમર બહુ સારી છે.' અમે કહેતા કે પપ્પામાંથી આવી છે. મારી ઓળખાણ કરાવે તો પપ્પા કહે, 'આ મારો દીકરો છે.' પછી કહે કે મારાથી નાનો છે. મને કોઈ પૂછે કે નીરજ તમારાથી મોટો કે નાનો? હું કહું કે ઉમરમાં મોટો.

પપ્પાની અતિ ઊંડાણવાળી રાગ વિસ્તાર, રાગ ચલનની સમજને કારણે ઘણા મોટા મોટા શાસ્ત્રીય સંગીતકારો મળવા આવતા, જાણવા કે ફલાણા રાગમાં ફલાણો સ્વર લેવાય કે નહિ કે કેવી રીતે લેવો, એનું ચલન કેવું છે વગેરે વગેરે.

મને આ બધું જ સાંભળી ને ઊંડું ઊતરી ગયું છે. સંગીત શીખવામાં અડધોઅડધ ભાગ સાંભળવાનો હોય છે. જેમ ભગવાન શ્રીકૃષ્ણએ અર્જુનને ગીતા સંભળાવી સાચો માર્ગ/ધર્મ બતાવ્યો હતો એમ જ મારા માટે મારા પપ્પા હંમેશા હાજરાહજૂર હોય છે.


**– ઉત્તંક વોરા**

# મારા પપ્પા..

– ઋતંભરા છાયા



મારા પિતા એટલે નિયમિતતા અને ચોકસાઈનો પર્યાય. પોતે શિસ્તમાં રહે અને કુટુંબને પણ રાખે. સમયનો સદુપયોગ કરે અને કરાવે



"તમારા પપ્પા વિશે કંઈક લખો.. એમ કોઈ કહે, તો મને એમ લાગે છે કે અક્ષરો ઓછા નહિ પણ આછા પડશે. ગાગરમાં સાગર સમાવવા જેવી વાત છે. પિતા એટલે કુટુંબનો સ્તંભ-(pillar). એ હંમેશાં મજબૂત જ હોવો જોઈએ. જેટલા પિતા મજબૂત એટલાં સંતાનો મજબૂત! કારણકે આપણે જે જોઇએ છીએ એ જ અનુસરીએ છીએ.

મારા પિતાશ્રીનું નામ ઈશ્વરપ્રસાદ શિવપ્રસાદ જોષીપુરા. અટપટું નામ અને તેવું જ વ્યક્તિત્વ. મારા પિતા એટલે નિયમિતતા અને ચોકસાઈનો પર્યાય. પોતે શિસ્તમાં રહે અને કુટુંબને પણ રાખે. સમયનો સદુપયોગ કરે અને કરાવે.

નિયમિત સવારે પાંચના ટકોરે ઊઠે અને સાડા પાંચને ટકોરે ખાદીધારી ગણવેશ, માથે સફેદ ટોપી અને હાથમાં લાકડી સાથે ઘરની બહાર! નિયમિત રીતે ચાલવા જવાનું જ. ટાઢ હોય તો ગરમ કપડાં અને વરસાદ હોય તો છત્રી લઈને પણ પરોઢની સુંદરતા માણવા નીકળી જ પડે. સમયના એટલા ચોક્કસ કે સવારના ચાલીને પાછા ફરે ત્યારે કૉલોનીમાં બધાં ઘડિયાળ મેળવી લે. બરાબર ૬:૪૦ વાગ્યે ફરીને ઘેર આવી જાય.

આજે તેઓ હયાત નથી, પણ પાડોસીઓ યાદ કરે જ કે ટાઈમિંગમાં જોષીપુરા સાહેબને કોઇ ના પહોંચે.

ભગવદ્ગીતામાં વિશ્વરૂપ દર્શન વેળાએ પિતા અને ગુરુના પદને એક જ ગણાવ્યા છે. મારા પિતા પ્રથમ મારા ગુરુ હતા. માતુશ્રીએ ભલે મને પા પા પગલી શિખવાડ્યું પણ પગ ઉપર ટટ્ટાર તો પિતાએ જ કરી. મારા પિતાશ્રી ભારતીય ભાષાના ચાહક અને ભાવક હતા. કૉલેજમાં પ્રૉફેસર

હતા. ગુજરાતી, સંસ્કૃત અને અંગ્રેજીમાં રસપ્રદ શૈલીમાં લેક્ચર આપતા. ભાષાશુદ્ધિના ચોક્કસ આગ્રહી હતા. ગુજરાતી ભાષાના લખાણમાં કોઈ પણ પ્રકારની નાની મોટી ભૂલ ચલાવતા નહિ. મારી સ્કૂલની નોટ બરાબર તપાસતા અને ભૂલો સુધરાવતા. આ એમની ચોક્સાઈનો ગુણ મને આજે પણ સ્પર્શે છે, કારણકે સ્કૂલ પૂરી થઈ, કૉલેજ પૂરી થઈ અને હું પરણી ગઈ તોપણ આ સિલસિલો ચાલુ રહ્યો હતો! મારાં લગ્ન થયાં ત્યારે ટેલિફોન કે મોબાઈલ નહોતા. એટલે પત્રવ્યવહાર જ વધુ થતા. હું મારા પિતાશ્રી સાથે વાતચીતની બાબતમાં વધારે નજીક હતી. તેમની સાથે વાતોનો દોર બહુ લાંબો ચાલતો. પરણ્યા પછી પત્રવ્યવહારમાં પણ કૌટુંબિક, સામાજિક, વ્યવહારિક, આર્થિક, રાજકીય અનેક વાતો ચર્ચાતી. પત્ર લખવામાં કોઈ જોડણીમાં ભૂલ હોય કે અનુસ્વારમાં ભૂલ હોય તો તરત જ વળતી ટપાલે જવાબમાં પહેલાં ભૂલો સુધરાવે પછી આગળ વાત વધે. કેટલો ભાષાપ્રેમ? કેટલી ચોક્સાઈ? અત્યારે યાદ કરીએ ત્યારે ખૂબ ગૌરવ થાય છે. તેમની સાથે હૃદયના એક ખૂણે એમ પણ થાય કે હું મારાં સંતાનો સાથે આટલી ચોક્સાઈ કેમ રાખી ના શકી? મારાં સંતાનો અંગ્રેજી માધ્યમમાં ભણ્યાં, પણ મારા પિતાશ્રીનો આગ્રહ કે ગુજરાતી લખતાં અને વાંચતાં તો આવડવું જ જોઇએ અને એટલે જ રક્ષાબંધન, દિવાળી અને પરીક્ષાઓ આવે ત્યારે મારાં બંને બાળકો ગુજરાતીમાં જ નાનાજીને પત્ર લખી પ્રણામ પાઠવતા.

ખરેખર મને ઈશ્વરભાઈના સંતાન તરીકે ઓળખાતાં ખૂબ જ ગૌરવ થાય છે. એમનાં વચનોની સ્નેહગંગા આજે પણ માર્ગદર્શક રહી છે. એવા પિતાશ્રીને ખૂબ ખૂબ વંદન.

**ઋતંભરા છાયા**

**વાચકોને...**

શું આપ નાગર મંજૂષામાં પોતાની કૃતિ/લેખ/રચના મોકલવા ઇચ્છો છો? તો...

૧. જ્ઞાતિબંધુઓને નમ્ર વિનંતી કે પોતાની કૃતિ સુઘડ અને સુવાચ્ય અક્ષરોમાં કોરા કાગળની એક બાજુએ લખી મોકલવી.

૨. કૃતિ મોકલનારે પોતાનું નામ, સરનામું, ઉંમર તથા ફોન નંબર કૃતિની નીચે જરૂરથી લખી મોકલવા વિનંતી

૩. કૃતિની પસંદગી તથા સંકલનની જવાબદારી સંપૂર્ણપણે તંત્રીની રહેશે.

૪. કૃતિ મોકલવાનું સરનામું :

**સુહાની દીક્ષિત**
સી-૧/૭૦૩, કેસર કૉ. ઑ. સોસાયટી, ચારકોપ, કાંદિવલી (વેસ્ટ), મુંબઈ - ૪૦૦૦૬૭.
મો. : ૯૮૨૧૩૧૮૯૦૫ ફોનઃ ૦૨૨ - ૨૮૬૯૨૧૫૦
ઈમેલ : editor@shrivadnagaranagar.org

**દીના વછરાજાની**
બી-હાર્મની, ચારકોપ વિલેજ, કાંદિવલી (વેસ્ટ), મુંબઈ - ૪૦૦૦૬૭.
ફોનઃ ૦૨૨ - ૨૮૬૮૨૨૯૭
ઈમેલઃ editor@shrivadnagaranagar.org

DISCLAIMER : **આ સામાયિકમાં પ્રકાશિત દરેક લખાણની જવાબદારી લેખકની પોતાની રહેશે.**

# પપ્પા એક અને અજોડ

- કેતકી મહેતા



વીરુભાઈ સ્વભાવે કુટુંબવત્સલ, રમૂજી અને શાંત સ્વભાવના હતા. ગાંધીજીના સિદ્ધાંતોથી પૂરેપૂરા રંગાયેલા અને જીવનમાં પણ ઉતારેલા. તેમણે મૃત્યુ સુધી ખાદી જ ધારણ કરેલી

સ્વ વીરેન્દ્રભાઈ - વીરુભાઈને નામે ઓળખાતા. તેમની સાત વર્ષની વયે માતા રસીલાબેનનું મૃત્યુ થતાં પિતાનું ઘર છોડી મોસાળ - મામાને ત્યાં ઊછર્યા. મોસાળમાં પ્રેમાળ હૂંફ તો મળી, પણ તે સમયે મેટ્રિક સુધીનો અભ્યાસ ઘણો કહેવાતાં રેલવેમાં નોકરીએ જોડાઈ જવું પડ્યું, ત્યાર પછી બૉમ્બે લાઈફમાં વર્ષો સુધી નોકરી કરી અને મુંબઈમાં ''બૉમ્બે લાઈફ ઈન્શ્યોરન્સ'' ''લાઈફ ઈન્શ્યોરન્સ કૉર્પોરેશન (LIC)'' બની તેમાં વર્ષો સુધી નોકરી કરી ત્યાંથી જ નિવૃત્ત થયા.

આર્થિક સ્થિતિ ઘણી સામાન્ય છતાં સંસારનું ગાડું ગબડાવે જતા, તેમાં પત્નીનો એટલે માતુશ્રી હન્સુબેનનો પૂરેપૂરો સાથ હતો.

વીરુભાઈ સ્વભાવે કુટુંબવત્સલ, રમૂજી અને શાંત સ્વભાવના હતા. ગાંધીજીના સિદ્ધાંતોથી પૂરેપૂરા રંગાયેલા અને જીવનમાં પણ ઉતારેલા. તેમણે મૃત્યુ સુધી ખાદી જ ધારણ કરેલી.

મારી સ્મૃતિમાં છે કે તેઓ હાર્મોનિયમ પણ સંગીતના વર્ગોમાં જોડાયા વગર વગાડી શકતા. ઘરમાં હાર્મોનિયમ હતું. મારાં માતા સારું ગાઈ શકતાં એટલે એ જોડીને સંગીતની આ પ્રવૃત્તિમાં મેં નિહાળી છે.

મેટ્રિક સુધીનો અભ્યાસ હોવા છતાં સામાન્ય જ્ઞાન ખૂબ જ ધરાવતા હતા. તેમની પાછલી વયે કૌન બનેગા કરોડપતિના પ્રશ્નોના ઘણા જવાબો આપતા અને ''હું આટલા જીત્યો'' એમ બોલીને ખૂબ ખુશ થતા.


ક્રિકેટની એક પણ મૅચ એમણે છોડી નથી. પરદેશમાં રમાતી મૅચો અડધી રાતે ઊઠીને જોતા અને સવારે અમે ઊઠીએ ત્યારે ગરમ ચા બનાવીને આપતા.

બાળકો અભ્યાસ કરતા હોય, વાંચતા હોય ત્યારે પણ ચા-નાસ્તો (પ્રેમોદી) બનાવીને આપતા. આવો દરેકને મદદરૂપ થવાનો સ્વભાવ અને લાગણીશીલ હતા. ઘરમાં પણ સતત પ્રવૃત્તિથી ભર્યું ભર્યું તેમનું જીવન હતું.

મારા પિતાશ્રીની એક બીજી ખાસ શોખની પ્રવૃત્તિ એ હતી કે તેઓ 'ઈલેક્ટ્રિક' વિષેનું જ્ઞાન ધરાવતા એટલે તેઓ 'વિનામૂલ્ય' પોતાની સેવા આપતા, સગાંસંબધી કે ઓળખતા હોય તેને ત્યાં લાઈટ જાય કે વીજળીને લીધે કોઈ પણ યંત્ર ખરાબ થયું હોય અને બોલાવે તો તેમનો સરંજામ લઈને પહોંચી જતા અને વિનામૂલ્ય તેમનું કામ પાર પાડી આપતા.

ઘરસંસારના બે છેડાને જોડવા મારી બા અભ્યાસ કરતી, નોકરી અને ટ્યુશનો કરતી એટલે ઘરકામમાં હંમેશ પૂરેપૂરી મદદ કરતા.

પૌત્ર અને દોહિત્રી - એટલે પૌરવ અને ઋજુતાના ઉછેરમાં પણ ખૂબ જ જહેમત ઉઠાવી હતી. બંને બાળકોનાં પુસ્તકોને પૂંઠાં ચઢાવવાં, તેમના કેન્વાસ શૂઝને ધોઈને બ્લેન્કો કરી તૈયાર કરવા, સ્કૂલ યુનિફૉર્મની ઘડી એવી થતી કે ઈસ્ત્રી ન કરવી પડે. તેમની આવી બધી કામ કરવાની રીતને અમે આજે પણ ઘરકામમાં સતત યાદ



કરીએ છીએ.

સાદગીભર્યું, નિર્મળ, પ્રામાણિકતાવાળું અને પ્રેરણારૂપ તેમનું જીવન હતું. તેમણે પોતાના જીવનકાળમાં ચાર પેઢી જોઈ - પૌત્ર, પૌરવની પુત્રી ઈશ્વાને પણ રમાડી અને સંતોષપૂર્વક ચિરવિદાય લીધી. તેમનું જીવન અમારે માટે સતત માર્ગદર્શક બની રહે તેવી ઈશ્વરને પ્રાર્થના.

**- કેતકી મહેતા**

# નખશીખ સર્જન

– કૃતાર્થ વ્હોરા



ઈશ્વર જયારે કોઈ વ્યકિતના છઠ્ઠીના લેખ લખતો હોય ત્યારે એને કોઈ ને કોઈનું બંધન આપે છે. આ એની ઘટમાળ છે. પરંતુ જયારે એ બંધનમાં લાગણી ભળે ત્યારે એ ઋણાનુબંધમાં આકાર પામે છે

આજે મને ઈતિહાસ યાદ આવવાનું કારણ છે, એટલે જ મને યાદ આવ્યું ''આ ઈતિહાસ એ તો અણનમ ગુરુ છે. ઈતિહાસને વર્તમાન નથી હોતો, કેવળ ભૂતકાળ જ હોય છે, જે નિરંતર ભવિષ્ય ભણી ધસમસતો રહે છે. કોઈ પણ વ્યક્તિ કે વાતને જડતાથી વળગી રહેવું એટલે બાજુ પર ફંગોળાઈ જાવું'' જ્હોન કેનેડીએ આમ કહેલ છે.

મેક્સમુલરે કહેલું કે ઈતિહાસ એટલે માનવીના મનની આત્મકથા. રવીન્દ્રનાથ ટાગોર ઈતિહાસને 'માનવજાતના અચેતન જીવન' તરીકે પ્રમાણેલો છે.

પપ્પા.... તમને આજે ૭૬ વર્ષ પૂરા થઈ ગયા? ઓહોહોહો... હેપ્પી બર્થ ડે પપ્પા.....

મનુષ્યને બંધનમાંથી મુક્તિ ક્યારે મળે? મૃત્યુ સૌ કોઈને મળે, પરંતુ મોક્ષ બહુ ઓછા લોકોને મળે. ''મનુષ્યને એના કર્મે મોક્ષ મળે છે. ઈશ્વર જયારે કોઈ વ્યકિતના છઠ્ઠીના લેખ લખતો હોય ત્યારે એને કોઈ ને કોઈનું બંધન આપે છે. આ એની ઘટમાળ છે. પરંતુ જયારે એ બંધનમાં લાગણી ભળે ત્યારે એ ઋણાનુબંધમાં આકાર પામે છે.


આપણને કોઈનો વિરહ વસમો લાગે છે. સાથે રહીને છૂટા પડવું એ દુ;ખની ચરમસીમા છે, એ પછી મનુષ્ય હોય કે પશુ, પ્રાણી. કોઈ માણસ પોતાના સુખને જ્યારે વહેંચતા હોય ત્યારે એ સંગત હોય છે, પણ માણસને દુ;ખ વહેંચવા તો કોઈ અંગતની જ જરૂર પડે છે. અંગતની સાથે વાત કરવી હોય તો એકાંત જોઈએ ભીડ ન જોઈએ....

પપ્પા... એ પપ્પા... આમ તમારાથી અમોને મૂકી કાંઈ ચાલ્યા જવાતું હશે? હેં? તમે એટલે ''નખશીખ સર્જન''. તમે એટલે શબ્દરૂપી અર્થ અને અર્થ રૂપી મૌન... શત્રુ પણ તમને સલામ ભરતો... માણસને માણસનું બંધન

જોઈએ. જે આપણને જીવનમાં શિક્ષિત કરે એ આપણો શિક્ષક કે ગુરુ... પરંતુ એક બાળકને નાના છોડમાંથી મોટું વટવૃક્ષ જેવાં વ્યક્તિત્વની ભેટ આપે એ માતા- પિતા... મનુષ્યને એના જીવનમાં કોઈ ને કોઈ રીતે  જ્ઞાન આપે એને આપણે શિક્ષક કહીએ છીએ... અને આપણે એને ગુરુદક્ષિણા આપતા હોઈએ છીએ... એક શિક્ષકની એક કલ્પના હોય છે, વિભાવના હોય કે એમાં એ કયાંક ઊણો ઊતરતો હોય છે, પરંતુ કોઈ વ્યક્તિની સમાજમાં જેમ જેમ પ્રતિષ્ઠા, માન, મોભો વધતો જાય તેમ તેમ એ વ્યક્તિ વ્યક્તિ ન રહેતાં સમૂહનો અથવા જનસમુદાય વ્યક્તિ બની જાય છે..

જનસંપર્ક એ વ્યક્તિના પરિચયમાં આવ્યા વગર ન શકય બને... આપણે સૌ જનસંપર્ક શબ્દથી અવગત છીએ, આમ રોજિંદા જીવનમાં જનસંપર્ક શબ્દ નાનો લાગે, પરંતુ એનો અર્થ ખૂબ ઊંડો છે... અંગ્રેજીમાં એને "PUBLIC RELATION" કહેવાય છે...  આજે મારે એક એવા જ જનસંપર્કના વ્યક્તિની વાત કરવી છે. સંબંધે મારા પિતા... એને હું શ્રદ્ધાંજલિ નથી આપતો, પરંતુ એમના જન્મદિવસે એક ‘‘આદરાંજલિ અને શબ્દાંજલિ’’ આપવાની કોશિશ માત્ર કરું છું....

પપ્પા એટલે વસંતના માણસ... મેં એમનામાં કદી પણ પાનખરનો અંશ જોયો જ નથી... હંમેશાં વસંત અને ભરતીનો જ અહેસાસ જોયો છે. પપ્પા એટલે હેલીના માણસ, કોઈ-કોઈ વખત મન મૂકીને વરસે... અમે તમારો સુવર્ણકાળ



જોયો છે, અમે એમાં કદી ઓટ તો જોઈ જ નથી... પપ્પા એટલે હંમેશાં મિત્રોથી અમીર, મિત્રો સાથેનો સ્નેહ અમે સૌએ જોયો છે, એમાંની એક અહીં તસવીર પણ છે, પપ્પા એટલે રેલવે સ્ટેશનનું અથવા એમની કંપનીનું સમયસરનું સમયપત્રક. કંપનીમાં સવારે ૮:૨૯ પહેલાં પહોંચે જ... એટલા બધા એ સમયપાલનના ચુસ્ત અને આગ્રહી.

અમને જિંદગીમાં પા પા પગલી તમે ભરાવી... તમારા ખભ્ભે ચડી અમે બેસતા પણ તમારા ખભ્ભા સમકક્ષ તો આ જીવનમાં કયારેય નહી થઈ શકીએ. આજે ભલે તમારા છોડ વટવૃક્ષ થઈ ગયા છે અને હવે એમાં પણ નાની-નાની કળીઓ ફૂટી ગઈ છે, પણ અમે

સૌ તમારી છાંયડી માટે હંમેશાં તરસ્યા રહેશું... હમેશાં એક અછતનો અનુભવ તો કરશું જ..

પપ્પા અમોને ''રોજ કંકુવર્ણો જોયેલો બીજનો ચાંદલો તમારા વગર જોવો અમને પરવડતો નથી, પૂનમની રાત્રી જોઈએ છીએ, પણ એનો ચંદ્ર તો કયાંક અમાસના અંધકારમાં ખોવાઈ ગયો હોય એવું લાગે છે. સાવ ઉજ્જડ અને વેરાન વગડા જેવો લાગે છે. તમે અને મમ્મી એટલે ''કલમ અને ખડિયો... આજે ખડિયો છે પણ કલમ નથી, શાહી છે, પણ એમાં શબ્દ નથી...

અમે સૌ એટલે માસના માણસો, પણ તમારા માટે તો અમે સૌ સમાસના વ્યકિત... ''તમે એટલે અમારા શબ્દરૂપી મૌનના પ્રતીક''. તમે એટલે આપણા ઘરનું અક્ષત અને મમ્મી એટલે તમારા કપાળ ઉપરનું ચંદન, જયારે અમે સૌ એ અક્ષત અને ચંદનના અમીછાટણાં. એક અંશ માત્ર... તમારી વગર આજે તો ઘરનું મંદિર પણ અત્તર અને અમીછાંટણા વગરનું રહે છે, સવાર- સાંજ દીવો-અગરબત્તી તો થાય છે, છતાં પણ તમારી ગેરહાજરી એ અજવાળું અને સુગંધ ખાલિપો અનુભવે છે. દીવાની વાટ છે, પણ અજવાળું નથી, અગરબત્તી છે, પણ એમાં કયાંય સુગંધ નથી, અમારું આ બધું તો તમે છો, અને એ ઈશ્વર પાસે છે, એટલે જ અમે ત્યાં સવાર- સાંજ દીવો-અગરબત્તી કરીએ છીએ. આજે નિત્યક્રમ પ્રમાણે સૂરજ તો ઊગે છે, પરંતુ તમારા વગરની સવાર સવાર જેવી નથી લાગતી.

તમારા નામની આગળ સ્વ. લખવું અમને નહી પાલવે... તમે અમને દૂરસ્થ થઈને હૃદયસ્થ થયા છો... તમારા જન્મદિવસમાં અમે છીએ... પણ તમારા પ્રાગટ્યોત્સવ નિમિત્તે તમે જ નથી.. એમ કેમ ચાલે??? ન જ ચાલે...

પપ્પાને એમના જન્મદિવસે એક આદરાંજલિ સહ....અનંતકોટી.... નમસ્કાર...

**કૃતાર્થ વ્હોરા**

# સિક્કાની એક કોર માતા તો બીજી કોર પપ્પા

- ચિરંતન પટણી



મારો પ્રથમ પગાર આવ્યો ત્યારે રૂપિયા કેમ બચાવવા સાથે મોજ કરવી એ અમૂલ્ય શીખ તો પપ્પા જ આપી શકે

આ જગતમાં ચર્મચક્ષુથી દૃષ્ટમાન દેવ સમાન એક સૂર્યનારાયણ છે જ્યારે માતાપિતા સાક્ષાત ઈશ્વર સ્વરૂપ છે. તેથી જ માતાપિતાની સેવાનું સૌભાગ્ય પ્રાપ્ત થાય એ જન્મ ખરેખર સફળ થયો ગણાય.

પૂજ્ય માતા માટે સાહિત્યકારોએ ઘણાં જ કાવ્યો લખ્યા છે, પરંતુ પિતા અર્થાત્ પપ્પા માતાને સમકક્ષ પૂજ્ય છે છતાં પિતા અર્થાત્ પપ્પા માટે ઘણું જ ઓછું લખાયું છે. તો ચાલો... આપણે આજે પપ્પા માટે કંઈક સુવર્ણ અક્ષરે લખીએ.

પપ્પા પણ મમ્મીની જેમ પોતાના લાડકવાયા શિશુ માટે સુખમયી સ્વપ્ન જુએ છે, સિક્કાની એક કોર માતા તો બીજી કોર પપ્પા. પપ્પા માટે નાળિયેરની ઉપમા બંધબેસતી છે જે બહારથી કઠણ પણ હૃદયથી નાજુક, પ્રેમાળ અને વાત્સલ્યપૂર્ણ છે. મમ્મી શિશુનું પોષણ અને સંસ્કારનું સિંચન કરે છે તો પપ્પા શિશુનું ઘડતર કરે છે.

શાસ્ત્ર પણ કહે છે પહેલા



ગુરુ પિતા, ઘરની અંદર માતા શિશુને ઉછેરે છે તો પિતા અથવા પપ્પા શિશુને બહારની દુનિયામાં પગ કેમ મૂકવો, આચાર, વિચાર, વ્યવહારની સૂઝસમજ આપે છે.

મને યાદ છે મારું બાળપણ અને પપ્પાનો પ્રેમ. મારા પપ્પાનું નામ હરિપ્રસાદ. ખરેખર નામ પ્રમાણે જ પ્રકૃતિ, સ્વભાવ, સરળતા, સત્યનુન આચરણ અને સ્વકર્મી, મારા જીવનમાં જાણે પુષ્પ પ્રેમનો પ્રસાદ. મારો જન્મ થતાં અનેક પુસ્તકોનાં પાનાં ફેરવી એક નાગર કુટુંબને શોભે તેવું અર્થપૂર્ણ નામ શોધવાનો જશ એમને ફાળે જાય.

સવારે ઑફિસ જાય ત્યારે ઘણે દૂરથી પાછળ જોતા એમને

સ્મિતથી ''ટા...ટા...'' કરતા કારણ પછી આખો દિવસ કામમાં વ્યસ્ત રહેવાનું. વળી મારું અને મારી બહેનોનું સ્મરણ થાય તોપણ ઑફિસના કામની પ્રાથમિકતા. આનું જ નામ સંસાર. સંતાનો માટે સેવેલાં સ્વપ્નાંને સાકાર કરવામાં પોતાનો આકાર બદલાઈ જતો રહે એ પણ ભૂલી જાય એવા મારા પપ્પા! મારા અને મારી બહેનોના અભ્યાસ, કારકિર્દી માટે જીવનભર પરસેવો રડ્યો કરતાં લોહી રેડી આવકજાવકના બે છેડાને જીવનપર્યંત એક કરવા મથતા એ મારા પપ્પા!

રાત્રે જ્યારે ઑફિસથી થાકીને ઘેર પાછા આવતા ત્યારે મારો રોજનો ક્રમ ''પપ્પા... મારી માટે શું લાવ્યા?''

થાકેલા હોવા છતાં યાદ કરીને મારા માટે, બહેનો માટે ચીજવસ્તુ, નાસ્તો, ચોકલેટ લઈ આવતા અને અમે ભૂલકાં નાચી ઊઠતાં. બસ..! આ જોઈને એમના હૃદયને જે શાંતિ થતી એ હું જ્યારે પિતા બન્યો ત્યારે સમજી શક્યો.

હું જરા મોટો થયો ત્યારે પાછા મને સમજાવતા કે ચોકલેટ, પીપર ખાવાથી દાંત બગડે. કેવી રમત રમવી જેથી બુદ્ધિ ખીલે, વળી કોઈક વાર મારી ખોટી જીદ ને કડક શબ્દો, ઠપકો પણ મળતો. ભણવાના સમયે રમવાની હઠ કરીએ ત્યારે કઠોર આંખો અને ભવાં એટલું જ પૂરતું રહેતું. વળી ભણવામાં મન પરોવી લેતો. પરંતુ રમતગમતમાં શાળામાંથી ઈનામ મળતાં ત્યારે પ્રશંસા પણ કરતાં, પ્રોત્સાહન પણ આપતા. કેટલી ન્યાયપૂર્ણ પપ્પાની શિક્ષા ખરું ને? એકવાર ટાઈફોઈડ થવાથી સી.એ. એન્ટ્રન્સની એક્ઝામ વખતે મારા સ્વાસ્થ્યની ચિંતા અભ્યાસથી વધુ. ''Next time'' પરીક્ષા આપજે આખી જિંદગી પડી છે દીકરા...''

મારો પ્રથમ પગાર આવ્યો ત્યારે રૂપિયા કેમ બચાવવા સાથે મોજ કરવી એ અમૂલ્ય શીખ તો પપ્પા જ આપી શકે. આમ હજી તો મારી મૂછનો દોરો ફૂટ્યો, પહેલી નોકરી.. પહેલો પગાર, ઊગતી ઉંમર થઈ ત્યાં અચાનક પપ્પાને હૃદયરોગનો હુમલો થયો અને મારી અને મારી માતા, બહેનોની આંખનાં આંસુ અટકવાનું નામ ન લે. વસમી વિદાય અકાળે... છતાંય મારા હૃદયમાં મારા પપ્પા કાયમ બિરાજમાન. એમના આશીર્વાદ સાથે જાણે એમની ગેરહાજરીમાં સંસારચક્રના એક એક કોઠાને કેમ ભેદવો? બસ.. એમની નાનામાં નાની શીખને યાદ કરતો હું ચાલ્યા કરું છું.

પપ્પાની ગેરહાજરીમાં જ સમજાયું કે જેણે પોતાનો કોળિયો ત્યાગી અમારું જતન કર્યું એ છત્રછાયાનો હવે માત્ર પડછાયો જ રહ્યો. પિતાની લાગણી, સ્વપ્ન, શિશુએ સમજવું પડે છે. કદાચ એ પુરુષાર્થી જીવનપથમાં એ વ્યક્ત પણ ન કરી શક્યા હોય. કારણ પુરુષ હૃદય.

ખરેખર... જન્મ દેનાર તાત, પ્રથમ ગુરુ, માર્ગદર્શક. બાળકની સફળતાને વધાવનાર, નિષ્ફળતામાં હિંમત દેનાર, પુરુષાર્થ પ્રેમી, માતા કરતાં સંતાનને ઓછો સમય આપવા છતાં મારા ઘડતરમાં અવિરણ ચણતર... સાચે જ ''પપ્પા... એક અને અજોડ.''

**ચિરંતન પટ્ટણી**

# પિતાઃ વિશાળ વડ સમાન

– જયંત હાથી



જિલ્લાને શૈક્ષણિક રીતે પછાતનું જે લેબલ લાગેલું ત્યાં ૧૯૬૪માં જિલ્લા કેળવણી મંડળની સ્થાપના કરી પાલનપુરમાં બનાસકાંઠા આર્ટ્સ અને સાયંસ કૉલેજનો પ્રારંભ કરી ઉચ્ચ શિક્ષણના કીર્તિસ્થંભનું બિરુદ મેળવ્યું

મારા પિતા – એક અને અજોડ... વાત સાચી છે. માતા વિષે કાવ્યો. વાર્તાઓ, લેખો લખાણાં છે, પણ પિતા જે કુટુંબની જવાબદારીનું પ્રતીક છે તેના માટે આવું લખાણ બહુ ઓછું જોવા મળે છે. હકીકતમાં તો માતા આંખ આપે છે, પિતા દૃષ્ટિ. માતા ઘર આપે છે, પિતા સૃષ્ટિ. એ પિતાને કેમ ભુલાય? પિતા તો દરેકના અજોડ જ હોય છે, પણ મારા પિતાના પરિચય માટે તો નીચેની પંક્તિઓ જ યથોચિત છે.

પિતા અમારા હતા એ તો,
વિશાળ વડના વૃક્ષ સરખા.
છાંયે એના ખેલ્યાં રમ્યાં,
ઝૂલ્યાં ઝૂલે વડવાઈ તણા
તેમની હૂંફથી અમે પાંગર્યા,
તેમના આશીર્વાદે અમ જીવનમાં
ઉષાનાં અજવાળાં પથરાયાં

એક જ વ્યક્તિમાં અપ્રતિમ બુદ્ધિગમ્ય વિચક્ષણતા હોય તે મેં મારા પિતામાં જોયું. એ કંઈક અલગ જ હતા. મસ્તરામ કહું તો યોગ્ય રહેશે. તેમની ધૂનમાં મગ્ન, તેમની જ પ્રવૃત્તિમાં મસ્ત. ટાઈમ્સ ઑફ ઈન્ડિયામાં આવતી ન ઉકેલી શકાય એવી ક્રોસવર્ડ પઝલ રોજ પૂરી કરે. તેના અઘરા શબ્દો શોધવા માટે એક થીસોરસ રાખેલ જેમાં એક શબ્દના અનેક સરખા શબ્દો મળે

મોઢું ભરાઈ જાય તેવું મોટું નામ, વિશ્વનાથ ડોલરરાય હાથી.

છ ફૂટ ઊંચાઈ. ગૌરવર્ણ. ભરાવદાર ચહેરો. છટાદાર વ્યક્તિત્વ. હસે ત્યારે કપાળમાં ત્રિપુંડ પડે જે ભાગ્યશાળીની



નિશાની ગણાય અને ભાગ્યશાળી તો હતા જ કારણ આટલો બહોળો પરિવાર અને સામાન્ય શિક્ષકમાંથી દ્વિભાષી મુંબઈ રાજ્યના અંડર સેક્રેટરી જેવી પોસ્ટ પરથી નિવૃત્ત થયા અને પાલનપુરને પોતાની કર્મભૂમિ બનાવી, પાલનપુરીઓની સેવા કરી. હાથીકાકાના હુલામણા નામે લોકપ્રિય થયા. ઘેરો કર્ણપ્રિય અવાજ, શક્તિના ઉપાસક. શક્રાદય સ્તુતિ દ્રવિત અવાજે ગાય અને તમે આંખ બંધ કરીને પાસે ઊભા હો તો તમને માતાજીના સાક્ષાત્કારનો આભાસ થાય.

તેમની સતત વ્યસ્તતાના કારણે અમારા ભણતરની જવાબદારી મારાં માતુશ્રીએ સંભાળેલી. કોઈ મળવા આવે અને તેમને પૂછે કે, આ કયા ધોરણમાં ભણે છે? તો અમને બોલાવીને પૂછે કે તું કયા ધોરણમાં છો? એટલા નિસ્પૃહ, પણ પરીક્ષાનું પરિણામ આવવાનું હોય તો રાહ જોઈને બેઠા હોય. પૂછે શું આવ્યું અમે કહીએ કે ફુલી પાસ (બધા વિષયોમાં) ચોથા નંબરે. તે વખતે ટકાવારીનું મહત્ત્વ ન હતું. એટલે જ તો મને ૪૫%એ વિસનગર કૉલેજમાં સાયન્સમાં ઍડમિશન મળેલું.

કુટુંબના આધારસ્થંભ એવા મારા પિતાશ્રીનાં માન અને મરતબો હાથી કુટુંબની શાન, પ્રતિભા અને જ્ઞાલિકા પ્રમાણે જળવાયાંછે. તેમને ચાર પુત્રવધૂઓ. ચારેય તેમને માટે સરખી. હા. મોટાં ભાભી કલેક્ટરનાં દીકરી એટલે તેનો ગર્વ ખરો અને ઓળખાણ પણ તે રીતે જ આપે. જુનવાણી ખરાં, પણ સમયોચિત પરિવર્તનમાં માને. મારે ત્યાં રાજકોટ હતા ત્યારે, ભાવનગર ટી.બી. હૉસ્પિટલ જોવા આવવા નિમંત્રણ મળ્યું. અમે બે તેમની સાથે ટૅક્સીમાં ગયાં, ત્યાં ઊતર્યા ત્યારે તેમણે માતુશ્રીને કહ્યું, વર્ષાને કહો કે લાજ ન કાઢે. માથે ઓઢી અમારી પાછળ ચાલ્યાં આવે.. (એ વખતે લાજ કાઢવાનો રિવાજ હતો.) આ જ વાતનું પુનરાવર્તન ૧૯૭૭માં મોટા ભાઈને હાર્ટ એટેક આવ્યો ત્યારે મોટાં ભાભી સાથે થયું. દાદા કેવા હોય તે તો બાળકો જ કહી શકે. એટલે જ એકવાર બધાં છોકરાઓએ ભેગાં મળી દાદાનો જન્મદિવસ ઊજવી તેમને સરપ્રાઈઝ આપેલ. તે જમાનામાં આજની જેમ જન્મદિવસ ઊજવવાની પ્રણાલિકા ન હતી. દાદા બધાને નામથી અને માનથી બોલાવતા. આરતીબેન, ટિનુબેન, મુન્નાભાઈ, ગોટિકભાઈ, રક્ષાબેન, ચકીબેન, જયભાઈ. રાજકોટ મારે ત્યાં હતા ત્યારે શ્રી ઈશ્વરભાઈ જોષીપરા, સંસ્કૃતના પ્રખર વિદ્વાન તેમને મળવા આવ્યા અને કહ્યું કે સ્કૂલમાં સંસ્કૃત સ્તોત્ર બોલવાની હરીફાઈ રાખી છે અને આ ત્રણેય બાળકો ભાગ લઈ શકશે. તેમણે તરત હાટકેશ્વરાષ્ટક પોતે ગાયું, ત્રણેય પાસે ગવરાવ્યું, રોજ રાતે રીહર્સલ કરાવી તૈયાર કર્યા ત્રણેયને ઇનામ મળ્યું પિતાશ્રીએ પણ પાંચ પાંચ રૂપિયા ઇનામના આપ્યા. પિતાશ્રી મૂળે શિક્ષકનો આત્મા એટલે જિલ્લાને શૈક્ષણિક રીતે પછાતનું જે લેબલ લાગેલું ત્યાં ૧૯૬૪માં જિલ્લા કેળવણી મંડળની સ્થાપના કરી પાલનપુરમાં બનાસકાંઠા આર્ટ્સ અને સાયંસ કૉલેજનો પ્રારંભ કરી ઉચ્ચ શિક્ષણના કીર્તિસ્થંભનું બિરુદ મેળવ્યું.

તેઓ એક ઉત્તમ વક્તા હતા. કોઈ પણ સરકારી પ્રસંગોમાં તેમ જ જ્યારે પણ કોઇ મહાનુભાવ આવે ત્યારે સ્વાગત પ્રવચનની જવાબદારી તેમની રહેતી. કારણ તેમની ભાષા માર્મિક ને વક્તવ્ય તાર્કિક રહેતું. પ્રવચનમાં કાવ્યપંક્તિઓ તથા સંસ્કૃત શ્લોકોથી સભાને રંગીન બનાવતા. ગુજરાતના ગવર્નર શ્રી વિશ્વનાથનના સ્વાગતમાં તેમણે શરૂઆત કરેલી કે

અહંચ ત્વં ચ હે બન્ધો, વિશ્વનાથાવુભાવપિ
બહુવ્રિહી અહં રાજ્યં, ષષ્ટી તત્પુરુષો ભવાન

યાને કે – આપણે બન્ને વિશ્વનાથ. વિશ્વ જેનું નાથછે તે હું. (બહુવ્રિહી) અને વિનમ્ર ગૌરવના સ્વામી તમે (તત્પુરુષ).

તેમની વાત કરવાની રીત એવી અનોખી હતી કે સામેની વ્યક્તિને ઊઠવાનું મન ન થાય. ગુજરાતનાં ગવર્નર શ્રીમતી શારદા મુખરજી પાલનપુર આવ્યાં ત્યારે તેમણે પિતાશ્રીને પાંચ મિનિટનો સમય આપેલો. પિતાશ્રીએ તેમના કુટુંબ વિશે જે વાતો કરી તે સાંભળતાં જ રહ્યાં અને મુલાકાત ૪૫ મિનિટ ચાલી અને એમને દરવાજા સુધી વળાવવા આવ્યાં અને કહ્યું કે આટલું તો હું પણ મારા કુટુંબ વિશે નથી જાણતી.

presence of mind યાનેકે હાજર જવાબીમાં તેમને કોઇ ન પહોંચે. ૧૯૪૮માં મર્જર પછી ટ્રેઝરી ઑફિસર તરીકે કાયમી થવા તેમને પબ્લિક સર્વિસ કમિશનના ઈન્ટરવ્યુમાંથી પસાર થવું જરૂરી હતું. સરદાર પનિક્કર ચૅરમૅન હતા. પહેલો જ સવાલ તેમણે પૂછ્યો What is your opinion for the Person whom we just interviewed.? તેમના કલિગ ઑફિસર જ હતા એટલે જવાબ આપવો મુશ્કેલ હતો પણ તેમણે ત્વરિત જવાબ આપ્યો કે "It is a question which no gentleman would Like to reply." પનિક્કરે પણ હકારાત્મક લીધું કે જો એક સજ્જન જવાબ ન આપી શકે તો એક સજ્જન પૂછી કેવી રીતે શકે? ઈન્ટરવ્યુ ૪૫ મિનિટ ચાલ્યો અને કાયમી થઈ ગયા. એક બીજો દાખલો. આર્થર ગિલિગનની ક્રિકેટ ટીમ ટેસ્ટ મૅચ રમવા ભારત આવેલી. મુંબઈમાં રમી તેઓ દિલ્હી મેલ દ્વારા દિલ્હી જઈ રહ્યા હતા. ટ્રેન પાલનપુરથી પસાર થાય. પિતાશ્રીએ હાઈસ્કૂલની ટીમને ક્રિકેટના ડ્રેસમાં બેટ અને બોલ સાથે સ્ટેશન પર ઊભી રાખી. ટ્રેન આવી. ગિલિગને બધાને જોયા. નીચે ઊતરી બધા સાથે હાથ મિલાવ્યા અને ટ્રેન ઉપડવાનો સમય થયો એટલે ડબ્બા તરફ વળ્યા. પિતાશ્રીએ કહ્યું ''બેસ્ટ લક'' ગિલિગન તરત પાછા ફર્યા અને કહ્યું If you wish best luck to us, what will you wish to your team? Father promptly replied Best Performance. ગિલિગને પિતાશ્રીની પીઠ થાબડી.

નિવૃત્ત થયા પછી પણ તેમનો દરબાર હમેશાં ભરાયેલો રહેતો તેમને મળવા આવતી કોઈ પણ વ્યક્તિ ચાપાણી પીધાં વગર જતી નહીં અને તેમને વળાવતી વખતે તેઓ છેક ઘરના દાદર સુધી જતા. વ્યક્તિનું સ્વાગત કરવા તેમની પાંચેય આંગળીઓ ઊંચી કરી ચાના કપ જેવો આકાર કરી હાથ ઊંચો કરી

ચા લાવવાની નિશાની કરતા, આઘાપાછા હોઇએ તો બે હાથે તાળી પાડી બોલાવતા. કોઈને નાસ્તો આપવાનો હોય તો કહેતા આમનું સ્વાગત કરજો..... શારીરિક તકલીફો જે જે જીવનપર્યંત રહેલ તેને ક્યારેય ગંભીરતાથી નહીં લીધેલી. કોઈ મળવા આવે ત્યારે તેમની તકલીફોનું હસતાં હસતાં વર્ણન કરતા. મારાં ચાર ક્વોલિફિકેશન. ઓલ્ડ માયો કાર્ડિયાક ઈંફાર્ક્શન, રાઈટ બંડલ બ્લોક, હાઈ બ્લડપ્રેશર અને ડાયાબિટીસ છે છતાંય બંદા ચલાવે જાય છે. ગળપણનો તેમને બહુ શોખ. સરકારી સમારંભોમાં જમતી વખતે શિખંડનો વાટકો બીજી વાર ભરવાનું કહેતા ત્યારે પડખે બેઠેલા સિવિલ સર્જન શ્રી બી. ટી. ત્રિવેદી સાહેબ ટકોર કરતા કે કાકા ડાયાબિટીસ છે ત્યારે પીરસવા આવનારને કહેતા, તું તારે નાખને. પડખે સિવિલ સર્જન બેઠા છે તે શું કામના છે? બે ગોળી વધારે ખાવાનું કહેશે એટલું જ ને?

કલેક્ટર, હાઈકોર્ટ જજ, સચિવાલયના અધિકારીઓ સાથેની ઓળખાણને કારણે ઘણાં પોતાનાં કામ માટે ભલામણ ચિઠ્ઠી લેવા આવતા અને તેમનું કામ થઈ જતું.. તેમની ચિઠ્ઠીનરસિંહ મહેતાની હૂંડી જેવું કામ કરતી.

૧૯૯૩માં પાલનપુરની વિક્ટોરિયા લાઈબ્રેરીમાં તેમના તૈલચિત્રના અનાવરણ વખતે લેખક અને સાક્ષર શ્રી યશવંતભાઈ શાહે તેમને પાલનપુરના સ્થાનદેવતા કહીને બિરદાવેલા. જિલ્લા કલેક્ટર શ્રી વી. શંકર, આઈ. સી.એસ. અને સરદાર પટેલના સેક્રેટરીએ તેમની સર્વિસ ફાઈલમાં લખેલ કે "Shree hathi was Tower of strength to me during my Stay in Banaskantha"

૨૦૧૨માં યાને કે તેમના અવસાનનાં ૨૨ વર્ષ પછી તેમના પુત્રોએ ખેલ પુસ્તક ''ગૌરવનું ગુરુશિખર''ના વિમોચન વખતે આખો હોલ ચિક્કાર હતો તે તેમની લોકપ્રિયતાનું ઉદાત્ત ઉદાહરણ હતું. તેમના બહુમુખી વ્યક્તિત્વનો અને લોકપ્રિયતાનો ખ્યાલ ત્યારે જ આવે જ્યારે ગામની જ કોઈ વ્યક્તિ તેમના માટે કંઈ કહે અથવા લખે. પાલનપુર એટલે શાયરોનું ગામ. અહીંના ખ્યાતનામ શાયર શ્રી મુસાફિર પાલનપુરીએ તેમને આપેલ શ્રદ્ધાંજલિ ઘણુંઘણું કહી જાય છે.

લાગણીઓના નંદનવનશા,
માનવતાના માનસરોવર
કર્મના કીર્તિસ્થંભ ચણીને,
દીપાવ્યો જીવનનો અવસર.
લોચનમાં સદભાવની આભા,
અંતરમાં સદભાવનું અંતર
મનછે માણેકચોક તમારું,
તન છે પાતાળેશ્વર,
સૌને પાયું સ્નેહનું અમૃત,
આંખ વતનની ઝરમર ઝરમર.

તા. ચોથી મે ૧૯૯૦ના રોજ વતનની ધરતી છોડી પાલનપુરને પોતાની કર્મભૂમિ બનાવનાર અને હાથીકાકાના હુલામણા નામે ઓળખ મેળવનાર મારા પિતાશ્રીએ અંતિમ શ્વાસો પાલનપુરના આકાશ નીચે લીધા.

# પપ્પા : આદર્શ પ્રેરણામૂર્તિ

– જુલી ખારોડ



તત્કાલીન મુખ્ય મંત્રી શ્રી નરેન્દ્ર મોદીની ઉપસ્થિતિમાં રાજ્યપાલ શ્રીમતી કમલાપતિ બેનીવાલ જ્યારે પપ્પાને હોદ્દો અને ગુપ્તતાના શપથ લેવડાવી રહ્યાં હતાં ત્યારે અમારી આંખોમાંથી હર્ષાશ્રુઓ વહી રહ્યાં હતાં

આપણી પ્રાચીન સંસ્કૃતિમાં મા વિશે જેટલું લખાયું છે – ગવાયું છે એટલું પિતા વિશે નથી લખાયું. હકીકતમાં બાળકનાં જીવનઘડતરમાં માતા જેટલો જ ફાળો પિતાનો હોય છે, કદાચ એનાથી પણ વિશેષ, પરંતુ અદૃશ્ય, અધ્યાહાર, અવર્ણનીય.

આજે મને મારા પપ્પા વિશે લખવાનું સૌભાગ્ય મળ્યું છે તે મારું અહોભાગ્ય ગણું છું. માતા અને પિતા વિશે કંઈ પણ લખવા માટે આપણે બહુ જ નાના ગણાઈએ, પણ ઘણી વખત મોઢેથી ન કહી શકાયેલી અવ્યક્ત લાગણીઓને શબ્દદેહે કલમની ભાષામાં અસરકારક રીતે વ્યક્ત કરી શકીએ તોપણ હૃદય ભીનાશ અનુભવે.

હું જુલી રાજેશ ખારોડ. મારા પપ્પા શ્રી દિનેશચંદ્ર પી. બુચ. આપ સહુને મારા પપ્પાની ઓળખાણ કરાવતા હું ગર્વ અનુભવું છું. મારા પપ્પા ગુજરાતના કાયદા વિભાગમાં આદર અને સન્માન સાથે લેવાતું નામ છે.



૧૯૬૩થી ૧૯૬૫ સુધી એનસીસી ઑફિસર તરીકે રહ્યા એ દરમિયાન લૉનો અભ્યાસ કર્યો. ૧૯૬૫થી '૬૮ સુધી ગુજરાત રાજ્યના ભૂતપૂર્વ કાયદા મંત્રી શ્રી દિવ્યકાંતભાઈ નાણાવટી પાસે કાયદાશાસ્ત્રનો એકડો ઘૂંટતા શીખ્યા. ૧૯૬૮માં જુનિયર મૅજિસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ તરીકે જ્યુડિશિયરીમાં જોડાયા પછી પોતાની મહેનત, ધગશ, નિષ્ઠા, પ્રામાણિકતા અને હિંમતથી સફળતાનાં કપરાં છતાં અડીખમ સોપાનો દૃઢમનોબળથી સર કરતા રહ્યા. ગુજરાત હાઈકોર્ટમાં સ્પેશ્યલ ઑફિસર, સચિવાલયમાં લીગલ સેક્રેટરી, રાજકોટ, ભરૂચ અને

વડોદરામાં ડિસ્ટ્રિક્ટ જજનો માનવંતો હોદ્દો શોભાવ્યા બાદ ગુજરાતની વડી અદાલતના ન્યાયમૂર્તિ તરીકે નિમણૂક પામ્યા.

આટલા મોટા પદ પરથી નિવૃત્ત થયા પછી પણ એમની કારકિર્દીની વણથંભી વણઝાર ચાલુ જ રહી. અમદાવાદ સાબરમતી રિવરફ્રન્ટ રિહેબિલિટેશન કમિટીના ચૅરમૅન તરીકે, આર્બિટ્રેટર તરીકે, પ્રિવેન્શન ઑફ એન્ટી સોશિયલ એક્ટિવિટી ઍક્ટ (પાસા) બૉર્ડના ચૅરમૅન, સેલ્સ ટૅક્સ ટ્રિબ્યુનલના ચૅરમૅન તરીકે સેવાઓ આપી, પણ હજી એમની વિજયકૂચ વિરામ પામતી ન હતી. હજી આ બધાથી ઉપર એક સિંહાસન એમના રાજ્યાભિષેક માટે ખાલી હતું અને એ હતું ગુજરાતના લોકાયુકતનું. એમની યશકલગીનું શિરમોર છોગું. રાજ્યપાલ અને હાઈકોર્ટના ચીફ જસ્ટિસની સમકક્ષનું પ્રતિભાશાળી પદ.

તત્કાલીન મુખ્ય મંત્રી શ્રી નરેન્દ્ર મોદીની ઉપસ્થિતિમાં રાજ્યપાલ શ્રીમતી કમલાપતિ બેનીવાલ જ્યારે પપ્પાને હોદ્દો અને ગુપ્તતાના શપથ લેવડાવી રહ્યાં હતાં ત્યારે અમારી આંખોમાંથી હર્ષાશ્રુઓ વહી રહ્યાં હતાં. અમે, ઉન્નત મસ્તકે એ શપથગ્રહણ વિધિ સમારંભના સાક્ષી બનવા બદલ ધન્યતા અનુભવી રહ્યા હતા.

અમારાં - ત્રણેય ભાઈબહેનોના શૈશવકાળથી શરૂ કરી જીવનના દરેક ક્ષેત્રે - પછી એ ચારિત્ર્યઘડતર હોય કે ધાર્મિક સંસ્કારોનું સિંચન, સમયપાલન હોય કે શિસ્તબદ્ધ જીવનશૈલી - મમ્મી જેટલું જ યોગદાન પપ્પાએ આપ્યું છે. પપ્પાની સાદગી, વિનમ્રતા અને નિરાભિમાનીપણાની પ્રશંસા જ્યારે બીજા લોકો પાસેથી સાંભળીએ છીએ ત્યારે અમે હર્ષ અને ગૌરવની લાગણી અનુભવીએ છીએ.

વડીલો પણ અભિમાન લઈ શકે એવા લોકાયુક્તના હોદ્દા પર પહોંચ્યા પછી પણ પપ્પામાં આ ગુણો અખંડિત રહ્યા છે. અમારામાં પણ એ ગુણો ઉતારવા આગ્રહી રહ્યા છે અને એટલે જ પપ્પા અમારા આદર્શ પ્રેરણામૂર્તિ છે.

અમારી જીવનશૈલી અને સુગ્રથિત વિકાસ મમ્મીના અનન્ય વાત્સલ્ય અને પપ્પાના અપાર સ્નેહ થકી જ છે. વડીલોની આમન્યા અને નાનાઓનો આદર જાળવતાં અમે એમની પાસેથી જ શીખ્યા છીએ. એમનું સંયમી, ઉદારદિલ છતાં કરકસરયુક્ત જીવન અમને પ્રભાવિત કરી ગયું છે.

એમણે અમો ત્રણેય ભાઈ-બહેનોને સંસ્કારી અને ઉચ્ચ કુટુંબોમાં પરણાવી માનભર્યા જીવનમાર્ગ પર મૂક્યા છે અને અમે એ પરિવારના વાતાવરણમાં ભળી ગયા છીએ એનો સંપૂર્ણ યશ એ બંનેના ઘડતરને જ છે. સમાજમાં અમને જે આદર-સન્માન મળ્યાં છે તે એ બંનેની તપશ્ચર્યાનું સુફળ છે જેનો અમે ઋણસ્વીકાર કરીએ છીએ.

એમની યશસ્વી, નિરામય, સંનિષ્ઠ અને પ્રતિષ્ઠિત કારકિર્દીમાંથી ૨૦૧૮માં સેવા નિવૃત્ત થયા. એમની લગાતાર પાંચ દાયકાની સંઘર્ષ યાત્રા અને સમર્પણ અમે જોયા છે. એમનો નિવૃત્તિ કાળ પણ એવો જ સાત્ત્વિક, પ્રસન્ન અને સ્વસ્થ નીવડે એવી પરમકૃપાળુ પરમાત્માને નમ્ર પ્રાર્થના. મા આણંદેશ્વરી તથા ઈષ્ટદેવ શ્રી હાટકેશ્વરદાદાનાં અમીમય આશિષ અહર્નિશ એમના પર વરસતા રહે એ જ અભ્યર્થના.

**જુલી ખારોડ**

# પપ્પા એટલે કીર્તિ નામે એક કીર્તિમાન

– ડૉ. માર્ગી હાથી




કચ્છીઓના હૈયામાં જેનું રાષ્ટ્રગીત જેવું સન્માન છે એવી રચના 'મુંજી માતૃભૂમિ કે નમન' તો પપ્પાના કંઠમાં બીબીસીના બ્રિટિશ આર્કાઈવ્ઝ'માં પણ સચવાયેલી છે

તમને ખબર છે મેં આ જ તસવીર અહીંયાં કેમ મૂકી? પપ્પા સાથેની બીજી કોઈ, કોઈ છેલ્લામાં છેલ્લી તસવીર મૂકી શકી હોત ને હું?! પણ સાચ્ચું કહું? આ જ તો છેલ્લામાં છેલ્લી તસવીર છે. કેમ, ખબર છે? કેમ કે પપ્પાએ જ્યારે મને પહેલી વાર તેડી હશે તે દિ'ની ઘડી અને આજનો દિ'.. હું નીચે ઊતરી જ નથી! અને એટલે જ આજે પણ, અત્યારે આ લખી રહી છું ત્યારે પણ, હું એ જ મુદ્રામાં, એ જ મોજમાં અને એ જ મસ્તીમાં છું. તમને આ વાતમાં ભારોભાર ભાવુકતા વરતાતી હશે, હેં ને? એટલે જ આ વાત માંડું છું .. તો સાંભળો..

''આકાશવાણીનું આ ભુજ કેન્દ્ર છે. આપ સાંભળી રહ્યા છો સુગમ સંગીત. કલાકાર કીર્તિકુમાર હાથી.''

મનને સમજણ સાથે



ઓળખાણ પડે એનાથી પણ વહેલી ઉંમરથી કાનને આ શબ્દોની ઓળખાણ પડી ગઈ હતી.

સંગીતની કોઈ પદ્ધતિસરની તાલીમ નહીં, પણ કંઠ મુલાયમ અને સુરીલો. ૧૯૭૧ની એ સાલ.. ભુજમાં આકાશવાણી કેન્દ્રની સ્થાપના થઈ ચૂકી હતી. મિત્રોએ કહ્યું, ''ઑડિશન તો આપી જુઓ.'' એટલે ઑડિશન આપી. સુગમ સંગીતના કલાકાર તરીકે માન્યતા મેળવવા આકાશવાણીની પરંપરા પ્રમાણે રેકર્ડિંગ દિલ્હી

મોકલવામાં આવ્યું. સામાન્ય રીતે સંગીત હોય કે નાટક, પહેલાં તો આકાશવાણી એ કલાકારની પાત્રતા લાગે તો એને B ગ્રેડ આપે. પછી આગળ જતાં એ કલાકાર ઉચ્ચ ગ્રેડ માટે ફરી ફરી ઑડિશન આપી શકે અને પસંદગી થાય તો ઉચ્ચ ગ્રેડ પ્રાપ્ત કરી શકે, પણ અહીંયા તો જે પરિણામ આવ્યું એનાથી સહુ અચંબિત! અહીંયા તો પહેલા જ પ્રયત્ને, સીધો જ B high ગ્રેડ! આ રીતે આકાશવાણી, દિલ્હી દ્વારા પહેલા જ પ્રયત્ને, સીધો જ B high ગ્રેડ પ્રાપ્ત કરીને સુગમ સંગીત ક્ષેત્રના કચ્છના સર્વપ્રથમ કલાકાર તરીકેનો કીર્તિમાન જેણે અનાયાસે જ સ્થાપિત કરી દીધો એ કીર્તિકુમાર હાથી એટલે મારા પપ્પા.

આપણી ભાષાના અદના શાયર અમૃત ઘાયલ પણ પપ્પાના કંઠના કાયલ. પપ્પાનો અવાજ મુલાયમ એટલે મિત્રો એમને 'વૉઈસ ઑફ તલત' કહે. એક વખત ભુજમાં એક ભવ્ય મુશાયરો યોજાયો. ઘાયલ સાથે બીજા અનેક મહાનુભાવો ઉપસ્થિત. મુશાયરા બાદ સંગીતના કાર્યક્રમમાં પપ્પાએ એક ગઝલ ગાઈ અને સભાગૃહમાં તાળીઓનો ગડગડાટ... ત્યાં તો ઘાયલ જેનું નામ.. એ તો એવા આફરીન થઈ ગયા કે એમની અદામાં ડોલતા ડોલતા મંચ પર આવ્યા, પોતાનો હાર પપ્પાના ગળામાં પહેરાવી દીધો અને બોલ્યા, ''કીર્તિ તારા કંઠમાં કમાલ છે, પણ પોતાની ઓળખ ક્યારેય છોડતો નહીં અને પુરસ્કાર વગર ક્યારેય ગાતો નહીં.'' આ વાત કરતાં કરતાં પપ્પા અમને કહે કે, ''એમની પહેલી વાત તો આજીવન અનુસરાઈ. કોઈ પણ રચના હોય, કોઈ પણ કલાકારે ગાયેલી હોય, મેં હંમેશ મારા અવાજમાં, મારી હલકથી ગાઈ. મારી ઓળખ અકબંધ રાખી. પણ હા, વ્યવસાયે કલાકાર નહીં ને, એટલે નિજાનંદે અને મોટા ભાગે પુરસ્કારની અપેક્ષા વિના ગાવાનું થયું.''

આકાશવાણી અને દૂરદર્શન ઉપરાંત અઢળક સ્ટેજ કાર્યક્રમો ભુજમાં અને ભુજ બહાર પણ ખરા.. આકાશવાણી દ્વારા યોજાતી ચેઈન કોન્સર્ટ અંતર્ગત એકવાર ભુજથી પપ્પા અને સાધનાબેન નાણાવટીને, જ્યારે મુંબઈથી પુરુષોત્તમભાઈ અને હંસાબેનને પ્રસ્તુતિ માટે આમંત્રણ મળ્યું. પુરુષોત્તમભાઈ અને હંસાબેનની સાથે એક મંચ પરથી પ્રસ્તુતિ કર્યાની એ પળો માત્ર પપ્પા માટે જ નહીં, અમારા સહુ માટે અવિસ્મરણીય બની ગઈ.

આમેય અમારું ભુજ કલા, સાહિત્ય અને સંગીતની દૃષ્ટિએ બહુ જ સભર. અનેક ઉમદા કવિઓ, સાહિત્યકારો, સંગીતકારો અને કલાકારોએ ઉત્તમ કક્ષાના અનેક કાર્યક્રમો થકી ભુજની ભૂમિને સદા ભરપૂર રાખી છે. અમે બાળપણમાં ભુજનો જે માહોલ જોયો છે, અનુભવ્યો છે એ અદ્‌ભુત હતો. કચ્છના જ ઉત્તમ સર્જકો, કલાકારો અને શાયરોના લગભગ પરોઢ સુધી ચાલતા મુશાયરાઓ અને સંગીતના કાર્યક્રમોનો એ દૌર.. અમે તો એટલાં નાનકડાં કે પપ્પા, મમ્મી અમને તેડીને લઈ ગયાં હોય.. રાત ઢળતી જાય.. મંચ

પર એક એકથી ચડિયાતી અભિવ્યક્તિનો અને દાદનો ઝગમગાટ.. અને અમે ઑડિયન્સ માટે પથરાયેલ ગાદલાં પર ઘસઘસાટ.. તોય એ માહોલ હજી પણ આંખોમાં અને અંતરમાં અકબંધ છે.

માત્ર ભુજના કે કચ્છના જ નહીં હો, ગુજરાતના અને ભારતભરના સુખ્યાત સર્જકો, સંગીતકારો અને કલાકારો અવારનવાર ભુજના ભાવકોને ભીંજવતા રહે એવો સભર માહોલ અને અમે એ માહોલનું અભિન્ન અંગ. કેમ કે પપ્પા તો યુવાવસ્થાથી જ આ બધાં જ ક્ષેત્રોમાં સક્રિય. કૉલેજકાળથી જ 'સ્વપ્નિલ' તખલ્લુસથી કવિતાઓ લખે, સભાઓ સંબોધે, મૅગેઝિન સેક્રેટરી (એ વખતનું ગૌરવભર્યું પદ) તરીકે અનેક સાહિત્યિક કાર્યક્રમો યોજે, યુવક મહોત્સવોમાં ભાગ લે અને રાજ્ય કક્ષા સુધી કચ્છનું પ્રતિનિધિત્વ કરે.

જેમને આપણે આજે ગુજરાતનાં ગરવાં ગાયિકા હેમા દેસાઇ તરીકે ઓળખીએ છીએ એ હેમાબહેન નાણાવટી તરીકે એ વખતે ગાંધીધામ રહે, અને પોતાનાં બહેન જ્યુથિકાબહેન સાથે આ બધી સંગીત સ્પર્ધાઓમાં ભાગ લે. એવી એક સ્પર્ધામાં એકવાર પપ્પા પણ ખરા અને હેમાબહેન પણ. ઇનામ પપ્પાને મળ્યું. આ વાત જ્યારે પણ પપ્પા પાસે સાંભળી છે ત્યારે અમને એમના અવાજમાં આજના આટલાં સમર્થ ગાયિકા સામે જીત્યાના ગૌરવ કરતાંય એમની સાથે એ સમયે પ્રસ્તુતિ કર્યાનો આનંદ વધુ સંભળાયો છે.

અરે, હમણાં સુધી કચ્છના નાના મોટા કોઈ પણ કાર્યક્રમમાં 'વંદે માતરમ્' તો પપ્પા જ ગાય એવો સહુનો આગ્રહ. કેમ કે બહુ જ સુંદર અને નોખી ઢબે પપ્પા એ ગાય. કચ્છીઓના હૈયામાં જેનું રાષ્ટ્રગીત જેવું સન્માન છે એવી રચના 'મુંજી માતૃભૂમિ કે નમન' તો પપ્પાના કંઠમાં બીબીસીના બ્રિટિશ આર્કાઇવ્ઝ'માં પણ સચવાયેલી છે.

આટલો સુરીલો સ્વર ઘરમાં જ હોય, તો ઘરનું વાતાવરણ કેટલું સુરીલું રહે!

ઉપલી પાળના જૂના ઘરની મેડી હોય કે નવા ઘર 'કોમલ ધૈવત'નો ખાસ સંગીતની બેઠક કરી શકાય એ હેતુથી જ બનાવેલો લાંબો, મોટો ડ્રોઈંગ રૂમ.. આકાશવાણીના અને બીજા જુદા જુદા કાર્યક્રમો, કોન્સર્ટસ કે રેકર્ડિંગ્ઝની તૈયારી કરવા સહુ કલાકારો ભેગા થાય, રિહર્સલ્સ થાય અને ચાની સાથે સાથે રમૂજો પણ થાય.. એ વાતાવરણ, એ કવિતાઓ, ગીતો, ગઝલોના એ શબ્દો, એ સ્વરો,એ ગુંજ હજી પણ મનમાં એમ ને એમ જીવંત છે.

આકાશવાણીના કેન્દ્ર નિયામક તરીકે શ્રીમતી મીનાક્ષી દેસાઈ ભુજ રહ્યાં એ સમયમાં તેમણે અંગત રસ લઈને પસંદ કરેલાં સંસ્કૃત સ્તોત્રો સ્વરબદ્ધ કરાવ્યાં અને સમૂહ સ્વરમાં રેકર્ડ પણ કરાવ્યા. એ બધાં રિહર્સલ્સ ઘરમાં થાય અને એ રીતે આ બધાં સ્તોત્ર પણ સતત કાનમાં રેડાય. આજે કદાચ એટલે જ કોઈ પણ કાર્યક્રમમાં બોલતાં બોલતાં આવા કોઈ શ્લોક કે મંત્ર કડકડાટ બોલાઈ જાય ત્યારે મારા સંસ્કૃત વિશે કે

મારાથી મોઢે જ સડસડાટ બોલાઈ જતી કાવ્યપંક્તિઓ વિશે અહોભાવ વ્યક્ત કરનારા ગુણી શ્રોતાઓને એ ક્યાંથી ખબર હોય કે આમ અનાયાસ જ જે હોઠ પર આવી જાય છે એ તો સાવ નાના નાના અંકુર માત્ર છે એ બીજના.. કે જે બાળપણથી જ કાનમાં અને મનમાં રોપાયાં છે.

અમારા બંને બહેનોના કાનમાં તો અમારો જન્મ થાય એના પણ પહેલાંથી આ સૂરો રેડાતા રહ્યા હશે ને?!! અરે, અમે તો એટલાં નસીબદાર છીએ કે અમને સુવડાવવા હાલરડાંય પપ્પા ગાય.. અમારા ઘરના હીંચકા ઉપર બે'ય છેડે બે તકિયા પર અમારા બન્નેનાં માથાં હોય અને પપ્પા અમારા બે'યના પગ ખોળામાં લઈને વચ્ચે બેસે.એ હીંચકાને ઠેસ મારતા જાય, ગાતા જાય અને અમે ઘેરાતી આંખે સપનાંમાં સરતાં જઈએ..

અમને તો વાર્તાઓ પણ પપ્પા કહે. જાતજાતની અને ભાતભાતની.. એમાં પંચતંત્ર, હિતોપદેશ, કથા સરિત્સાગરની સાથે સાથે ગિજુભાઈની બાળવાર્તાઓ, બકોર પટેલ, મિયાં ફુસકી, અડુકિયો-દડુકિયો, છકોમકો, છેલછબો એ બધી વાર્તાઓ તો હોય જ હોય.. પણ પપ્પા અંગ્રેજી પણ ભણાવે એટલે વિશ્વની ઉત્તમ વાર્તાઓ પણ અમને કહે.. એટલે જ શેક્સપિયરની 'મર્ચન્ટ ઑફ વેનિસ'ના એન્ટોનિયો-બેસેનિયોની પાક્કી ભાઇબંધી, અણીના સમયે અદાલતમાં પોર્શિયાની દમદાર એન્ટ્રી, કિંગ લિયરની આપકર્મી અને બાપકર્મી દીકરીઓની દશા, એકબીજાની ખુશીને ખાતર પોતાની સહુથી મૂલ્યવાન જણસને વગર વિચાર્યે કુરબાન કરી દેનાર ઓ.હેનરીની 'ગિફ્ટ ઑફ મજાઈ'ના નાદાન જિમ અને ડેલા.. આ બધાંને અમે સગ્ગી આંખે જોયાં છે. સુંદર સિન્ડ્રેલાની સાથે ફર્યાં છીએ, હસ્યાં છીએ, રડ્યાં છીએ.. ને અરેબિયન નાઈટ્સની જાદુઈ શેતરંજીઓ પર ઊડ્યાં છીએ. ત્યારથી અમે તો સાચે જ એ મધુરતાના અને મુગ્ધતાના; વિચારના અને વિસ્મયના એ વિરાટના હિંડોળે બસ, ઝૂલતાં જ રહ્યાં છીએ.

નાનાં-નાનાં હતાં ત્યારથી જન્મદિવસની ભેટમાં પણ ફૂલવાડી, રમકડું, ચાંદામામા.. એ બધાંનું લવાજમ મળે. પછી ભેટમાં પુસ્તકો મળતાં થયાં. મારા એકવીસમા વર્ષે પપ્પાએ મને ભેટ આપ્યું ઓશોનું 'કૃષ્ણ મારી દૃષ્ટિએ'. એનાં ઘણાં વર્ષો પહેલાં એકવાર મેં પપ્પાને પૂછ્યું, '' પપ્પા, આ ઓશો બહુ બદનામ વ્યક્તિ છે?'' પપ્પા કહે, ''બીજાનું સાંભળીને કંઈ પણ માની લેવા કરતાં તમે પોતે જ વાંચો, વિચારો અને નક્કી કરો..''

ગુણવંત શાહ જેમ હીંચકા યુનિવર્સિટી કહે છે ને, એમ મારે પપ્પા સાથે હીંચકા ઉપનિષદ સર્જાય. અંગ્રેજીના કોઈ અઘરા પાઠ સમજવા હોય કે કોઈ વક્તૃત્વ સ્પર્ધા કે નિબંધ સ્પર્ધાની સ્ક્રિપ્ટ તૈયાર કરવાની હોય, પપ્પા એની લાક્ષણિક મુદ્રામાં તકિયાને ટેકે પગ પર પગ ચડાવીને બેઠા હોય અને હુંય એ જ હીંચકા પર, પપ્પાના પગ પાસે. એ કહેતા જાય, હું

સાંભળતી જાઉં, એ બોલતા જાય, હું લખતી જાઉં.

પપ્પાની વિચારવાની અને વાત કરવાની ઢબ જ એવી કે એનાં વાક્યો આપોઆપ કથન બની જાય. દાખલા તરીકે અમે કોઈ વસ્તુની જિદ કરી હોય કે ''અમને તો આ જોઈએ જ'', અથવા તો ''આ જ વસ્તુ જોઈએ'' કે બીજા કોઈએ એમ કહ્યું હોય કે ''આમ જ થવું જોઈએ'' ત્યારે એ તરત કહે કે ''..' જ ' જડતા નો ' જ '..'' બોલો, બની ગયું ને આ માર્મિક કથન?! અથવા તો એ એમ કહે કે ''શબ્દકોશમાં ભલે ન લખ્યું હોય પણ જડતા એ જીવનનો વિરુદ્ધાર્થી શબ્દ છે.'' એટલે જ, તમે માનશો, પપ્પાના ભાઈબંધો પપ્પાએ જોડી કાઢેલાં આવાં અવનવાં વાક્યો અને શબ્દોના એવા રસિયા કે કોઈ પણ વ્યક્તિ એવો શબ્દ કે એવું વાક્ય બોલે, તો એ લોકો તરત એમ કહે કે આ તો 'કીર્તિકોશ'માંથી આવ્યું લાગે છે! કેમ કે પપ્પા પોતાના પ્રિય ગાંઠિયાને 'નોટિયા' ને જલેબીને 'વોટરેબી' કહે.. અરે, આવા તો એટલા બધા જાતજાતના શબ્દો અને વાક્યો છે, કે એને ખોલવા બેસું, તો વરસોનાં વરસ લાગે..

કોઈ નવી વસ્તુની અમે માગણી કરીએ એટલે તરત કહે, "First deserve, then desire" કોઈ પણ વસ્તુ માગતાં પહેલાં એને યોગ્ય બનવું એ ઇચ્છવાયોગ્ય. અંગ્રેજી, ગુજરાતી, સંસ્કૃત, હિન્દીમાં અનેક કહેવતો, રૂઢિપ્રયોગો, સુભાષિતો તો વાત વાતમાં એમની વાતોમાં આવી જાય. કંઈ પણ એવી વાત હોય એટલે પપ્પા તરત કહે કે ''અતિરેક તો અમૃતનો પણ સારો નહિ'' ..અને પાછળ પાછળ સંદર્ભ પણ આવી જાય હો..

''અતિ દાને બલિરાજા, અતિ ગર્વેણ રાવણ, અતિ રુપેણ સતી સીતા, અતિ સર્વત્ર વર્જયેત.''

અરે, મહાભારત અને ગીતાની એવી કેટલીય પંક્તિઓ આમ વાતવાતમાં જ આવે. પપ્પાને ગાંઠિયા બહુ જ ભાવે. અમુક ઉંમરે એ પેટને નડે એવી ખબર હોવા છતાં ક્યારેક તો અમે ઠપકારી લઈએ. એટલે પપ્પા કહે કે ''આપણું બધાનું આમ તો દુર્યોધન જેવું હોય છે. ''જાનામિ ધર્મમ્ ન ચ મે પ્રવૃત્તિમ્, જાનામિ અધર્મમ્ ન ચ મે નિવૃત્તિમ્..'' અમને કંઈ પણ શીખવી દેવાનો કોઈ ભાર નહિ. તોય સાવ સહજ રીતે, ડગલે ને પગલે અમારી કેળવણી આવી રીતે અમારી સાથે જ ચાલે.

મીરાંના વિષના પ્યાલાની વાત હોય કે અહલ્યાના પાષાણ થઈ જવાની વાત.. પપ્પા શક્યતા બતાવે કે આ બધાં તો બાહ્ય પ્રતીક હોય એવું ન બને?.. આપણે એની અંદર ઊતરીએ, તો અનુભવી શકીએ કે એક નિર્દોષ સ્ત્રીને જો એનો પોતાનો પતિ જ ચરિત્રહીન માની લે, તો એ સ્ત્રી આઘાતથી જડ થઈ જાય કે નહિ?અને એ પાષાણવત્ સ્ત્રીનાં આહત હૃદયને જો કોઇની સહાનુભૂતિનો, કરુણાનો સ્પર્શ મળે તો એની જડ થઈ ગયેલી ચેતના ઝરણું થઈને વહી નીકળે એ સ્વાભાવિક નથી?!

એક વાર્તાની અંદરની વાર્તાને ઉકેલવાની અને

સ્થૂળ દેખાતી ઘટનાઓમાં સૂક્ષ્મને જોવાની આ જુદી જ દૃષ્ટિ, એ પણ પપ્પાની જ પ્રસાદી ને!

૨૭ માર્ચ, ૨૦૧૭ના વિશ્વ રંગભૂમિ દિન નિમિત્તે અમદાવાદના 'વિશાલા' ખાતે ધીરુબહેન પટેલ, ઘનશ્યામ નાયક ઉર્ફે નટુકાકા, દીપક ઘીવાળા, રાગિણી જેવા અનેક નામી નાટ્યકર્મીઓ સાથે પપ્પાનું પણ ભવ્ય સન્માન થયું કેમ કે પપ્પા એક અચ્છા નાટ્ય કલાકાર પણ ખરા. યુવાવયથી જ બહોત નહાયો ગોપાલ, બૈરી મારી બાપ રે બાપ, છતમાં થકી ગયાં, ચકડોળ, સંતુ રંગીલી જેવાં અસંખ્ય સ્ટેજ નાટકો, અનેક રેડિયો નાટકોની સાથે સાથે પછી તો મૂંઝારો, હેપ્પી ફેમિલી પ્રાઈવેટ લિમિટેડ અને લગાન જેવી અનેક ફિલ્મોમાં પણ અભિનય કરવાનું થયું. લગાનના શૂટિંગ વખતે તો સળંગ છએક મહિના સુધી આખી ટીમ સાથે રહેવાનું હતું. પોતાનો શોટ ન હોય એવા સમયે બધા કલાકારો પપ્પાની આસપાસ મંડળી જમાવે ને પપ્પાને ગાવાનું કહે. આમીર ખાન, કિરણ ખાન (જે એ વખતે કિરણ રાવ હતાં) અને યુનિટના લગભગ બધા જ કલાકારો પપ્પાના એવા ચાહક થઈ ગયા હતા કે એક સાંજે પપ્પાની ગઝલોનો એક ખાસ કાર્યક્રમ પોતે જ્યાં રહેતા એ ટાવરની અગાશી પર આમિર ખાને ગોઠવ્યો અને પોતે પણ આનંદથી એમાં ગાયું. લગાનની ટીમના તો અનેક કલાકારો પપ્પાના ખાસ મિત્રો બની ગયેલા.

આમેય પપ્પાને પાર વગરના મિત્રો. ભુજની ઓલ્ફ્રેડ હાઈસ્કૂલમાં એ તો ભાષા શિક્ષક, પણ પોતાની સંગીત, સાહિત્યની પ્રવૃત્તિને લીધે એ વિજ્ઞાનના વિદ્યાર્થીઓમાં પણ પ્રિય. રાષ્ટ્રભાષા હિન્દીના પ્રસારનું કામ હોય કે રાષ્ટ્રીય અંધજન મંડળની સેવાનું કામ, એ આવી કેટલીય પ્રવૃત્તિમાં સક્રિય. જેણે સંગીત અને નાટકના ઉત્તમોત્તમ કાર્યક્રમોની ભેટ ભુજના ભાવકોને આપી એ સાંનિધ્ય કલા સંસ્થાના પ્રમુખ તરીકે પણ છેક સુધી સક્રિય. તમને થશે કે પ્રવૃત્તિ વધુ હોય તો મિત્રો પણ વધુ હોય જ ને, પણ અહીંયા ખૂબીની વાત એ છે કે પ્રવૃત્તિ કરતાંય પપ્પાની પ્રકૃતિને લીધે એના મિત્રો અપાર. પપ્પાની સેન્સ ઑફ હ્યુમર, પ્રેઝન્સ ઑફ માઈન્ડ અને વાત કરવાની ઢબ પણ એટલી જોરદાર કે એ જ્યાં જાય ત્યાં, કુટુંબ હોય કે મિત્રો, પપ્પા આપોઆપ કેન્દ્રમાં આવી જાય. એ જે બોલે એ આપોઆપ રમૂજ બની જાય અને લોકો હસી જ પડે એવી તત્ક્ષણ રમૂજો એને સ્ફૂરે.

મારા દાદા પ્રસન્નરાય હાથી એ વખતે એક શિસ્તપ્રિય ગાંધીવાદી શિક્ષક, હિન્દીના પ્રચારક અને પ્રખર વક્તા તરીકે ભુજમાં ખૂબ જાણીતા અને પપ્પાની કારકિર્દીની તો હજી સાવ શરૂઆત. એમાં જંગલ ખાતાની નવી નવી નોકરી માટે જૂનાગઢ જવાનું થયું. ઑફિસમાં હજી પહેલો દિવસ અને કોઈ નાગરપ્રેમી સજ્જન મળી ગયા જે અહોભાવપૂર્વક કહેવા લાગ્યા કે ''તમારા નાગરોનાં નામ બહુ સરસ.. અને નામ તેવા ગુણ પણ ખરા..'' હવે પપ્પા જેનું નામ..એણે તો

પોતાની સ્વાભાવિક ઢબે જવાબ આપ્યો, ''વાત તો તમારી સાચી, પણ મારી બાબતમાં ઊલટું છે. પ્રસન્ન હું વધારે રહું છું અને કીર્તિ મારા બાપની વધારે છે.'' ('બાપ' એ એ વખતનો માનવાચક શબ્દ હતો) હવે તત્કાળ આવો અણધાર્યો ઉત્તર સાંભળીને કોઈ હસ્યા વગર રહે ખરું?!

ક્યારેક જો પપ્પા શાંત હોય ને, તો એના ભાઈબંધો હાથે કરીને કોઈક એવો મમરો મૂકે કે જેનો પપ્પા પાસેથી એવો જવાબ મળે કે બધાને મોજ પડી જાય. વધુ મજાની વાત તો એ કે ભાઈબંધોના દીકરા પપ્પાના વધુ પાક્કા ભાઈબંધ થઈ જાય. અરે, દીકરાથીય નાની ઉંમરના પણ પપ્પાના દોસ્તાર!

પપ્પા એકદમ સરળ, સહજ અને આનંદી તો ખરા જ, પણ સંસારમાં રહેવા છતાં એટલા બધા નિષ્ફિકર કે મારાં દાદી અને બીજા કેટલાક વડીલો તો ખાનગીમાં એને નરસિંહ મહેતો જ કહે. ખરેખર, મનની જે સ્થિતિને પ્રાપ્ત કરવા મોટા ભાગનાએ સાધના કરવી પડે એ સ્થિતિ એમને સહજ સિદ્ધ હતી. એ હસતાં હસતાં ઘણી વાર કહે, કે ''હું તો ફકીર માણસ..'' અને ખરેખર, એ અંદરથી ફકીર જ હો.

જો કોઈ એને પૈસા બાબતે છેતરી જાય ને, તોય એ તો સહજતાથી કહે, ''હશે, એ માગતો હશે આપણી પાસે.'' જે કોઈ પણ એની પાસેથી પૈસા માગે એને ખુલ્લા દિલે આપી દે અને કોઈ જો એ બાબતે ટોકે તો તરત કહે કે ''આ પૈસા આપણા હતા જ નહિ, એ તો એના જ હતા જે અત્યાર સુધી આપણી પાસે હતા. આપણે તો ફક્ત એના ટ્રસ્ટી છીએ, રખેવાળ; માલિક નહિ. માલિક તો આ દુનિયામાં એક જ છે.''

આપણે તો ભગવાનને ય ખાલી કહીએ છીએ કે તારા પર ભરોસો છે, વહાલા. પણ ચિંતાનો, વ્યવસ્થાનો ભાર છૂટતો નથી. જ્યારે પપ્પા તો એકવાર કોઈની પણ ઉપર ભરોસો મૂકે, પછી ભાર ન રાખે. જેલમનાં લગ્ન વખતે જેમણે ભોજનની તમામ વ્યવસ્થા સંભાળી હતી એ ભાઈબંધો તો એ વખતે પણ મજાક કરતા હતા કે ''જો જો હો, કીર્તિભાઈ ધુનમાં ને ધુનમાં અહિયાં પણ વધાવો લખાવી ને નીકળી ન જાય..'' એવા મસ્ત માણસ.

એ છેક સુધી આવી મસ્તીમાં રહી શક્યા એનું મોટું કારણ મમ્મી. રાજ્યની શ્રેષ્ઠ શાળાની ભાષા શિક્ષિકાની આકરી નોકરી છતાં પપ્પાના ભાગના ઘણાખરા સામાજિક વ્યવહારો નિભાવવાની જવાબદારી એણે એટલી જ સહજતાથી સ્વીકારી. એ અખંડ વ્યસ્ત રહી એટલે પપ્પા અખંડ મસ્ત રહ્યા.

નહિ તો બે દીકરીઓનો બાપ કોઈ દિ' બેફિકર રહી શકે?! એ રહી શક્યા કેમ કે એ સતત અમારી સાથે રહ્યા, માથે નહીં. એણે અમને મર્યાદા નામની કોઈ કાંટાળી વાડમાં બાંધ્યાં નહીં, પણ દુનિયાની તમામ વાડ અને વાડાઓની પાર જોતાં શીખવ્યું. એણે અમને ચડવા દીધાં અને પડવા પણ દીધાં. મમ્મી

ચિંતાળુ એટલે ક્યારેક અમને કંઈ કરતાં રોકે તો પપ્પા તરત કહે, ''અનુભવ કરવા દે, પોતે શીખશે.'' અને જો નાનું મોટું કંઈ પણ નુકસાન થાય તો તરત પપ્પાનો તકિયાકલામ..'' કાંઈ વાંધો નહીં.. આટલું અનુભવ ખાતે ઉધાર..'' ભણવામાં પણ પહેલા નંબરનું પ્રેશર અમે ક્યારેય અનુભવ્યું નથી. આવું મસ્ત, મોજીલું, બિન્ધાસ્ત બાળપણ પણ બહુ ઓછાને મળ્યું હશે.

બારમા પછી આગળ શું કરવું એમાં પણ એ અમને વિકલ્પો બતાવે, શક્યતા પણ બતાવે. પછી પસંદગી પણ અમારે જ કરવાની અને નિર્ણય પણ. અમે મોટાં થયાં એ પછી પણ જીવનની વાત હોય કે જીવનસાથીની.. અમારી તમામ પસંદગીના મુદ્દે જે વિશ્વાસ એમણે અમારામાં મૂક્યો, જે મોકળાશ અમને આપી, જે સ્વીકારભાવ બતાવ્યો એ તો અજોડ અને અનન્ય. એટલે જ અમે અમારી મસ્તીમાં મહોરી શક્યાં. સાહેબ, આવી અને આટલી મોકળાશ તો એ જ આપી શકે જેને પોતાના વાવેતરમાં વિશ્વાસ હોય! એણે અમને અંદરથી જ એવાં સભર કરી દીધાં, એવાં માંજી દીધાં કે બહારનો કોઈ વૈભવ અમને આંજી ન શકે.

વિચારનું હોય કે વ્યવહારનું.. બંધિયારપણું પપ્પાને રુચે નહિ એટલે પ્રવાસ કરવા બહુ ગમે. અંદરનો પ્રવાસ તો નિરંતર ચાલે.. પણ બહારના પ્રવાસ પણ કરતા રહે.. જ્યારે પણ પ્રવાસમાં જાય ત્યારે એક બાળક જેવું વિસ્મય લઈને જાય. બીજી કેટલીક બાબતોમાં કરકસર કરવાની પણ વૅકેશનમાં અચૂક ફરવાનું. ભારત ઉપરાંત બીજા લગભગ પંદરેક દેશ જોઈ શકાયાનો એમને બહુ આનંદ. એ પ્રવાસોનું વર્ણન એમની પાસે સાંભળવાની તો મજા જ જુદી. કેમ કે એ કોઈ પણ વાત માંડે એટલે મહેફિલ જામી જાય.

આજે પણ એનું નામ લેતાંની સાથે જ એના સહુ મિત્રો અને સ્વજનોની આંખમાં જે ચમક અને અવાજમાં જે રોનક આવી જાય છે એ જોઈને ખરેખર લાગે કે એક કીર્તિમાન સ્થાપી દીધો છે એણે સહુનાં હૃદયમાં. મુલાયમ અવાજનો ને અલગારી મિજાજનો કીર્તિમાન.. ભારથી ભરેલાં આ જીવનમાં હળવાશનો કીર્તિમાન.. ને અવિશ્વાસ અને અંધવિશ્વાસ વચ્ચે અટવાતા આ જગતમાં વિશ્વાસનો કીર્તિમાન.

મારા તો શ્વાસમાં અને વિશ્વાસમાં, અવાજમાં અને અક્ષરમાં, અનુભૂતિમાં અને અભિવ્યક્તિમાં, વિચારમાં અને વ્યવહારમાં.. સતત પપ્પા જ પ્રગટતા રહે છે.. હું તો બસ, એ વારસો જ વહેંચું છું. હવે સાચ્ચું કહેજો, હજી પણ મને પપ્પાએ જ ઊંચકેલી છે એ વાતમાં જરાય અતિશયોક્તિ છે???

**ડૉ. માર્ગી હાથી**

# પપ્પાનું સોલ્યુશનઃ 'જીવઝ'

- ડૉ. શર્વરી દીક્ષિત




'કોઈ પણ મુશ્કેલી કે અઘરું કામ અથવા કોયડો ઉકેલવાનો હોય, તો મળો યા લખો ''જીવઝ''! મારા નાનપણથી જ આ વાક્ય હું પચાવી ને જ મોટી થઈ છું.

જેવું સચોટ અને ખરું મારા પપ્પાનું નામ હતું, એવો જ એમનો નિખાલસ અને આનંદી સ્વભાવ હતો.. અતીસુખ દીક્ષિત, એટલે મારા પપ્પા. એ મને એમનો આ સવભાવ સોંપતા ગયા છે. એ બદલ 'થેંક યુ' અને ખૂબ વહાલ.

મારા પપ્પાને વાંચવાનો ઘણો શોખ હતો. ગુજરાતી લિટરેચર સાથે મારાં મમ્મી ને પપ્પા બન્ને તે વખતની બરોડા કૉલેજમાં ભણેલાં.

વ્યવસાયથી મારા પપ્પા Lawyer અને તે પણ મોટી નેશનલ બૅન્કમાંથી શરૂઆત



નોકરીની કરેલી. આગળ જતાં ટોચ સુધીની પોસ્ટ ઉપર પહોંચી ને રિટાયર થયા. મારું બાળપણ એમની બદલીઓ સાથે ભારતની બહાર જવધારે સમય રહ્યું.

નાનપણથી જ અમારે ઘેર ચોપડીઓનો ખજાનો રહેતો. તે વખતમાં રેડિયો હતા, પણ ટી.વી. હજી અમારે ઘેર સુધી નોતો આવ્યો, પણ ચોપડીઓની નદી વહેતી. પપ્પા બૅન્કમાં જોડાયા પછી એમને Mercantile Bankingમાં experience લેવા London UK બે વરસ માટે મોકલ્યા હતા. ત્યાંથી

નાનપણથી જ અમારે ઘેર ચોપડીઓનો ખજાનો રહેતો. તે વખતમાં રેડિયો હતા, પણ ટી.વી. હજી અમારે ઘેર સુધી નોતો આવ્યો, પણ ચોપડીઓની નદી વહેતી

જ એમને લાઈબ્રેરીમાંથી તે વખતના જાણીતા ને નવા બ્રિટિશ authors વાંચવામાં રસ પડ્યો હતો. પહેલાંથી જ ગુજરાતી ને ઈંગ્લિશ બન્ને ગમે પણ આટલી બધી નવી british authorsની બુક્સ ભારતમાં નો'તી વાંચી. તે ત્યાંથી શરૂ થઇ.

મારા જન્મ પહેલાં જ પપ્પાની બદલી Fiji Islands થઈ હતી. બાળપણનાં મુખ્ય વરસો હું ત્યાં મોટી થઈ. ફીજીમાં મારી મોટી બેન સ્કૂલમાં હતી અને મોટા ભાઈ પણ ત્યાં high schoolમાં હતા, પણ હું અંગૂઠા પ્રેસ હતી કારણ નાની, પણ પછી?? પછી પણ એવું જ!! કેમ કે ફીજીમાં કાયદો હતો કે સાત વરસે પહેલી વાર સ્કૂલમાં દાખલ થવાનું!! પપ્પામ્મમીને તો થયું કે આ નાની ક્યારે ભણવા જશે? ખબર છે ને હવે તો છોકરું પેટમાં હોય ત્યારે મા-બાપ ઍડમિશનની લાઈનમાં ઊભાં રહે છે? તો તે વખતે ફીજીમાં આવો રૂલ હતો!! બ્રિટિશ કૉલોની હોવાથી જે રૂલ હતો, તે હતો!

મારાં મમ્મીએ તો આવા રૂલથી અવાક થઈને ફટાફટ મને પોતે જ ઘેર ભણાવવા માંડ્યું. ત્યારે કંઈ home schooling concept હતો જ નહીં, પણ ભણ્યા વગર કેમ ચાલે? એટલે મારે માટે બુક્સ આવવા લાગી. મમ્મી મને ઘેર ભણાવે. મારી દીદીનું ગુજરાતી ભુલાઈ ના જાય એટલા માટે ગુજરાતી રેકર્ડ્ઝ ને અખંડ આનંદ પણ ફીજીમાં આવતાં. પપ્પાએ UKની સ્કૂલ પ્રમાણે syllabusની બુક્સ મંગાવવા માંડી ને હું લખતાં, વાંચતાં ને ભણતાં શીખી.

ફીજી નાનું પણ વ્યસ્ત ટાપુ હતો. British Colony તરીકે એમાં જે ઇંગ્લૅન્ડમાં મળે તે બધું જ છૂટથી આવતું. ત્યાં કોઈ લાઇબ્રેરી નો'તી એટલે એક જ બુક સ્ટોર હતો તેનું મહત્ત્વ અમારા ઘરમાં બહુ જ વધારે હતું. નવસારી સૂરત બાજુના વતની દેસાઈભાઈનો ''દેસાઇ બુક ડેપો' એક જ સ્ટોર હતો. વરસગાંઠ હોય કે સ્કૂલનું સરસ રિઝલ્ટ, અમને તો બુક્સ જ ગિફ્ટમાં મળે ને અમને પણ એ ખૂબજ ગમે. જોતજોતાંમાં ઘરની દરેક વ્યક્તિ બુક સીરીઝ ધીમે ધીમે વાંચી ને collect કરવા માંડ્યું.

સૌથી નાના હોવાનો મોટો ફાયદો એ, કે બધાંની બધી જ ચોપડીઓ મેં ખૂબ સમય લઈને વાંચી. પપ્પા દર રવિવારે દેસાઈ બુક સ્ટોરમાં અમને બધાને લઈ જતાં ને તે વખતે અમારા લિસ્ટમાં જે બુક લેવાની હોય તેની પૉકેટ ફંડ વાપરવા દેતા.

UK Penguin Pressમાંથી ઘણી બુક્સ તે વખતની classics સીરીઝની રિલીઝ થઇ હશે. કારણકે આખી ને આખી સીરીઝ અમારા ઘરમાં હતી ને અમે બધાં જ વાંચતાં. હું મારી ઉંમર પ્રમાણે પણ ધીમે ધીમે બધીજ.

પપ્પા મને નાનપણમાં જેટલું indulge કરતાં

એના કરતાં પણ ઘણું વધારે મારા adulthoodમાં કરતાં. હું કૉલેજમાં હતી ત્યારે પપ્પા રિટાયર થયા. ત્યાર પછી અમે બન્ને મળીને ઘણી બધી બુક્સ ફરી વાંચી. Anton Chekov, Graham Greene, John Mortimer, Oscar Wilde, Rudyard Kipling, Arthur Conan Doyle, Edgar Allan Poe, થી માંડી ને Charles Dickens, Jane Austen, Dostoevsky, Dante, George Eliot, Ernest Hemmingway, Robert Louis Stevenson, Oscar Wild and Mark Twain. થોડી મને ગમતી ને થોડી ડિસક્સ કરવા માટે વાંચતી, પણ અમે બન્ને ખૂબ વાંચતાં.

મને પોતાને નાનપણના ફેવરિટ્સ Enid Blyton ને Louisa May Alcott સાથે હવે Jane Austen ને Agatha Christie ખૂબ જ ગમતા ને હજી પણ ગમે છે. હું ઘણું Non Fiction પણ વાંચું છું ને કદાચ પ્રિફર કરું છું. પપ્પા ત્યાં સુધીમાં આધ્યાત્મિક વાંચન પણ ખૂબ કરતા. પણ મારી સાથે ડિસ્કશન કરવા હજી પણ આ બધી બુકસ વાંચતા, પણ અમને બન્નેને અતિશય પ્રિય એવી P G Wodehouseની બધી જ ચોપડીઓ. સેટાયરિકલ હ્યૂમર તો કદાચ જ કોઈ આવું ફરી લખી શકે અને વોડહાઉસ ક્યારેય ઈન્ડિયા નહીં ગયેલા, તોય સૌથી વધારે પોપ્યુલર ઈન્ડિયામાં બન્યા એમ લાગે. Original paperback editions જ્યારે બહાર પડ્યા ત્યારની બધી વોડહાઉસ બન્નેને વાંચવાનું બહુ જ ગમતું. હું તે વરસોમાં વડોદરા ભણતી હતી ને Psychology સાથે Music College પણ કરતી હતી. અમે ઘણી ચોપડીઓ ડ્રામા ફૉર્મમાં convert કરી ને જાણે પાત્રો પ્લે કરતાં હોઈએ એમ વાંચતા. પપ્પા, મમ્મી ને હું. ખૂબ જ હસાહસમાં કૉલેજથી આવીને ચા-કૉફી પીતાં પીતાં સમય પસાર થતો.

જે વરસોમાં પપ્પા ચાલ્યા ગયા, તે વરસોમાં હું USAમાં Post Doctorate કરતી હતી. મારા રીડિંગ પાર્ટનર નીમને ખૂબ ખોટ લાગતી. USAમાં આમ પણ વસતી ઓછી ને ઘરથી બહુ દૂર. જ્યારે બિલકુલ ગમે નહી ને એકલું લાગે ત્યારે યાદ આવ્યું એ જૂનું વાક્યઃ 'મુશ્કેલીમાં મળો યા લખોઃ જીવઝ'!!

તે વખતે હું મોટી યુનિવર્સિટીમાં ભણતી હતી. ત્યાં એક નહીં ૧૯ લાઈબ્રેરી મને મળતી હતી, તે પણ ફક્ત મારી યુનિવર્સિટીમાં જ!! મેં એક એક કરીને ફરીથી P G Wodehouse વાંચવા માંડી. સૌથી પહેલી Code of the Woosters!! અને ૨૦૨૦ માર્ચ મહિનાથી જે લોકડાઉનની એકલતા છે, એમાં ફરીથી સોલ્યુશન શરુ કરી દીધું છે....

**ડૉ. શર્વરી દીક્ષિત**

# પપ્પાની છત્રી

– દીના વછરાજાની



અમારી માએ તો અમને હંમેશાં બધી રૂઢિથી મુક્ત જ રાખ્યાં, પણ પપ્પાએ પણ પુરુષપ્રધાન વિચારધારાથી વેગળા રહી અમને ક્યાંય બાંધવાની કોશિશ ન કરી

માતા-પિતા વિશે લખવું એટલે આપણી હયાતીના હસ્તાક્ષર પાડવા. આજે આપણે જે છીએ, જેવા છીએ એ એમની જિંદગીભરનો નિચોડ છે. મા – મમ્મી – માતા વિશે વિચારીએ ત્યારે એક પાલવ યાદ આવે છે.... જેણે જિંદગીભર આપણને કોઈ તડકો કે તોફાન ન અડે એટલે સતત છાંયડો ધર્યો, પણ પિતા – પપ્પા – ડેડી કે ભાઈ.. (હા... ભાઈ... કારણ અમે પપ્પાને 'મનુભાઈ' સંબોધન કરતા. એ સમયે નાગરોમાં એ ચલણ હશે એવું મને લાગે છે) એ એક એવી હસ્તી છે જે પોતાનાં બાળકોને જીવનમાં તોફાન સામે ઝૂઝતાં શીખવે છે. એણે બહારની દુનિયા વધારે જોઈ છે એટલે જાણે છે કે દુનિયામાં જીવવું અને જીતવું હશે તે ઝૂઝવું તો પડશે જ! પણ એ સાથે જ એ એકમાત્ર એવી વ્યક્તિ છે જે સંતાન પર પડતો તાપ વધી જાય ત્યારે છત્રી ધરી ખડેપગે ઊભી રહે છે.



મને યાદ છે મારા જીવનની પહેલી ફોલ્ડિંગ છત્રી મનુભાઈએ મને એ રિટાયર્ડ થયાં ત્યારે એમના છેલ્લા પગારમાંથી લઈ આપી હતી. ભાઈબહેનોમાં હું સૌથી નાની એટલે એ રિટાયર્ડ થયા ત્યારે હું અગિયારમીમાં હતી. મધ્યમ વર્ગની સાદાઈથી જીવતાં અમે લક્ઝરી વસ્તુની માગણી જ ન કરતાં અને ફોલ્ડિંગ છત્રી ત્યારે લક્ઝરી જ હતી. મને સરપ્રાઈઝ આપતાં કહેલું, ''છોટી હવે હવે કૉલેજમાં જશે. તો ફેશનમાં જ જવાનું ને?'' મૂડમાં હોય ત્યારે મારાં મોટાં બેનને ''મોટી બેન'ને મને 'છોટી બેન' બોલાવે.

મને લાગે છે મારા પપ્પા એટલે કે મન્વંતરાય વસાવડા, પોતાના સમયથી ખૂબ વધારે આધુનિક હતા. એમણે અમારાં

ભાઈબહેનોમાં ક્યારેય છોકરા-છોકરી જેવો ભેદ કર્યો જ નહોતો. એટલે જ અમે ખૂબ બધી પ્રવૃત્તિ કરી આત્મવિશ્વાસ મજબૂત કરી શક્યાં. આજથી પંચાવન વર્ષ પહેલાંના સમમાં મારાં મોટાં બેન પોતાની અભિનય કારકિર્દી શરૂ કરી શક્યાં. મારા પપ્પા પોતે સત્તર વર્ષની ઉંમરથી ઘર છોડી રંગૂન-કલકત્તા-મુંબઈમાં જ રહ્યા હતા આ કારણે પણ એમની દૃષ્ટિ આધુનિક હતી. એ સમયમાં છોકરીઓએ રસોઈ તો શીખવી જ પડે એવી માન્યતા હતી ને એમને એ જ રીતે ઉછેરવામાં આવતી. અમારી માએ તો અમને હંમેશાં બધી રૂઢિથી મુક્ત જ રાખ્યાં, પણ પપ્પાએ પણ પુરુષપ્રધાન વિચારધારાથી વેગળા રહી અમને ક્યાંય બાંધવાની કોશિશ ન કરી. મને યાદ છે... મારા ઈન્ટર સાયન્સની પ્રીલિમ્સ સમયે આખું કુટુંબ નજીકનાં સગાંનાં લગ્નમાં પોરબંદર ગયું હતું. પપ્પાએ મારી સાથે રહી અઠવાડિયું રસોઈ કરી જમાડેલી. હવે તો આવું સામાન્ય લાગે, પણ લગભગ અરધી સદી પહેલાંની વાત છે!!

નાના સાથે નાના ને મોટા સાથે મોટા એવો એમનો હસમુખો સ્વભાવ હતો, એટલે કુટુંબમાં પણ બધાં છોકરાંમાં એ પ્રિય હતા. મારા મોટાં ભાઈ-બહેનનાં છોકરાં એમની હૂંફમાં જ ઊછર્યાં. મારી ભાણેજ આજે પણ એમની ઉદાસ પળોમાં આંખ મીંચી દાદાની હૂંફ અને એ સૂંઘતા એ તપખીરની ગંધ અનુભવી શકે છે...!! એમની સાથે બધી વાત કરાય એવો સર્વને ભરોસો. અફસોસ! મારી દીકરીઓએ એમને જોયા પણ નહીં! રજાને દિવસે કે પછી કાકા-ફઈ કોઈ રહેવા આવે ત્યારે ચોપાટ કે પાનાં રમવાંનો પણ એટલો જ શોખ.

એમનો એક કલાકાર જીવ હતો. યુવાનીમાં એમણે રંગૂન-કલકત્તામાં નાટકો પણ ભજવેલાં ને પછી છેવટ સુધી લોકવાર્તા કહેવી એ એમનો શોખ હતો. કુટુંબ ભેગું થાય ત્યારે એક રાત એમના ડાયરા માટે અનામત જ હોય! ને પછી કાદુ મકરાણી... વીર માંગડાવાળો ને જોગીદાસ ખુમાણ જેવાં પાત્રો અમારી નજર સાથે ખડા થઈ જાય. એમનો વારસો જ અમને બન્ને બહેનોને મળ્યો છે.


રિટાયર્ડ થયાં ત્યારે ભાભી પણ ઘરમાં આવી ગયાં હતાં, પણ એ જૉબ કરતાં એટલે મમ્મીને શાક કાપી દેવું - છાશ વલોવી દેવી - શાક કરિયાણું લાવી આપવું એવાં બધાં કામ કરી દેતાં, શાક લેવા જાય તો આજુબાજુવાળા માટે પણ લઈ આવે. કૉર્નરનો કરિયાણાવાળો, ધોબી બધા એમના દોસ્ત. છેવટની ઘડી સુધી ઍક્ટિવ રહ્યા. અંતિમ એટેક આવ્યો ત્યારે છેવટની દવા પણ પોતાને હાથે લીધી ને હાથ જોડી મમ્મીને કહ્યું, ‘‘બધાને કહેજો કે બોલ્યું-ચાલ્યું માફ... હવે હું જાઉં છું...’’ ને બસ વિદાઈ લઈ લીધી. સરળ જીવન જેવું જ સરળ મૃત્યુ!

એમને ગયે પાંત્રીસ વર્ષ થઈ ગયાં. હજુ પણ જીવનમાં જ્યારે જ્યારે તકલીફ આવે... જીવ મૂંઝાય ને સંતાપ-તાપ સતાવે ત્યારે ત્યારે મનને એક ખૂણે વિશ્વાસ હોય કે... પપ્પાના આશીર્વાદરૂપી છત્રી છે ને!!! બધું ઠીક થઈ જશે!!!

**દીના વછરાજાની**

# 'ભાઈ'નો દીકરો હોવાનું અભિમાન છે...

– દીપક માંકડ



ભાઈ એટલે મારા પિતા. મારા આદર્શ... મારા હીરો... તેમણે ઘરે મળવા આવેલા સદ્‌ગૃહસ્થોને કહી દીધું, મને દેશની સેવા કરવા માટે ફ્રીડમ ફાઈટરનો દરજ્જો મળ્યો છે. હું મારું ગૌરવ વેચી શકું નહીં... નમ્રતા અને આંખોમાં ખુમારી સાથે કહેલી એ વાતના શબ્દો મને આજે પણ કાનમાં ગુંજે છે

લગભગ પંદરેક વર્ષ પહેલાંનો એ દિવસ મને બરોબર યાદ છે. કચ્છમિત્રમાં પત્રકાર તરીકે હું જામી ગયો હતો. એ સવારે એક પરિચિત મળવા આવ્યા... સાથે એક અજાણ્યો ચહેરો... તેમણે વાત મૂકી કે તમારા પિતા સ્વાતંત્ર્યસેનાની તરીકે કેટલાક વિશેષાધિકાર ધરાવે છે. કચ્છમાં ફલાણી જગ્યાએ પેટ્રોલ પંપ નાખવો છે. ચંદ્રકાંતભાઈની સહીઓ જોઈએ અને તેમના ડૉક્યુમેન્ટ પણ સાથે રાખજો.

હજુ પગભર માંડ થતો હોય એવા મધ્યમવર્ગીય પરિવાર માટે ઑફર આકર્ષક હતી. લાખોની વાત... પણ મનમાં ખાતરી હતી કે, ભાઈ ન જ માને... ભાઈ એટલે મારા પિતા. મારા આદર્શ... મારા હીરો... તેમણે ઘરે મળવા આવેલા



સદ્‌ગૃહસ્થોને કહી દીધું, મને દેશની સેવા કરવા માટે ફ્રીડમ ફાઇટરનો દરજ્જો મળ્યો છે. હું મારું ગૌરવ વેચી શકું નહીં... નમ્રતા અને આંખોમાં ખુમારી સાથે કહેલી એ વાતના શબ્દો મને આજે પણ કાનમાં ગુંજે છે.

સ્વાતંત્ર્યસેનાનીઓને માનદ પેન્શન ટોકન પૂરતું મળતું... ન ભૂલતો હોઉં તો એ વખતે માસિક રૂ. ૫૦૦ કે ૭૦૦ મળતા. સરકારે કદાચ એટલે જ ગૅસ એજન્સી, પેટ્રોલ પંપ, રાશનની દુકાનના

પરવાનામાં ફ્રીડમ ફાઈટરો માટે કેટેગરી રાખી હશે... અનેક લોકોએ તેનો લાભ લીધો, પણ મારા પિતા નોખી માટીના... પૂરા સંતોષી, પ્રામાણિક અને પારદર્શક.

ચંદ્રકાંત બી. માંકડ એટલે કે મારા પિતાની, અમારી જિંદગી સંઘર્ષમાં નીકળી. શા માટે? એ જાણવા દાયકાઓ પહેલાંના ફ્લેશબેકમાં જવું પડે... એક સ્પષ્ટતા જરૂરી છે. પિતાને અમે 'ભાઈ' કહેતા. એ જમાનામાં પપ્પા શબ્દ વ્યાપક નહોતો ને બાપુજી કે એવું કંઈ સંબોધન તેમને પસંદ નહીં.

મારા દાદા ભગવાનલાલ લાલાજી માંકડ કચ્છરાજમાં પોલીટિકલ બ્રાન્ચના વડા અધિકારી. નાગરી નાતના પહેલા એમ.એ. ફર્સ્ટ ક્લાસ.. એવું મેં સાંભળ્યું છે. બિલકુલ અંગ્રેજ એટીકેટમાં માને. મહારાવ સાથે ટેનિસ રમે. મારા કાકા ઉમાશંકર માંકડ પિતાના ચીલે ચાલ્યા અને કચ્છમાં સિનિયર ધારાશાસ્ત્રી થયા. ભુજના નગરપતિ પણ બન્યા. મારા પિતા નાનપણથી ક્રાંતિકારી વિચારોના. જન્મ થયો ને દસ દિવસમાં જ તેમને માતાની છત્રછાયા હંમેશ માટે ચાલી ગઈ હતી. મારા પિતાએ કહેલી વાતો અને તેમની તેમના મિત્રવર્તુળ સાથેની ચર્ચામાંથી સાંપડેલી વિગતો આજે પણ મગજની હાર્ડડિસ્ક પર સેવ થયેલી છે.

ભાઈનું બાળપણ તોફાન-મસ્તીમાં વીત્યું. ભુજનું એક જમાનાનું ધુરંધર નામ - પ્રાણલાલ શાહની ટોળકીમાં સામેલ. કચ્છરાજ સામેની ચળવળમાં ભાગ લીધો અને ઘરે-ઘરે દેશમાં આઝાદીની ચળવળ બળૂકી બનતી જઈ રહી હતી. મહાત્મા ગાંધીના સત્યાગ્રહી વિચારોએ ભારતના લાખો યુવાનોને લોહચુંબકની જેમ ખેંચી રાખ્યા. એમાં ચંદ્રકાંત પણ સામેલ... તેમણે જીવનભર ખાદી જ પહેરી.

તેમનાં પરાક્રમોની ગાથા-પ્રસંગોનો પાર નથી, પણ આઝાદીના આંદોલનના રંગે રંગાઈને તેમણે નક્કી કર્યું. અંગ્રેજ સરકારની નોકરી તો નથી જ કરવી. એ ગાળામાં રાજાશાહી તેમ જ જુદા-જુદા સરકારી વિભાગો, બૅન્કો, કચેરીઓમાં નાગરોનું વર્ચસ્વ... 'કાલથી આવી જજે' એવા મૌખિક આદેશ સાથે કાયમી નોકરી પાકી. ચંદ્રકાંતભાઈને 'ગુલામી' પસંદ નહોતી. એ દરમ્યાન કોઈક પ્રકરણમાં તેમની સામે વોરન્ટ નીકળવાનું હતું ને કચ્છ બહાર નીકળી ગયા. પહેલાં ઝરિયા ખાતે કોલસાની ખાણમાં કામ કર્યું ને ત્યાંથી પ્રારબ્ધ ખેંચી ગયું ઓરિસ્સા-બોલાંગીર.

ચંદ્રકાંતભાઈ અને મંદાકિનીબેનનું હું આઠમું સંતાન. મારા મોટા બેનને બાદ કરતાં બધાનો જન્મ બોલાંગીરમાં. ત્યાં ટી.આર. ભમ્મર પરિવારનું બીડીપત્તાનું મોટું કામ. ટંકારાના આ શ્રીમંત પરિવારના ઉપક્રમે ભાઈએ ગુજરાતી સ્કૂલ શરૂ કરી. જીવનના

ત્રણ દાયકા સુખ-શાંતિથી વીત્યા. સિત્તેરના દાયકામાં ઓરિસ્સાને હંમેશ માટે રામરામ કરીને પાછા કચ્છ આવ્યા. જીવનની પાટી પર નવેસરથી એકડો ઘૂંટવાનો હતો. કેમ કે કચ્છમાં સ્નેહીજનો, ખાસ તો મારા મોસાળની હૂંફ સિવાય સિલકમાં કંઈ નહીં. ન ઘર, ન જમીન, ન નોકરી... કંઈ જ નહીં. એ લાંબા સંઘર્ષની વાતો તો ઘણી જગા લઈ લેશે, પણ મને પિતા પ્રત્યે અતિ આદર હોવાનું મૂળ કારણ જ એ છે કે, જબરજસ્ત સંઘર્ષમાં જિંદગી વીતી. હાથમાં ક્યારેય બે પૈસાનું સુખ નહીં. ક્યારેક ઘરમાં હાંડલા કુશ્તી કરતા હોય એવા થોકબંધ દિવસો... મોટો પરિવાર... તેમ છતાં કદી પ્રામાણિકતાનો મંત્ર ન મૂક્યો. આ લખનારને જે આવડત મળી, સમાજમાં માન-પાન અને સુખ મળ્યું એ કદાચ પિતાના ત્યાગ કે સંઘર્ષની મૂડીનું વ્યાજ છે એમ હું બેધડક કહી શકું છું. હા, મારાં બા મંદાકિની એટલે સહનશીલતાની મૂર્તિ. પરિવાર માટે તેમનું યોગદાન-બલિદાન અમિટ છે.

થોડી વાત એમની ખૂબીઓની. ઘર-પરિવાર અને આજીવિકા માટે ભારે ઝઝૂમ્યાં છતાં તેમનામાં જાતજાતની આવડત. રેડિયો, ઘડિયાળ રિપેર કરી જાણે, ઇલેક્ટ્રિશિયન તરીકેનું બધું જ કામ કરી જાણતાં. સારા વાંસળીવાદક, તબલાં ને હાર્મોનિયમે વગાડી જાણે... લગભગ એંસી વર્ષના થયા ત્યાં સુધી સાઈકલ ચલાવી... રસોઈ સારી બનાવે... સારા લેખકે ખરા... ભુજમાં 'કચ્છસત્તા' સાપ્તાહિકમાં વર્ષો સુધી કામકાજ સંભાળ્યું.

'નાગરમંજૂષા' માટે લખવા નેહાબેનનું નિમંત્રણ પિતા સાથેની મારી સ્મૃતિ, લાગણી ઘૂંટવા માટે નિમિત્ત બન્યું છે.

પિતાની મોજૂદગી હંમેશાં સૂરજ જેવી હોય છે... સૂરજ કાળઝાળ તાપ વરસાવે, અસહ્ય ગરમી આપે, પણ સૂરજ ન હોય તો? જીવનમાં અંધકાર વ્યાપી જાય. ભાઈ વિચારોમાં એકદમ જુનવાણી, નવી પેઢીનું પરિવર્તન તેમને બિલકુલ નાપસંદ. મને યાદ છે, ક્યારેક તેમની સાથે વૈચારિક સંઘર્ષ થયો હશે. જિદ્દીએ ખરા છતાં એકદમ પ્રેમાળ. ૪થી જાન્યુઆરી ૨૦૧૪ના દિવસે તેમણે ૯૧ વર્ષની વયે અંતિમ શ્વાસ લીધા.

તેમની છત્રછાયા હજુ અનુભવાય છે. બહેનો સાથેની વાતચીતમાં કે મારી બંને દીકરી ખંજન અને રિયાનાં વાણી-વર્તન-તાસીરમાં ચંદ્રકાંતભાઈના જિન્સ દેખાય... ને અરીસામાં ચહેરો જોઉં ત્યારે પણ લાગે... અસલ ભાઈ જેવો છું...

અને એનું મને અભિમાન છે, હંમેશ રહેશે.

**દીપક માંકડ**

# ‘પિતૃ સ્મરણ’

– દિનેશ બુચ



જાહેરમાં જે ભાષા બોલીએ તે ઉચ્ચારદોષ કે જોડણીદોષવિહીન હોવી જોઈએ. આ ક્ષેત્રમાં કશું ચલાવી લેવાની વૃત્તિ તેઓને ન ગમતી. હંમેશા કહેતા કે ઘરમાં ગીતા પછી કોઈ પુસ્તકનું મહત્ત્વ હોય તો તે વિસ્તૃત જોડણીકોશનું હોવું જોઈએ


આત્મનિરીક્ષણ
(શિખરિણી)
મહામુશ્કેલીએ, ભણતર
બી.એ. પ્રાણ ભણિયા
અને દીર્ઘ કાળે, પણ
નહીં જ કામે ઝળકિયા
શરીરે સૂકેલા,
નખશિખ રહ્યા દુર્બલ સદા
(છતાં) કાંઈ લેખાં, સુમનકર
સૌભાગ્ય મહિમા

**-પ્રા. મો. બુચ**

મોહનલાલ રંગીલદાસ બુચના પરિવારજનો પિતાજીને પ્રાણલાલકાકા તરીકે સંબોધતા અને કદાચ આ જ કારણસર અમે ત્રણે ભાઈઓ અમારા પિતાજીને ડેડી, પપ્પા કે બાપુજી ન કહેતાં ‘પ્રાણલાલકાકા’ના નામે જ ઉદ્‌બોધતા. ‘પ્રાણલાલકાકા’ એટલે અમારા પિતા.

સાહિત્યજ્ઞ પ્રાણલાલ-કાકાએ આત્મનિરીક્ષણ ઉપર્યુક્ત સ્વરચિત કાવ્યમાં કર્યું છે. પ્રારંભમાં સ્પષ્ટ કરી દઉં કે આ તેઓએ કરેલ આત્મનિરીક્ષણ તેઓના સર્વાંગી વ્યક્તિત્વને પ્રતિબિંબિત કરતું નથી. અહીં જે પ્રતિબિંબિત થાય છે તે તેઓની સ્વભાવગત નરી નિખાલસ નમ્રતા.

ગુજરાતી, સંસ્કૃત અને અંગ્રેજી ભાષાના અભ્યાસી અને વિદ્વાન. તેઓ કૌટુંબિક, સામાજિક, રાષ્ટ્રીય કે આંતરરાષ્ટ્રીય સ્તરે નાનીમોટી ઘટનાઓ ઘટી હોય તેના પર તેઓ કાવ્ય લખતા. તેઓનાં એકના એક પુત્રી (અમારાં બેન)નું હડકાયું કૂતરું કરડી જવાથી ૧૯૨૩માં પાંચ વર્ષની કુમળી વયે અવસાન થયું ત્યારે ૪૭ વર્ષના અમારા પિતાશ્રીએ તેને



નિવાપાંજલિ આપતું પ્રથમ કાવ્ય લખ્યું. ત્યારથી જ તેઓની કાવ્યધારા આજીવન સતત વહેતી જ રહી. પોતેલ રચેલ રચનાઓને પોતે જોડકણાં જ કહેતા, તેઓ પોતે જ તેઓની કવિતામાં આ વાત કરે છે.

''જોડકણાંના જોતાં જોણાં,
કરતાં રખે વગોણાં
કોઈ અરધાં, કોઈ પોણાં,
ખોડ વિનાના કોનાં?
તોયે પ્રેમ પંપાળીને,
પેખો તેમાં સહુના
શોભા એ તમ, મોલો એ મમ,
અન્ય કાંઈ ચહુના.''

પિંપરી, તા. ૭-૧૨-૧૯૬૦
બુધવાર, તા. માગશર વદ ૪.

જે કવિતા લખે તેની નીચે જ્યાં લખી હોય તે સ્થળ અને તારીખ લખે જ...આ એમનો સ્વભાવ હતો.

અમે નાના હતા ત્યારે તેને જોડકણાં જ માનતા અને માણતા. મોટા થયા પછી તેઓનાં જોડકણાં છંદોબદ્ધ હતાં. અનુષ્ટુપ, શિખરિણી શાર્દૂલવિક્રીડિત, મંદાક્રાંતા, ઝૂલણાં, હરિગીત, દોહરા ઉપરાંત સવૈયા-બત્રીસા અને એકત્રીસા જેવા છંદોમાં લખાયાં છે અને તેઓ અને સંસ્કૃતના પ્રખર વિદ્વાન શ્રી રામભાઈ સાથેનો પત્રવ્યવહાર અને કાવ્યો એ તો 'પંડિતયુગના સાહિત્યની કક્ષાનું છે એવી પ્રતીતિ થઈ ત્યારે અમે અમારા પ્રાણલાલકાકાનું અવમૂલ્યન કર્યું છે એમ લાગતાં તેઓનું પુનઃ પ્રતિષ્ઠાનરૂપે અમે તેઓનાં આ કાવ્યોનું સંકલન કરી 'પ્રાણપ્રતિષ્ઠાન' શીર્ષક હેઠળ એક પુસ્તક પ્રકાશિત કર્યું.

આ પુસ્તકના પ્રારંભમાં જ તેઓ હયાત ન હતા ત્યારે એક પત્ર લખ્યો....

મુ. પ્રાણલાલકાકા,

તમને કરેલ સંબોધનમાં 'સ્વ.' શબ્દ પર ચોકડી મૂકી છે કારણકે આ પત્ર તમને લખું છું ત્યારે તમે મારી સમક્ષ હાજરાહજૂર છો તેવી અનુભૂતિ થાય છે. તમારી લાક્ષણિકતાઓને પરિણામે જ્યાં હશો ત્યાં સ્વર્ગ જેવું જ લાગે એ અલગ વાત છે. તમે 'પ્રવાસી' હતા. તમે પ્રવાસે જ્યાં જતા તે યાદીમાં રાજકોટ, જામનગર, વડોદરા, અમદાવાદ, લાઠી, લિંબડી ને મોરબી અને દક્ષિણ ભારતનાં યાત્રાધામો અને ચારધામની યાત્રા પણ આવે..... આવી જ રીતે દિનાંક તા. ૨૪ ઑગસ્ટ, ૧૯૯૧ના દિવસે તમે જે લાંબા પ્રવાસે નીકળી પડ્યા તે સ્થળનું નામ 'સ્વર્ગ' હોય તો તે તમે 'સ્વર્ગસ્થ' તો ખરા!

તમારા ઘરમાં એક અણલખેલ પણ ચોક્કસ આચારસંહિતા હતી. તમે અને માતુશ્રી છોટુબેન સવારે વહેલાં ઊઠો. માતુશ્રી સાફસૂફી અને રસોઈના કામમાં પરોવાય ને ટ્રાન્ઝિસ્ટરમાં સવારના ૫-૧૫ કલાકે આવતા બી.બી.સી.ના સમાચાર સાંભળવાથી તમારી દિનચર્યા શરૂ થાય. અમે સહુ મોડામાં મોડા છ વાગે ઊઠતા. આમાં રજાનો દિવસ કે રવિવારનો અપવાદ નહીં. તમે સવારે ૭-૪૫ વાગે સવારનું રીતસર ભોજન લેતા. ત્યાર બાદ સમયપાલનના ચોક્કસ તમે, સવારે

ચર્ચગેટ જવાની આઠને દસની લોકલ પકડવા નીચે ઊતરો ત્યારે નીચે રહેતા પાડોશી પોતાના પુત્ર બનન અને અશ્વિનને ટહૂકો કરે, ''પ્રાણલાલભાઈ નીચે ઊતર્યા છે એટલે આઠને પાંચ થઈ.... ઘડિયાળ મેળવી લ્યો''.

સાંજે અમે નોકરીએ નહોતા લાગ્યા ત્યાં સુધી એક સમયનું ભોજન સાથે જ કરવાનું. જમતી વખતે ધોતિયાં પહેરી રસોડામાં ૭-૩૦ વાગે પાટલે બેસી જવાનું. રવિવારે દરિયે ફરવા ગયા હોઈએ, પરંતુ ભોજનના સમયે ઘેર પહોંચી જઈએ. ભોજન અંતે વાટકી ભરી મોળું દૂધ પીવાનું - ન ભાવે તો ગળ્યું દૂધ પીવાનું એટલે પીવાનું જ. ભોજન અંતે પોતાના થાળી-વાટકા ચોકડીમાં મૂકી આવવાના અને પાટલા તેની જગ્યાએ મૂકી આવવાના. આ આચારસંહિતા કોઈના કહ્યા વગર આપમેળે પળાય.

ચાંદીનો ચમચો આરોગ્યની દૃષ્ટિએ સારો તેવું તેઓ માનતા અને તેથી તેઓ પોતાનો ચમચો સાબુથી ધોઈ, કોરો કરી પોતાના ટેબલના ખાનામાં મૂકતા.

આ આચારસંહિતા પળાવવામાં લેશમાત્ર જબરદસ્તી નહોતી કરી. અમે કોઈ ભૂલ કરી હોય તો અમારી વયને ધ્યાન રાખી યોગ્ય ટકોર કરે. તમારી ટકોરમાં વ્યથા હશે, પરંતુ ક્રોધની લેશમાત્ર ઝાંય નહીં. આવી ટકોરથી તેઓના ઈંદુ, કિશોર, દીનુ સમજી જાય કે આજે આપણાંથી કંઈક કાચું બફાયું છે. તમે કાન ટકોર કરી ખેંચતા, પરંતુ કાન આમળતા નહીં.

ભાષાશુદ્ધિના આગ્રહી ઘરમાં પ્રાંતીય (કાઠિયાવાડી)ની છાંટ તો હોવી જોઈએ, પરંતુ જાહેરમાં જે ભાષા બોલીએ તે ઉચ્ચારદોષ કે જોડણીદોષવિહીન હોવી જોઈએ. આ ક્ષેત્રમાં કશું ચલાવી લેવાની વૃત્તિ તેઓને ન ગમતી. હંમેશા કહેતા કે ઘરમાં ગીતા પછી કોઈ પુસ્તકનું મહત્ત્વ હોય તો તે વિસ્તૃત જોડણીકોશનું હોવું જોઈએ. ભાષા જે બોલીએ તે સરળ અને સાંભળનાર સમજી શકે તેવી હોવી જોઈએ.

તેઓ અખંડ આનંદ અને નવનીત સમર્પણના ગ્રાહક હતા. પહેલેથી છેલ્લા પાના સુધી વાંચો અને વાંચો ત્યારે તમારા હાથમાં લાલ સહી ભરેલી ઈન્ડિપેન તો હોય જ. કોઈ જોડણીભૂલ હોય કે કોઈ વિગત હકીકતથી વેગળી હોય તો ત્યાં લાલ પેનથી ચિહ્ન કરે અને બાજુમાં રાખેલ પોસ્ટકાર્ડ લખી સામયિકના તંત્રીનું ધ્યાન દોરે. નવીનત-સમર્પણના તે સમયના તંત્રી મારા મિત્ર એટલે મને કહે કે તમારા પિતાશ્રી જ્યારથી ગ્રાહક થયા છે ત્યારથી હું સચેત બની ગયો છું અને હંમેશ મારા પ્રૂફ રીડરને સૂચના આપતો કે પ્રૂફ રીડિંગમાં ચીવટાઈથી એવી કાળજી રાખજો કે ખોટી જોડણી બાબત પ્રા. મો. બુચનો આપણા કાન ખેંચતો પત્ર ન આવે.''

પ્રાણલાલકાકા, મારા મોટાભાઈના શબ્દોમાં કહું તો તમે ખરેખર ગ્રેઈટ (Great) હતા; નીડર હતા. ઈમ્પિરિયલ બૅન્કના તુમારશાહી અમલદારોનો અનેક બાબતો માટે સામનો કરતા. આ જ અમલદારો પણ તમારા અંગ્રેજી ડ્રાફ્ટની પ્રશંસા કરતા. બૅન્કના

ભીંતપત્રમાં 'ટીટલટેટલ'ના શીર્ષક હેઠળ તમે નિયમિત અનેકવિધ વિષયો પર લખતા. તે સમયના સમાચારપત્ર The Bombay Chronicleમાં 'prattler'ના તખલ્લુસ નીચે કટાર લખતા. તે સમયના જાણીતા પત્રકાર ડી. એફ. કરાકા ('current' સામયિકના તંત્રી)એ મહાત્મા ગાંધી પર માનહાનિ કરતી ટીકા-ટિપ્પણી કરી. આ બાબત પ્રાણલાલકાકા અને કરાકાસાહેબ વચ્ચે શાબ્દિક યુદ્ધ ઘણા લાંબા સમય સુધી ચાલ્યું હતું.

બૅન્કના કર્મચારીઓને તેઓને ઉપલી કક્ષાનો હોદ્દો જોઈતો હોય ત્યારે કોટ-પાટલુન-ટાઈનો અંગ્રેજ પહેરવેશ પહેરવાનો અંગ્રેજ અમલદારોનો વટહુકમ થયો. મહાત્મા ગાંધીના સ્વદેશી આંદોલનના સિદ્ધાંતો તેમને સ્પર્શેલા અને મનમાં દેશદાઝ - આને પરિણામે તમે અને તમારા સહકર્મચારી અને મિત્ર શ્રી આત્મારામ બાબરે (બાબરેકાકા)એ આ વટહુકમનો અનાદર કર્યો. પ્રાણલાલકાકા મફતલાલ મિલ્સનું સુપરફાઈન ધોતિયું બે ગજવાળો લાંબો સફેદ કોટ, માથે કાળી ટોપી અને પગમાં પંજાબી સેન્ડલ્સ (ખેડી) મોજાં સાથે પહેરે - નિવૃત્ત થયા ત્યાં સુધી આ જ તેમનો પહેરવેશ રહ્યો. બે દસકા સુધી તેઓને કાયદેસરનું પ્રમોશન ન અપાયું. આઝાદી મળી ત્યાર બાદ તેઓ સબ-ઍકાઉન્ટન્ટ બન્યા અને જુનિયર કક્ષાના ઑફિસર તરીકે ઈ.સ. ૧૯૫૪માં નિવૃત્ત થયા. ૧૯૫૪થી ૧૯૯૨ સુધી પેન્શન લેનાર વ્યક્તિમાં તેઓ એક માત્ર બૅન્કના નોકરિયાત હતા. જોકે રાષ્ટ્રીય જુવાળના ગાડરિયા પ્રવાહ બની પ્રાણલાલકાકા જવા નહોતા માગતા. એટલે જ જ્યારે કેટલાક ગાંધીવાદીઓ ''હું ખાદી પહેરીશ અને ખાદી સિવાય કંઈ નહી'' એવા પ્રતિજ્ઞાપત્ર પર તેમની સહી લેવા આવ્યા ત્યારે પ્રતિજ્ઞાપત્રના શબ્દો બદલી પ્રાણભાઈએ લખ્યું, "Khadi When possible, Swadeshi always" આવો ફેરફાર કર્યા બાદ જ સહી કરી.

આવક ઓછી એટલે કરકસર ચીવટતાથી કરતા. પન્નાલાલ ટેરેસીઝથી હોર્નિમન સર્કલ બૅન્કમાં પગપાળા આવતા જતા.

**દિનેશ બુચ**


# ઘડતરના પાઠ શીખવે છે પિતા

- દિનેશ માંકડ



વેદ વિધાન ''માતૃ દેવો ભવ'' અને ''પિતૃ દેવો ભવ'' યથાર્થ જ છે. પાલનપોષણ અને સંસ્કારમાં માતાની મક્કમતા હોય ને ઘડતરના પાઠ પિતા પઢાવે. સમયની બલિહારી અને પશ્ચિમી સંસ્કૃતિના વાયરે માતા-પિતા પ્રત્યેનો અતિઆદર કદાચ ક્યાંક ઘટ્યો પણ છે, છતાં ગૌરવશાળી ભારતમાં માતા-પિતા તો હંમેશ આદરપાત્ર જ રહેવાનાં.

દાદા વેજનાથભાઈ કચ્છ રાજ્યના ઍકાઉન્ટન્ટ જનરલ એટલે પિતા લક્ષ્મીલાલભાઈમાં વહીવટીકુશળતા તો વારસામાં જ હતી. સ્વતંત્ર ભારતના મહેસૂલ વિભાગમાં જોડાયા. અમે નાના હતા ત્યારે, સવારે ઊઠીએ ત્યારે લગભગ રોજ 'હું ડિસ્ટ્રિક્ટમાં જાઉં છું' - શબ્દ કાને પડતા (ડિસ્ટ્રિક્ટ; શબ્દ જિલ્લાના સરકારી ગ્રામ્ય પ્રવાસ માટે વપરાતો.) આટલા દિવસો ઘરની બહાર રહેવા અને માત્ર એસ.ટી. દ્વારા પ્રવાસ છતાં થાક વગર



ઘરની-બાળકોની સતત કાળજી લેતા મારા પિતાજીએ મોટા જિલ્લા કચ્છના નવે નવ તાલુકા ખૂંદી નાખ્યા. એમની સહનશક્તિ અને નોકરીનિષ્ઠા અદ્‌ભુત હતી. મહેસૂલ ખાતામાં સર્કલ ઈન્સ્પેક્ટર તરીકે જિલ્લાના ખેડૂતોની હજારો એકર જમીનની સમસ્યાઓ હલ કરવા જતા. છતાં પોતાના નામે એક ઈંચ પણ જમીન (કે મકાન) નિવૃત્તિકાળ સુધી પણ નહોતું, એનો અમને અફસોસ નહિ પણ ગર્વ છે! બઢતી મળે ને હોદા રૂએ, થોડા વધારે પાવર્સ મળ્યા ત્યારે ભુજ શહેરની જાહેર બજારમાં એક વગદાર વ્યક્તિની મિલકતની જાહેર

**પ્રત્યેક સમજદાર પિતા પોતાના પુત્રને પોતાથી સવાયો પુરવાર કરવા કર્મનિષ્ઠ રહે છે - સંકલ્પનિષ્ઠ રહે છે**

હરરાજી કરવાના સાહસ હિમ્મતે તો સહુને આશ્ચર્યમાં નાખી દીધેલા. તેમની નીડરતાના ગુણ અમને જીવનમાં અવશ્ય પ્રેરણારૂપ બન્યા છે.

ઈશ્વર પ્રત્યેની તેમની શ્રદ્ધા અજોડ હતી. ભુજમાં હોય ત્યારે એક દિવસ ચૂક્યા વગર સવારે પાંચ વાગ્યે કલ્યાણેશ્વર મહાદેવની પૂજા કરવા 'કલ્યાણેશ્વર ભક્ત મંડળ'ના પ્રતિનિધિ બની અચૂક કરતા. કોઈ પણ ઋતુ હોય એમનો આ ક્રમ તૂટ્યો નથી જાણ્યો. એમનું એક વાક્ય - બ્રહ્મવાક્ય હતું, ''ઈશ્વર તો હાજરાહજુર છે'' અને જીવનની પ્રત્યેક ક્ષણે આ વાક્ય પ્રત્યેની તેમની શ્રદ્ધા રાખીને કાર્ય કરતા અને ખરેખર પ્રસંગો પાર નિર્વિઘ્ને પાર પડતા. આજે અમે પણ કેટલીય વાર આ વાક્યને સામે રાખીએ ત્યારે ચમત્કારિક રીતે મુશ્કેલ માર્ગ સાવ સરળ બની જાય છે.

પરિવાર પ્રત્યેના લાગણી અને જવાબદારીના તેમના અનન્ય વલણને તો ક્યારેય ભુલાય તેવું નથી. અમારા સહુ માટે તો સતત સચેત રહેતા જ. નિવૃત્તિ પછી પણ આશરે દસેક વર્ષ મુખ્ય શિક્ષકથી માંડીને મૅનેજરની સેવા આપી, પરિવારને મજબૂત બનાવ્યો. ફોઈના મુખેથી સાંભળ્યું છે કે ''નોકરીના પ્રારંભ કાળમાં પગાર કચ્છી ચલણ 'કોરી'માં આવતો ત્યારે વીરપસલી પ્રસંગે નાની બહેનને થેલામાં હાથ નાખીને મુઠ્ઠીમાં આવે તેટલી 'કોરી' લેવાનું કહે! ''તેમના બે લઘુબંધુઓ યુવાવયમાં અવસાન પામ્યા તો તેમના પરિવારને- બાળકોને પગભર થવા - ટેકો આપવા યથા પ્રયત્ન પણ કર્યા. એક પિત્રાઈ ભાઈના સ્વમુખે સાંભળેલું છે કે.''ભાઈ (પિતા)એ અમારા માટે એટલું કર્યું છે કે અમારી ચામડીનાં જોડાં એમના માટે સિવડાવીએ તોપણ ઓછું કર્યું કહેવાય.''

જ્ઞાતિ અને જ્ઞાતિસંતાનોના હિતને એમણે હંમેશ જોયું. ભુજની મોટી જ્ઞાતિ-સંસ્થામાં તો સેવા આપી જ, સાથે સાથે 'સ્વામી શિવાનંદ આહ્નિક અને વેદાંત પાઠશાળા'ના સક્રિય ટ્રસ્ટી રહી જ્ઞાતિહિતની સેવાઓ આપી. આધ્યાત્મિક સંત મહાત્માઓનાં નિયમિત વ્યાખ્યાન અને જ્ઞાતિનાં સંતાનો માટે તમામ સ્તોત્ર, ગીતાજી, શાસ્ત્રોક્ત ત્રિકાળ સંધ્યા વગેરેના વર્ગો પણ તેમના સમયમાં થતા રહેતા.

વયવૃદ્ધિ સાથે શારીરિક તકલીફો વધે તે સ્વાભાવિક છે, પણ પિતાશ્રીએ પોતાની ઓછામાં ઓછી તકલીફો બીજાને કહી છે. તેઓ કહેતા, 'જ્યાં સુધી સહન થાય ત્યાં સુધી બીજાને તકલીફ ન આપવી.' ૧૯૮૩નું વર્ષ. લગ્ન પછી હું થોડા જ દિવસ માટે બહાર ગયો. વૅકેશન તો ૧૦ મી મેના રોજ પૂરું થતું હતું. ૭મી મેએ જ મને થયું, 'હવે ઘર ભણી વાટ પકડીએ.' આઠમી મે સવારે સાત વાગ્યે મેં ઘરની ડેલી ખોલી ને પ્રવેશ કર્યો. દાતણ કરતાં કરતાં તેઓ બોલ્યા,''આબુ આવ્યું.'' - એ એમના અંતિમ શબ્દો હતા. જાણે કે મારી રાહ જ ન જોતા હોય ?

પ્રત્યેક સમજદાર પિતા પોતાના પુત્રને પોતાથી સવાયો પુરવાર કરવા કર્મનિષ્ઠ રહે છે - સંકલ્પનિષ્ઠ

# વહાલનો દરિયો, મસ્તીનો ફુવારો

- નમ્રતા માંકડ



અમે ત્રણેય ભાઈ-બહેનને સરખું ઘડતર અને શિક્ષણ મળી રહે તેના માટે કારકિર્દીના ટોચના સમયમાં તેમણે પ્રમોશન નહોતું સ્વીકાર્યું. પ્રમોશનમાં શહેર બહાર જવું પડે અને એકલી મમ્મી ઘર સંભાળે તે યોગ્ય ના લાગ્યું તેમને

પ્રેમ અને પપ્પા આમ તો બન્ને અઢી અક્ષરના શબ્દો અને જુઓ તો એકબીજાના પર્યાય જ ગણાય. એક દીકરીના પપ્પા તો કંઈક અલગ જ માટીના હોય. પોતાના શરીરમાંથી એક નાનકડું હૃદય બહાર ધબકતું હોય ત્યારે મનુષ્ય તેની કેવી કાળજી રાખે, તેવો છે એક દીકરી - પિતાનો સંબંધ!

મારા પપ્પા, વહાલા પપ્પા! વિસનગરથી (જન્મ) વૉશિંગ્ટન જઈ આવ્યા છતાંય સાવ સાદા મારા પપ્પા! ભોળપણનું ઉપનામ એટલે મારા પપ્પા!


કેનેરા બૅન્કમાં નોકરી પૂરી નિષ્ઠાથી કરી અને રિટાયર થયા પછી પણ 'થાક' શબ્દ તેમની ડિક્શનરીમાં નથી. આ ઉંમરે અમારા કરતાં બેગણી સ્ફૂર્તિ પણ તેમને પૂરતી નથી. અમે ત્રણેય ભાઈ-બહેનને સરખું ઘડતર અને શિક્ષણ મળી રહે તેના માટે કારકિર્દીના ટોચના સમયમાં તેમણે પ્રમોશન નહોતું સ્વીકાર્યું. પ્રમોશનમાં શહેર બહાર જવું પડે અને એકલી મમ્મી ઘર સંભાળે તે યોગ્ય ના લાગ્યું તેમને. આઉટ-સ્ટેશનના બદલે અમારી સાથે પેન્ટિંગ, વકતૃત્વ સ્પર્ધામાં સાથે રહ્યા, સ્કૂલની PTA મીટિંગમાં આગળ પડતો ભાગ ભજવ્યો. સ્કૂલમાં મમ્મી-પપ્પાને 'બેસ્ટ પેરેન્ટ્સ'નું ઉપનામ મળવા પાછળ ત્યાગની ઘણી ગાથાઓ છે! નોકરી સાથે એટલા જ સોશિયલ. અમારી સોસાયટીનાં બાળકોના ફેવરિટ કાકા એટલે મારા પપ્પા.

હજી સુધી નાગર સમાજની નિઃસ્વાર્થ સેવા કરી રહ્યા છે. ઝભ્ભાના શેડ બદલાતા ગયા, પણ માણસ એના એ જ રહ્યા! તેમણે એક નાગર પ્રમુખની ફરજ બખૂબી નિભાવી અને એક પિતાની પણ. બીજા માટે ઘસાય અને બીજા માટે પોતાનું ખિસ્સું પણ ખર્ચાય! એક પૈસો આઘોપાછો થાય નહિ અને કરે નહિ - તેવો તેમનો હિસાબ! અમારા ઘરના તે માસ્ટર શેફ!

અમને જેમ છૂટથી પ્રેમ કરે તેમ શાક/દાળમાં મસાલા પણ છૂટથી નાખે. આંગળીઓમાં એક અલગ સ્વાદ. બધી જ દેશી વાનગીઓ કદાચ હું શીખી છું તો તેમની પાસેથી. મારી દીકરીને મારા કરતાં તેના નાનાની રસોઈ વધુ ભાવે. તેમના અક્ષરોમાં મોતી જેવી સુંદરતા અને મહારાજા જેવો રૂઆબ... તેમના હિસાબે, કલમ અને કડછીમાં તેઓ એક્સપર્ટ છે. બસ બડછી ચલાવવાની ઇચ્છા છે હવે! એમ ના માનતા કે ગુસ્સો તેમને ના આવે, ઘણો આવે, આવે એટલે એવો આવે કે ક્યારેય ના આવે તેવું સૌ ઇચ્છે, પણ શાંત થાય ત્યારે પ્રેમનો ઢગલો કરવામાં કચાશ ક્યારેય નથી કરી. પપ્પાને પૂછ્યું કે તમારી ઊર્જાનું રહસ્ય શું? તો કહે, તારી મમ્મીનો પ્રેમ અને સાથ. આ વાત સાથે હું સંપૂર્ણપણે સંમત છું. પપ્પા અને મમ્મી બંને સુંદર સમન્વય અને મૅનેજમેન્ટ કરી અમારો પરિવાર ચલાવ્યો. તેમની જુગલબંધીએ અમને સમાનતાના બધા જ પાઠ ભણાવ્યા. વાત સાચી નથી? કોઈ એક જ માણસ જો બધું કરે રાખે તો બિચારું ઘસાઈ જાય! સામાજિક જવાબદારીઓ, સંતાનોનો ઉછેર અને સાથે નોકરી, બધામાં, વહેંચીને કરવું અને મળીને રહેવું તે હું મમ્મી-પપ્પાના ટ્યુનિંગથી શીખી. હજી પણ બજારમાં મોગરાની વેણી દેખાય તો મમ્મી માટે લઈ આવે અને પોતાની ઘણીય વસ્તુ ભૂલી આવે, એવા મારા પપ્પા!

હજીય હું જ્યારે પિયરે જઉં ત્યારે કાયમ તેમના હાથની સરસ મીઠી આદુવાળી ચા પિવડાવે, તેવા અનોખા, મારા પપ્પા !


**-નમ્રતા માંકડ**



# મારા પિતા માતા-પિતા અને ગુરુનો ત્રિવેણી સંગમ

– નરેશ અંતાણી





એ સમયના વાચકો આજે પણ મને 'બચુભાઈના પુત્ર' તરીકે જે માન આપે છે તેનાથી ગૌરવ અનુભવાય છે

આપણા ગુજરાતી સાહિત્યમાં એક કહેવત છે કે, એક માતા સો શિક્ષકોની ગરજ સારે છે. આ કહેવત એકસો ટકા સાચી છે, પરંતુ એથી પિતાનું મૂલ્ય કે સ્થાન એક તસુ પણ ઓછું થતું નથી. પિતા એ પિતા છે અને માતા એ માતા છે. બન્નેનું સ્થાન એકસરખું બરાબર છે, પરંતુ મારા અંગત જીવનમાં પિતાનું પલડું સહેજ વધારે નમે છે, એનું કારણ છે મારી માત્ર છ વર્ષની વયે માતાનું અચાનક અવસાન થતાં મારા પિતાએ માતા, પિતા અને ગુરુ એમ ત્રેવડી ભૂમિકા મારા જીવનમાં ભજવી છે. એટલે મારા માટે મારા પિતા એ માતા-પિતા અને ગુરુનો ત્રિવેણી સંગમ સમાન છે. મારી માતાનું અવસાન થયું ત્યારે મારા પિતાની ઉંમર પણ કેટલી? માત્ર આડત્રીસ વર્ષ! આટલી નાની વયે જીવનસંગિનીનું ચાલ્યા જવું એ કેટલી કષ્ટદાયક પળ હશે? તેની કલ્પના પણ ધ્રુજારો આપે છે. પિતાજી ઇચ્છત તો પુનઃ લગ્ન કરી શકતા હતા, પરંતુ આથી કદાચ અમારાં ત્રણ ભાઈ-બહેનોનું જીવન મજધાર વિનાની નાવ જેવું કદાચ બની જાય તો? કદાચ આવા ડરને કારણે તેમણે પુનઃલગ્ન ન કરીને અમારા ત્રણેયનો ઉછેર કરવાનું યોગ્ય માન્યું. મારાં માતાના અવસાનની એ પળ પછી તેઓ આજીવન અમારા માટે જીવ્યા હતા. ક્યારેય પોતાનો વિચાર સુદ્ધાં કર્યો ન હતો. માતાની હયાતીમાં એમનું જીવન અને પછીના એમના જીવનની તુલના કરતાં જમીન આસમાનનો તફાવત હતો.

બચુભાઈના હુલામણા નામથી જાણીતા મારા પિતાએ મને જીવનમાં આવતા કોઈ પણ પ્રકારના સંઘર્ષની સામે હિંમતથી કેમ કામ લેવું અને એ સંઘર્ષમાંથી કેમ માર્ગ કાઢવો એ બોલીને નથી શીખવ્યું પણ, મેં એમને સતત અમારા માટે સંઘર્ષ કરતાં અને તેમાંથી માર્ગ કાઢતાં જોયા છે. છતાંય ચહેરા પર ક્યારેય ગમની લાગણી મેં નથી જોઈ! કાયમ હસતા અને હસાવતા જોયા છે. દિવસ-રાત સતત મહેનત કરી અમે ત્રણે ભાઈ-બહેન (હું અને મારી બે બહેનો)ના લગ્ન વિધિવિધાનપૂર્વક સગાં-વહાલાં સ્નેહી સંબંધીઓની હાજરીમાં ધામધૂમથી કર્યાં. અમારો સર્વાંગી ઉછેર અને લગ્ન સુધી

અમારા માટે નીતિ, નિષ્ઠા અને પ્રામાણિકતાને સાથે રાખીને નાણાંનો યોગ કરતાં મેં જોયા છે, એ માટે સતત ઝઝૂમતાં જોયા છે. વહેલી સવારે આઠ વાગ્યાથી રાત્રિના સાડાઆઠ સુધી મહેનત કરતાં જોયા છે. રાત્રે પણ આવીને ઘરે રાખેલી બકરી દોહી તેનું દૂધ વેચતા. આમ, રાત્રિના પથારીમાં પડતાં સુધી સતત મહેનતની કમાણી કરી અમને ઉછેર્યાં, લગ્ન કરાવ્યાં આમ છતાં એમના ગયા પછી એક પૈસાનું કરજ પણ અમારા ઉપર ન રાખી ગયા. આમ, એમનું જીવન જ મને સંઘર્ષ સામે લડવા માટે અને તેમાંથી માર્ગ કરવા પ્રેરણા આપી ગયું છે.

ધીરજ, સંયમ અને ગંભીરતા જેવા ગુણોનું સિંચન પણ મારા પિતાજીએ મારામાં કર્યું જે મને જીવનમાં આજે ડગલે ને પગલે સહાયક બને છે. કોઈ પણ મુશ્કેલી કે વિકટ કામ આવે ત્યારે તે કહેતા, 'થાશે, ધીરજ રાખો' અને એ કાર્ય તે પાર પાડીને રહેતા.

બચુભાઈએ ભુજના પ્રતિષ્ઠિત પુસ્તકાલયમાં ૩૧ વર્ષ નોકરી કરી એ દરમ્યાન પુસ્તકાલયના વિકાસ માટે પણ એટલો જ સંઘર્ષ કર્યો પરિણામે એક ટ્રસ્ટ સંચાલિત પુસ્તકાલય હોવા છતાં 'બચુભાઈની લાઈબ્રેરી' તરીકે ભુજ શહેરમાં જાણીતું પુસ્તકાલય બન્યું હતું. વાચકોનો પણ એટલો જ પ્રેમ સંપાદન કર્યો હતો કે એ સમયના વાચકો આજે પણ મને 'બચુભાઈના પુત્ર' તરીકે જે માન આપે છે તેનાથી ગૌરવ અનુભવાય છે અને મનોમન તેમને વંદન કરી લેવાય છે. મારે માટે જીવનની એ મોટી મૂડી છે. મારા જીવનમાં વાંચનનું મૂલ્ય સમજાવનાર પણ મારા પિતા જ. મને નાની વયે જ પુસ્તકાલયનો સભ્ય બનાવ્યો. પરિણામે વાંચનશોખ કેળવાયો જેને કારણે જ આજે હું જે મુકામ પર પહોંચી શક્યો છું તે એમને આભારી છે. તેમને પુસ્તકાલયનું સંચાલન કરતાં જોયા છે. એમણે મને બનાવેલા સભ્યને કારણે જ છેલ્લાં વીસેક વર્ષથી એ પુસ્તકાલયના ટ્રસ્ટ સાથે સક્રિય સંકળાયેલો છું અને આજે મંત્રી તરીકે તેનું સંચાલન કરી શકવા સમર્થ છું તે પણ તેમની પ્રેરણા અને આશીર્વાદથી. મારા જીવનમાં સુસંસ્કારો રેડવામાં તેમનો અને તેમના થકી આ પુસ્તકાલયનો નોંધપાત્ર ફાળો છે.

આજે તો પુસ્તકાલય એમના આશીર્વાદથી સંપન્ન બન્યું છે, પરંતુ એમના સમયમાં લાઈબ્રેરીની ગ્રાંટ પણ ઓછી મળતી, આથી પગારના દિવસો આવે ત્યારે લાઈબ્રેરી પાસે સિલક ન હોય અને પગારની અનિશ્ચિતતા હોય ત્યારે પણ કળવા ન દે અને ટાઢ, તડકો કે વરસાદ ગમે તે હોય બપોરના સાઈકલથી રખડીને લાઈબ્રેરી માટે ડૉનેશન તથા સભ્યો મેળવવા નીકળી પડતા. આમ, લાઈબ્રેરીને આવક પણ થતી અને કર્મચારીઓનો પગારનો પ્રશ્ન પણ ઉકલી જતો.

જીવનમાં આટઆટલી વિપદાઓ હોવા છતાં ક્યારેય મોઢા પર તેની અસર દેખાવા ન દેતા. કાયમ લોકોને હસાવતા રહેવાની તેમનામાં એક અનોખી કળા હતી. નાની વાતમાંથી રમૂજ પેદા કરવાની પણ તેમનામાં ગજબની આવડત હતી. એ સમયે એમની બનાવેલી રમૂજ એ સમયના નાના એવા ભુજમાં 'ટોક ઑફ ધી ટાઉન' પણ બનતી. લોકો એવું પણ કહેતા કે 'બચુભાઈ પાસે આવીએ તો હળવા થઈ જઈએ'. જાતે અનેક ભાર, મુશ્કેલી કે ઉપાધિ લઈ ફરતા, પણ લોકોને હળવા કરતા. આવા હાસ્યપ્રિય સ્વભાવને કારણે તે લોકપ્રિય બન્યા હતા. એમના આ સ્વભાવે પણ મને ઘણી શીખ આપી છે.

આમ, મારા પિતા બચુભાઈ એ મારા માટે માતા, પિતા અને ગુરુનો ત્રિવેણીસંગમ સમાન છે.

**– નરેશ અંતાણી**

# પિતા, બંધુ અને સખા


– નિમિષા મજમુંદાર



વૅકેશનમાં બધા ભેગા થઈએ અને મોડી સાંજે જ્યારે પપ્પા વાર્તા માંડે ત્યારે સમય થંભી જાય. બધા રસતરબોળ થઈને સાંભળ્યા જ કરે એવી એમની જમાવટ

એક સાંજે કૉલેજથી પાછી આવી ત્યારે પપ્પાએ એક બંધ કવર હાથમાં આપ્યું. ઉપર મારું નામ, ઍડ્રેસ અને 'ખાનગી' એવું લખેલું હતું. ખોલ્યું તો ક્લાસના કોઈ છોકરાનો લવ-લેટર. મેં તો સીધો પપ્પાને સોંપી દીધો અને કીધું કે, ''હું આને ઓળખતી નથી ને હવે કાલથી કૉલેજ નહિ જાઉં, મને બીક લાગે છે.'' એમણે વાંચ્યો. હસીને કીધું ''ચિંતા ના કર'' અને જવાબમાં ટાઈપ કરેલો, પેલાની ધૂળ કાઢી નાખતો પત્ર લખી દીધો. કોઈ માની શકે, આજથી ૪૫ વર્ષ પહેલાં કોઈ દીકરીને એના પિતા સાથે આટલી નિકટતા હોય? આ તો અમારા પપ્પા, નામે 'શ્રીનિવાસ વોરા'. અમારે, બન્ને ભાઈ-બહેનને માટે તો 'પિતા, બંધુ અને સખા' બધું જ પપ્પામાં સમાઈ જાય.

પોતે ન્યાયાધિશ એટલે શિસ્ત અને પ્રામાણિકતાના ચુસ્ત આગ્રહી. અમને બન્નેને કાયમ કહેતા કે,''તમે સાચા હોવ, ત્યારે સગા બાપથી પણ ડરશો નહિ.'' અને અમે ખરેખર એમની સામે બિલકુલ ગભરાયા વગર અમારી



રજૂઆત કરી શકતા. ક્યારેય વઢે નહિ કે હાથ ના ઉપાડે, છતાંય એમની બીક એટલી જ લાગે. એટલા નીડર કે સંખેડામાં સિવિલ જજ તરીકે પોસ્ટિંગ હતું ત્યારે કોઈ કારણસર ગામમાં બે સમુદાય વચ્ચે મોટો ઝગડો થયો ને રાતે અગિયાર વાગે બે જૂથ ધારિયાં ને તલવારો લઈને ગામના ચોકમાં સામસામે આવી ગયા. સંજોગો એવા કે પોલીસ ઑફિસર ગામમાં હાજર નહિ ત્યારે જાનહાનિ રોકવા ને સમાધાન કરાવવા પપ્પા કોઈ પણ હથિયાર વગર, પોલીસ પ્રૉટેક્શન વગર ટોળાની વચ્ચે જઈને ઊભા રહી ગયા ને સમજાવટથી મોટી જાનહાનિ ટાળી દીધી. સ્વચ્છતા, નિયમિતતા અને સમયપાલનના પણ દઢ આગ્રહી. પોતે સમયના એવા

પાબંદ કે એ રોજ કૉર્ટમાં પહોંચે ત્યારે લોકો ઘડિયાળમાં સમય મેળવે. પોતાનાં તમામ કામો જાતે જ કરે. ઘરમાં પટાવાળા ભાઈ હોય છતાંય પાણીનો પ્યાલો માંગે નહિ ને અમારે પણ અમારાં તમામ કામ જાતે જ કરવાનાં એવો પપ્પાનો આગ્રહ.

ઉપરથી ખૂબ કડક લાગતા પપ્પા અંદરથી એટલા જ લાગણીશીલ અને ઋજુ હૃદયી. બીમાર પડીએ તો સતત પથારી પાસે બેસીને માથે પોતાં પણ એ જ મૂકે. કોઈ પણ તકલીફ હોય, અભ્યાસમાં કે શારીરિક, એની ફરિયાદ મમ્મીને નહિ, પપ્પાને જ કરવાની. પપ્પા પાસે બધી તકલીફોનો ઈલાજ હાજર હોય. અમારે માટે તો વહાલનો દરિયો ખરા જ, પણ પ્રાણીમાત્રને માટે ખૂબ જ સંવેદનશીલ. અરે, શેરીના ગલુડિયાને બીજા કૂતરાઓએ બચકાં ભર્યાં હોય તો પપ્પા એને પણ પાટાપિંડી કરીને સાજું કરી દે.

વ્યક્તિ તરીકે એમની સામાજિક પ્રતિષ્ઠા ઘણી મોટી અને પદવીનો કોઈ ભાર નહિ. કેટલાય જ્ઞાતિજનો, સગાં, સ્નેહીઓ, પાડોશીઓ પોતાની અંગત તકલીફોમાં પપ્પાની સલાહ લેવા આવે. કાયદાને લગતી સલાહ એ ક્યારેય ના આપે, પણ જીવનને લગતા જટિલ પ્રશ્નો લઈને જે લોકો અમારે ઘેર આવે એમને પપ્પા ખૂબ ધીરજથી સાંભળે અને એમની મડાંગાંઠ ઉકેલી આપે. પાછી એમની ખૂબી એવી કે જ્યારે સમાધાન થાય ત્યારે બન્ને પક્ષ સંતોષ સાથે વિદાય થાય. સ્વભાવ ખૂબ મજાકિયો એટલે મજાક મશ્કરી કરતાં કરતાં ભલભલાને સમજાવી દે અને વાતનો નીવેડો સહેલાઈથી લાવી દે.

પપ્પાને વાંચનનો ખૂબ શોખ એટલે ઘણા વિષયોનું ખૂબ ઊંડું જ્ઞાન. ગુજરાતી, હિન્દી, ઈંગ્લિશ અને મરાઠી અસ્ખલિત લખી અને બોલી શકે. કાયદાનું વાંચન અને નૉલેજ તો એટલું કે ભલભલા સિનિયર વકીલો પણ આશ્ચર્યચકિત થઈ જાય. પપ્પાને મેડિસિન, એન્જિનિયરિંગ, સંગીત, રાજકારણ અને પાકશાસ્ત્ર જેવા અનેક વિષયોની ઊંડી જાણકારી. દાદાને ઈંજેક્શન આપે, ઘરમાં ટેબલ ફેન બગડ્યો હોય તો રીપેર કરે, ટપકતો નળ પણ બદલી નાખે, ફ્યુઝ તો જાતે જ નાખે અને ખરી મજાની વાત તો એ કે મમ્મી અને અમે મોસાળ જઈને પાછા આવીએ ત્યારે રસોઈ – તે પણ સંપૂર્ણ ગુજરાતી થાળી – તૈયાર હોય. પોતે ખૂબ સારા લેખક અને ગુજરાતી સાહિત્ય પરિષદના શરૂઆતના સભ્યોમાંના એક. 'સરિતા' મૅગેઝિનની વાર્તા હરીફાઈમાં એમણે પ્રથમ પારિતોષિક મેળવેલું, પરંતુ નોકરીની વ્યસ્તતાને લીધે એ શોખ પોષાયો નહિ. વૅકેશનમાં બધા ભેગા થઈએ અને મોડી સાંજે જ્યારે પપ્પા વાર્તા માંડે ત્યારે સમય થંભી જાય. બધા રસતરબોળ થઈને સાંભળ્યા જ કરે એવી એમની જમાવટ. અરે, કેટલું યાદ કરુંને તોય કેટલું રહી જાય?

આજે જ્યારે આ લખી રહી છું ત્યારે મને સાચે જ નવાઈ લાગે છે કે ખરેખર આવી કોઈ વ્યક્તિ હોય ખરી? એમની સાથે જીવતાં તો એમની અગણિત ખૂબીઓનો ખ્યાલ નહોતો આવ્યો, પણ હવે સમજાય છે કે ઈશ્વરે અમને એક વિશિષ્ટ વ્યક્તિત્વ સાથે જીવવાની અમૂલ્ય તક આપી હતી. પપ્પાના જીવનનાં વર્ષો બહુ લાંબાં નહોતાં. રિટાયર થયા તે પહેલાં જ ૫૬ વર્ષે, હાર્ટ એટેકને કારણે અમે એમને ગુમાવી દીધા, પણ એટલા અમથા જીવનકાળમાં અગણિત યાદો અને જીવન-આદર્શોનાં જે સંભારણાં પપ્પા મૂકીને ગયા છે તે અમારી બાકીની જિંદગીનું ભાથું છે. ''પપ્પા, આ પૃથ્વી પર તમારી ચેતનાનો અંશ, અમારા થકી જીવંત રાખવાનો અમારો પ્રયાસ કાયમ રહેશે.''

# ફ્રેન્ડ, ફિલોસોફર ને ગાઈડ

- નિષ્ઠા વછરાજાની



નાગર મંજૂષાનો આ વખતનો વિષય એટલે 'પપ્પા - એક અને અજોડ'. ઘણું બધું કહેવું છે, ઘણું બધું કહી શકું એમ છું, પણ શરૂઆત કેમ કરીને કરવી? જ્યાં શબ્દો જ થઈ ગયાં છે મૌન..! ઘણી ગડમથલ પછી નક્કી કર્યું કે, ક્યાંકથી તો શરૂઆત કરું! પપ્પાને કદી 'આઈ લવ યુ!' કહ્યું છે? એનો જવાબ છે.. 'ના.' આ મમ્મી-પપ્પા ને બાળકો વચ્ચે 'આઈ લવ યુ!' કહેવાની ફેશન તો હમણાં હમણાં આવી. બાકી, મમ્મી - પપ્પા ને બાળકોનો સંબંધ જ એવો છે કે એમાં કંઈ કહ્યા વગર જ પરસ્પરના વર્તનથી જ પ્રેમ ને કાળજી વ્યક્ત કરવાની આપણી વર્ષો જૂની પરંપરા રહી છે ને અમારા ઘરમાં પણ આ જ માન્યતા વર્ષોથી પ્રવર્તે છે!

અમારું કુટુંબ એટલે ભાવનગરના દીવાન શ્રી ગૌરીશંકર ઉદયશંકર ઓઝાનો પરિવાર. એ જમાનામાં એમના નામે 'ગૌરીશંકર તળાવ' બન્યું હતું, જે ભાવનગરમાં આજે પણ હયાત છે. એમની વિદ્વત્તા ને પ્રજા-કલ્યાણનાં કાર્યો માટે આજે પણ લોકો એમને માનભેર યાદ કરે છે. મારા પપ્પાનું નામ ગૌરવકુમાર કુલિનચંદ્ર ઓઝા. સ્વભાવે એ કડક ને શિસ્તના આગ્રહી. છતાં, અમે અમારી કોઈ પણ મૂંઝવણ કે મુશ્કેલીની રજૂઆત મોકળા મને એમની સમક્ષ કરી શકીએ. એ પહેલાં બધી વાત શાંતિથી સાંભળે એટલે કે, બધો ઉભરો ઠાલવી લેવા દે. એ પછી, યોગ્ય માર્ગદર્શન આપે, પણ હા.. સલાહ આપ્યા પછી અમારે



**ગુજરાતી ચેનલ્સ પણ જોતા હોય ને સાથે સાથે સ્માર્ટફોન કે ટેબલેટ પણ વાપરતા હોય એટલે કે, આપણી સંસ્કૃતિ ને ટેકનોલૉજીને જોડતી કડીનું એ ઉત્કૃષ્ટ ઉદાહરણ છે. બોલો છે ને! મારા પપ્પા એક ને અજોડ!**

એમની સલાહ પ્રમાણે જ કરવું પડશે એવો એમનો કોઈ જ દુરાગ્રહ નહીં! એટલે કે, ખરા અર્થમાં એ અમારા જીવનમાં ફ્રેન્ડ, ફિલોસોફર ને ગાઈડ એમ ત્રેવડી ભૂમિકા ભજવે છે. હંમેશાં લાગે છે કે, 'પપ્પા છે તો એક 'હાશ' છે' ને એટલે જ આજે પપ્પાને એમ કહેવાનું મન થાય છે કે,

'તુમ કો દેખા તો યે ખયાલ આયા,
જિંદગી ધૂપ તુમ ઘના સાયા...'

અમારા પપ્પા સમયના પણ ખૂબ પાબંદ. હંમેશા ઘડિયાળના કાંટા સાથે કદમ મિલાવતા રહે. સવારે ૬:૦૦ વાગ્યે ઊઠી જાય, ૮:૦૦-૮:૩૦ની વચ્ચે નાહીધોઈને પૂજાપાઠ કરી બહારનાં કામ જે કરવાનાં હોય એના માટે નીકળી જાય. મંદિર જવાનું હોય કે બૅન્ક કે પોસ્ટનું કોઈ કામ હોય કે ઘર માટે કંઈ સામાન, નાસ્તો વગેરે લાવવાના હોય તો એ બધું જ કામ કરે. ૧૨:૦૦-૧૨:૧૫ વચ્ચે સવારનું જમવાનું, બપોરે ૩:૦૦ વાગ્યે ચા, સાંજે ૫:૦૦ વાગ્યે અમારા ઘરથી ગાર્ડન સુધી જે લગભગ ૩ કિ.મી. દૂર છે ત્યાં સુધી ચાલીને જાય ને આવે એટલે એમની આખા દિવસની કસરત થઈ જાય. બિલ્ડિંગમાં લિફ્ટ હોવા છતાં એ દાદરા ચડવા-ઊતરવાનો આગ્રહ રાખે છે. આમ, પોતાને 'ફિટ ને મેઈન્ટેઈન' રાખે છે.

સૌરાષ્ટ્રના એક નાના શહેર ભાવનગરથી આવી એમણે અમદાવાદ જેવા મેટ્રો સિટીમાં પોતાની લાઈફને સેટ કરી છે. એ માટે એમણે પોતાનામાં ને પોતાની લાઈફસ્ટાઈલમાં ઘણાં બધાં પરિવર્તનો કર્યાં છે ને પોતાનું જ એક 'બેટર વર્ઝન' અમને ભેટ આપ્યું છે. સમયની સાથે એમનામાં આવેલાં ઘણાં પરિવર્તનોની હું સાક્ષી છું. એ અત્યારે ૭૫ વર્ષના થયા છતાં નવું નવું શીખતાં રહેવાની એમની ધગશ કાબિલ-એ-તારીફ છે. એમણે વોટ્સએપ, ફેસબુક, યુ-ટ્યુબ બધું જ વાપરતાં શીખી લીધું છે ને એટલે જ મારા દીકરાએ એમને લાડથી 'માય ટેકનોક્રેટ નાના'નું બિરુદ આપી દીધું છે. અરે! આ લૉકડાઉન દરમિયાન એમણે ઑનલાઈન દવાઓ તથા 'ગ્રોસરી' મગાવવાનું પણ શીખી લીધું એટલે કે, ખરા અર્થમાં તેઓ પ્રૅક્ટિકલ ને આત્મનિર્ભર બની ગયા! વળી, એમણે લાઈટ બિલ ને ગૅસ બિલ એમના બચત ખાતામાંથી ડાયરેક્ટ કપાઈ જાય તેવી પણ વ્યવસ્થા ગોઠવી છે. મને વિચાર આવે કે, એ ગુજરાતી ચેનલ્સ પણ જોતા હોય (સુગમ સંગીત, ગઝલ, ડાયરો ને ન્યૂઝ તો કાયમ) ને સાથે સાથે સ્માર્ટફોન કે ટેબલેટ પણ વાપરતા હોય એટલે કે, આપણી સંસ્કૃતિ ને ટેકનૉલૉજીને જોડતી કડીનું એ ઉત્કૃષ્ટ ઉદાહરણ છે. બોલો છે ને! મારા પપ્પા એક ને અજોડ!

એમણે જીવનભર સખત ને સતત પરિશ્રમ કરીને અમારા પરિવારને મજબૂતીથી ઊભો રાખ્યો છે. પોતાની સાંસારિક ને સામાજિક તમામ જવાબદારીઓ એમણે સુપેરે નિભાવી છે ને સમાજમાં એક માનભર્યું સ્થાન પ્રાપ્ત કર્યું છે. આમ, એમનું સરળ, સાદું ને પ્રેરણાદાયી વ્યક્તિત્વ રહ્યું છે. મારો સ્વભાવ થોડો સેન્સેટિવ ખરો એટલે કાયમ મને કહે કે, ''તારે થોડા સ્ટ્રોંગ થવાની જરૂર છે.'' મને ખૂબ સારી રીતે કોઈ ઓળખી શકતું હોય તો એ મારા પપ્પા છે. એ અમારી જિંદગીના પ્રેરણાસ્રોત છે. એમને મળીને હંમેશા અમને 'પૉઝિટિવ એનર્જી' ને જિંદગી જીવવાનો 'ચાર્મ' મળે છે. નવું જોમ ને આત્મબળ પ્રાપ્ત થાય છે.

એમણે હંમેશાં અમને થોડામાં પણ કેમ ખુશ રહેવું? કેવી રીતે બચત કરવી? ફાઈનાન્શિયલ પ્લાનિંગ કેવી રીતે કરવું?

એની સમજ આપી છે ને એ હંમેશા કહે, 'ટીપે ટીપે સરોવર ભરાય!' ને ઉમેરે કે, 'બહુ ધનવાન નહીં, પણ સંતોષી માણસ સદા સુખી રહે છે.' માટે આપણી પાસે જે છે તે શ્રેષ્ઠ જ છે. આવી ઊંડી સમજને લીધે જ અમે સંતોષી ને આનંદદાયક જીવન જીવી રહ્યા છીએ. આ ઉપરાંત, જીવનમાં પ્રામાણિકતા, ધીરજ ને સહનશીલતા રાખતાં પણ સમજાવ્યું છે. આવા ઉન્નત વિચારોનાં બીજ અમારા મન ને મસ્તિષ્કમાં રોપવા બદલ અમે સદા એમના આભારી રહીશું.

હંમેશાં એમણે પોતાને પાછળ રાખી અમારી સવલતો ને ખુશીઓને વધુ પ્રાધાન્ય આપ્યું છે. વળી, લોકોને નોકરીમાંથી રિટાયર્ડ થયા પછી શું કરવું? કેમ સમય પસાર કરવો જેવા પ્રશ્નો થતા હોય છે, પણ અમારા પપ્પાએ એમના બીજા મિત્રો સાથે મળીને 'સિનિયર સિટીઝન ગ્રુપ' બનાવ્યું છે. જેમાં લગભગ દશેક જણા છે. આ લોકો વારે-તહેવારે ને સારે-માઠે પ્રસંગે એકબીજાની સાથે ને સાથે હોય છે. આ ગ્રુપમાં એ લોકો કોઈ સ્થળે પિકનિક કે લાંબી ટૂરનું આયોજન પણ કરતા રહે છે. આમ, એમણે સરસ રીતે પોતાની 'લાઈફનું મૅનેજમેન્ટ' કર્યું છે.

અને હા.. એમની એક ખાસ ખૂબી એ છે કે, કોઈ પણ ગીત કે ગરબાની 'પેરોડી' તરત જ બનાવી કાઢે ને એવું 'કૉમેડી' ગીત બનાવે કે હસી હસીને અમે બધા લોટપોટ થઈ જઈએ. આમ, ઘરમાં સદા આનંદ ને ઉત્સાહનું વાતાવરણ રાખે ને અમને સતત આગળ વધવાની પ્રેરણા આપતા રહે છે. અમારા જીવનમાં પણ ઉત્સાહ ને આનંદના રંગો ભરતા રહે છે.

તો, જમાના સાથે કદમ મિલાવી હું પણ મારા પપ્પાને આજે કહી જ દઉં, 'Pappa, I love you from bottom of my heart..... biggg thanks for whatever you have given to us.

**'પપ્પા'**

આંગળી પકડીને 'પા પા પગલી' કરાવે તે પપ્પા,
હંમેશાં અમારા સંકટ સમયની સાંકળ તે પપ્પા

કર્તવ્યપથ પર સમજણને સંગે ચાલતા શીખવે,
બને અમારા ફ્રેન્ડ, ફિલોસોફર ને ગાઈડ તે પપ્પા

અમારા આનંદ, આરામ ને મોજશોખને ખાતર,
સર્વસ્વ અર્પણ કરી સદાયે હસતાં રહે તે પપ્પા

બીમાર પડું ક્યારેક તો આકાશ-પાતાળ એક કરે,
સાજી કરવા મને ઈશ્વરને રીતસર કરગરે તે પપ્પા

સિદ્ધાંતો ને શિસ્તના આગ્રહી, કડક છતાં પ્રેમાળ,
'સિમ્પલ લિવિંગ ને હાઈ થિંકિંગ'માં માને તે પપ્પા

કદીક ઉદાસ, નાસીપાસ કે હતાશ થઈ જાઉં તો,
મારે માથે હાથ મૂકી ને ઉદાસી ખંખેરી દે તે પપ્પા

હિમાલય જેવા અડગ ને ઝરણાંની જેમ વહેતા,
ઈશ્વરે અમને આપેલી અણમોલ ભેટ તે પપ્પા

**- નિષ્ઠા વછરાજાની**

# ‘આઈ લવ યુ પાપા’

– નેહા યાજ્ઞિક





પાપા,

આજે સાફસફાઈ કરતી વખતે તમે મુ. બાબુજીને લખેલા પત્રો હાથ લાગ્યા. વાંચીને બે વાત બહુ સ્પષ્ટ સમજાઈ. પહેલી વાત એટલે નાનપણથી જ પત્રલેખનમાં તમારી હથોટી અને બીજી વાત એટલે તમારો અતિશય લાગણીશીલ સ્વભાવ. મુ. બાબુજી રંગુન અને તમે, કાકા અને બા મુંબઈ. એ થોડા વખત માટે મુંબઈ આવ્યા હોય અને જ્યારે પાછા જાય ત્યારે તમને જરાય ગમતું નહીં છતાં મોટા હોવાની ફરજ નિભાવતાં તમે બા અને કાકાનું ધ્યાન રાખો છો એવું બાબુજીને પત્રો દ્વારા જણાવતા. પાપા, તમારી આ સૂઝબૂઝ ઉપર ઓવારી જવાનું મન થાય છે. સુનીલ મંજુલાલ યાજ્ઞિક

પાપા, તમારા ગયાને આજે ચાર વર્ષ વિત્યાં હોવા છતાં તમારી ગેરહાજરી સતત સાલે છે પણ શું થાય? તમને ખાસ જણાવવાનું કે અમારી ચિંતા કરશો નહીં. સુહાની, ઉત્કર્ષ, રૈના અને સાંવરિ મઝામાં છે. મા પણ આનંદમાં છે.

તમે જાણો છો પાપા કે આ વખતનો નાગર મંજૂષાનો વિશેષાંક છે ‘પપ્પા-એક અને અજોડ’ એને માટે લેખ લખવા બેઠી ત્યારે સમજાયું કે તમારા વિશે લખવું કેટલું અઘરું છે. વિચારો જેટલા ઝડપથી આવે છે એટલા ઝડપથી હાથ એટલા માટે ચાલતા નથી કારણકે જેમના લીધે આપણું અસ્તિત્વ છે એ આપણાં માતા-પિતા માટે લખવા માટે શબ્દો ઓછા અને ટૂંકા પડે છે.

મને યાદ છે તમે મને બાળમંદિરમાં લેવા-મૂકવા આવતા અને હું વર્ગમાં બેઠી હોઉં ત્યારે બહારથી મને જોયા કરતા. આપણા કુટુંબની હું પહેલી દીકરી એટલે કાકા અને બાએ તો અઢળક વહાલ કર્યું જ, પણ તમે તો જે નિર્વ્યાજ

કદી નિર્બંધ વહેવું તો
કદી વહેવું કરાડોમાં.
ક્યારેક દુઃખી હોઉં ને
ત્યારે તમારી આ બધી
વાતો યાદ કરું છું અને
મન શાંત થઈ જાય છે

પ્રેમ, હૂંફ, લાગણી આપ્યાં એ વિશે તો હું કંઈ પણ કહેવા સમર્થ નથી. આપણે કોણ છીએ એ જો જાણવું હોય તો માતા-પિતા સિવાય કોઈ જ કહી ના શકે.

તમારી પાસેથી બાબુજી વિશે એટલું બધું સાંભળ્યું છે કે ખરેખર મને એમની પૌત્રી અને તમારી પુત્રી હોવાનું અભિમાન છે. તમારી પાસેથી માતૃભાષા ગુજરાતી પ્રત્યેનો પ્રેમ, સાહિત્યમાં રુચિ કેળવવી, સુંદર અને સુઘડ લખાણ. ગુજરાતીનાં સ્પષ્ટ ઉચ્ચારણો વ. વારસામાં મળ્યા છે જોકે એક વાત કહું? સુહાનીના અક્ષર બાબુજી અને તમારા જેવા જ મોતીના દાણા જેવા છે.

તમે ત્યાં શું કરો છો? બા-દાદાજી સાથે મોજ કરતા હશો ખરું ને? તમને ખબર છે અહીંયા 'કોરોના' નામના રોગે બધાને બાનમાં મૂકી દીધા. માર્ચ ૨૦૨૦માં લૉકડાઉન થયું ત્યારે કેટલાંય વર્ષો પછી બધા પરાણે તો પરાણે ઘરમાં પુરાઈ રહ્યા. હવે જોકે થોડીક હળવાશ થઈ છે, પણ આપણે ઘણાં સ્વજનો ગુમાવ્યાં.

તમારા વિશે લખવાનું શરૂ કર્યું ત્યારે જ રેડિયો ઉપર એક ગીત વાગ્યું. ક્યું ખબર છે? અરે યાર! પેલું જો મીલ ગયા ઉસી કો મુકદ્દર સમઝ લીયા.... કેમ હસ્યા? હું જાણું છું કે આ તમારું અતિપ્રિય ગીત છે. હું તો ત્યાં સુધી કહીશ કે આ તમારો જીવનમંત્ર છે. 'હશેમાં હાશ છે' એ અમને બધાને યાદ છે. તમે પેલી પંક્તિ કહેતા હતા ને? કે જીવન ઝરણાં જેવું હોવું જોઈએ. કદી નિર્બંધ વહેવું તો કદી વહેવું કરાડોમાં. ક્યારેક દુઃખી હોઉં ને ત્યારે તમારી આ બધી વાતો યાદ કરું છું અને મન શાંત થઈ જાય છે.

તમારી પેલી શોધ 'સાંસુનેહસુ' વિશે તો શું કહું આપણે ઘેર ચિત્રલેખા, અભિયાન વ. મૅગેઝિન્સ આવે અને જો કોઈ વાંચવા લઈ જાય અને પાછું આપવાનું ભુલાઈ જાય તો 'સાંસુનેહસુ' લખેલું છે એવું જાણ કરીએ એટલે એ મૅગેઝિન પાછું મળી જાય. જેઓ 'સાસુંનેહસુ' વિશે જાણવા માગે છે તો કહું કે આની શોધ પાપાએ કરી. સાં-વરિ, સુ-હાની, ને-હા, હ-રિપ્રિયા અને સુ-નીલ. છે ને અદ્ભુત આ શોધ અને પાપા બન્ને.

હમણાં જ તમારા ઑફિસના એક મિત્ર મળ્યા. તમારો રમૂજી સ્વભાવ અને અન્યોને મદદ કરવાની ભાવના વિશે એટલી બધી વાત કરી કે શું કહું? તમારી બૉલપેન કોઈ લઈ ના લે એટલે તમે જે અદલાબદલી કરતા એવો તો ભાગ્યે જ કોઈને વિચાર આવે. પાપા, એટલું બધું લખવું છે તમારા વિશે પણ તોય કદાચ બધું લખાય કે કહેવાય એવું ના બને. તમે જેમ નાની નાની બાબતમાં ચિંતા કરતા ને એવું જ હવે સાંવરિ કરે છે. અમારા બધાનું બહુ જ ધ્યાન રાખે છે એટલે તમે ચિંતા કરશો નહીં.

અત્યારે બસ આટલું જ. વધુ બીજા પત્રમાં પણ આ પત્રનો જવાબ ચોક્કસ લખજો છેલ્લે એટલું જ કહીશ કે એક અંગ્રેજી ફિલ્મમાં એક દીકરો એના પિતાને 'આઈ લવ યુ પાપા' એવું કહેતાં તમે સાંભળેલું એટલે તમને અમે 'પાપા' કહીએ એવો આગ્રહ રાખેલો, પણ અમે ક્યારેય તમને 'આઈ લવ યુ' કહ્યું હોય તેવું સાંભરતું નથી એટલે આજે આ પત્રનું સમાપન કરતાં એટલું જ કહું છું 'આઈ લવ યુ પાપા'.

લિ. નેહાના જય શ્રી હરિ

**નેહા યાજ્ઞિક**

# એક અજોડ પાત્ર

- નૈઋતી અંતાણી



'પપ્પા', અઢી અક્ષરનો આ શબ્દ એ શરીરમાં અઢીસો ગણી તાજગી લાવનાર છે. ભાષાની દૃષ્ટિએ જુઓ તો આ શબ્દનું ઉચ્ચારણ સ્થાન પણ ઓષ્ઠય છે કે 'મા', 'પપ્પા' એ શબ્દો ઉચ્ચારતાં મન અને ઓષ્ઠય બંને ખૂલી જાય છે. સાચી વાત છે કે, આ પાત્ર એક અજોડ પાત્ર છે પોતાનાં સંતાનો માટે.


મને યાદ છે ત્યાં સુધી પપ્પા શાળા એટલે કે, બાલમંદિરે લેવા સાઈકલ પર આવતા અને તકલીફ ન થાય તે માટે સાઈકલની આગળ નાની સીટ કરાવી હતી, એવી મજા આજે એ.સી. વાળી આરામદાયક સીટવાળી કારમાં બેસવામાં પણ નથી મળતી. છકડા, રિક્ષા ક્યારેય શાળા માટે મમ્મી-પપ્પાએ બાંધ્યાં હોય એવું કાંઈ ન હતું. નોકરી પરથી જ્યારે એ ઘરે આવતા અને દૂર...થી ખબર પડી જતી કે પપ્પા આવે છે, એ મનબંધન શું હતું તે આજે પણ જણાતું નથી, આ વાત એટલે લખું છું કે, પપ્પાનું પાત્ર એટલે કુટુંબનું સખત, કડકાઈ ધરાવતું પાત્ર, મમ્મી માટે આવું થવું સામાન્ય બાબત છે. મોબાઈલ વિના પણ મન, શરીરને જણાઈ આવતું કે બસ... પપ્પાનો આવવાનો સમય થઈ ગયો અને થતું પણ એવું જ કે તેના પગરવનો અવાજ કાન સુધી, મન સુધી પહોંચી જતો; ચંપલ, બૂટ, કપડાં મોટાં થાય તોપણ તેને પહેરી નિજાનંદ માણતા; સફાઈના આગ્રહી, મારા માટે સારા ચિત્રકાર. શાળામાં કરાવવામાં આવતાં ચિત્રો અને તેનામાંથી પ્રાપ્ત કરેલ ગુણો તો તેમને જ આભારી છે અને સારા શ્રેષ્ઠ મોતીના દાણા જેવા અક્ષરો કરવા પેપરથી માંડી જીવનના કોઈ પણ હસ્તલેખિત કાર્યમાં તેના માટે આદર્શ રહ્યા છે પપ્પા..

આ ઉપરોક્ત વાત તો જન્મ આપનાર પિતાની હતી, જે કદાચ દરેક દીકરીના અંતરની વાત હતી,

> 'પપ્પા', અઢી અક્ષરનો આ શબ્દ એ શરીરમાં અઢીસો ગણી તાજગી લાવનાર છે

પણ સમાજમાં સસરા (પિતા) માટે પણ બહુ તથ્ય કહેવાતું નથી અને મળેલ તકને ન ગુમાવતાં કહું કે, જે જાણ્યું, માણ્યું તેમાં તેના દ્વારા અંગ્રેજી કાયદાકીય રીતે ક્યારેય પણ પરિચય કરાવેલ નથી. હંમેશાં 'પુત્રવધૂ' એ જ કહીને અન્યને પરિચય કરાવેલ અને આ શબ્દને સાચા અર્થમાં સાર્થક કરેલ. 'સ્વગૌરવ, સ્વમાન'ની ઓળખ અને અહેસાસ કરાવ્યો છે.

ગમે તેટલી તકલીફ જીવનમાં કેમ ન આવે તોપણ હંમેશાં હસતા મુખે તેને પાર કરતાં શીખવ્યું છે. નોકરીમાં આવતી મુશ્કેલી હોય કે નોકરીની પસંદગી કરવાની હોય અથવા આગળ અભ્યાસ કરવો હોય આ બધામાં એક સસરા રૂપી પિતાનો સાથ પ્રાપ્ત થયો છે. નવાઈની વાત તો એ કે, આ પિતા અને પુત્રવધૂનું બ્લડગ્રુપ પણ એક જ, આદત કહો કે વિચાર આ બધું જ એક જ રહ્યું, ઘરના સભ્યોના કહેવા પ્રમાણે ખરાબ ટેવો જે અમારા માટે સારી પણ અન્ય સભ્યો માટે ખોટી ગણાતી ટેવો પણ સહજ અને એક રહી, કદાચ એટલે જન્મ આપનાર માતા-પિતાને ત્યાંથી માત્ર અવટંકીય જ



બદલાવ આવ્યો હોય વહાલમાં તેવું લાગે છે. માટે મારા જ સસરારૂપી પિતા આ પિતાએ સસરા નહીં પરંતુ 'પાલક પિતા' રહ્યા છે અને રહેશે.

**- નૈઋતી અંતાણી**

# "મારા પપ્પા"

– પદ્મજા વસાવડા




એક પુત્રી માટે પિતા એટલે પૂર્ણ પુરુષ અને પિતા માટે પણ પુત્રી એટલે રાજકુમારી

"મારા પપ્પા". એ બે શબ્દો બોલતાં તો ગમે તે ઉંમરે પણ મોઢું ભરાઇ જાય! અને મુખારવિંદ ઉપર તેજ ઝળહળે. જ્યારે કોઈ એમ કહે કે "માય ફાધર ઈસ વર્લ્ડસ બેસ્ટ ફાધર." ત્યારે સાલું લાગી આવે... પરંતુ પછી એમ વિચારું કે દરેકને માટે તેના પપ્પા, "વર્લ્ડસ બેસ્ટ" જ હોય ને! દરેક સંતાનને તેના પપ્પા હીરો જ લાગે. તેમાં પણ પિતા- પુત્રીનો સંબંધ તો અદ્‌ભુત છે. એક પુત્રી માટે પિતા એટલે પૂર્ણ પુરુષ અને પિતા માટે પણ પુત્રી એટલે રાજકુમારી.

આજે તો વાત કરવાની છે મારા પપ્પાની. જે સમયે પુત્રીજન્મ પણ અગમ્ય હતો એ સમયે ત્રણ પુત્રો હોવા છતાં પુત્રીજન્મ માટે ગાયત્રીના અનુષ્ઠાન કર્યાં. કે. એલ. સાયગલનું "સો જા રાજકુમારી સો જા" ગીત આજે પણ સાંભળું અને નાનપણમાં હીંચકા ઉપર સુવાડતા પપ્પાનો સુરીલો અવાજ સંભળાય અને આંખો છલકાઈ જાય. મારા પપ્પા મિલમાં ડાઈંગ માસ્ટર. એટલે એક્સપોર્ટ ક્વૉલિટીનુ જે ફેબ્રિક નવું બહાર પડે તેનું ફ્રોક મારે માટે સિવાય. મોગરાની સીઝનમાં ભગવાનની ફૂલપાત્રી સાથે મારો પ્રિય ગજરો પણ લાવે જ. જેની મહેંક આજે પણ તાજી જ છે.

મૂળ વતન જૂનાગઢ. વીસ વરસની ઉંમરે મુંબઈ આવી ગયા. નાનપણમા જ માતાનું અવસાન. વીસ વર્ષની ઉંમરે મુંબઈને કર્મભૂમિ બનાવી, સંસાર શરૂ કર્યો. મુંબઈની ભાગદોડની જિંદગીમાં પણ સવારે સાડા ચાર વાગ્યે, નરસિંહ મહેતાનાં પ્રભાતિયાં ગાતાં ન્હા બનાવવાની. પછી હીંચકે બેસીને ગીતાજીનો અધ્યાય વાંચવાનો. કોઈ દિવંગત સ્વજનની પુણ્યતિથિ હોય તો તેમને ગીતાજીના અધ્યાયનું પઠન કરી, તર્પણ અચૂક કરે. શ્રીમદ ભગવદ્ ગીતાજીના દળદાર પુસ્તકમાં દરેક સ્વજનોની પુણ્યતિથિ તારીખ અને વારની નોંધ કરી રાખે. ત્યાર બાદ શાસ્ત્રોક્ત પંચદેવ પૂજા કરે. શુદ્ધ

સંસ્કૃત ઉચ્ચાર સાથે. અમને પાસે બેસાડીને શીખવ્યું નથી, પરંતુ તેમને સાંભળીને મારે પણ કંઠસ્થ થઈ ગયું છે. સવારે ૬.૩૦ની ટ્રેન પકડવાની હોય તેમ છતાં આ નિયમ તો પાળવાનો જ. પોતાનાં કપડાં તો જાતે જ ધોવે. પહેરવેશમાં સફેદ શર્ટ અને ધોતિયું જ. માત્ર ત્રણ જોડી જ રાખવાના. એક જ સિદ્ધાંત. ''નો કલર ઈઝ બેટર ધેન વ્હાઈટ એન્ડ નો ફાઈબર ઈઝ બેટર ધેન કોટન.'' ૮૪ વર્ષની વયે અવસાન. માત્ર છેલ્લા બે મહિના પથારીમાં રહ્યા. ત્યાં સુધી તો પોતાનું ધોતિયું જાતે જ ધોવે, સૂકવે અને સંકેલે. ઈસ્ત્રી કરી હોય તેમ જ લાગે. રમૂજી પણ ખરા. તેથી એમ કહે, ''ધોતિયાની સફેદી જોઈને બગલાં પણ શરમાવા જોઈએ. આયુર્વેદનું પણ દળદાર પુસ્તક વસાવ્યું અને ઊંડાણપૂર્વક અભ્યાસ કર્યો. એ સમયમાં કૌટુંબિક કારણોસર અને યોગ્ય માર્ગદર્શનના અભાવે માત્ર નોન મેટ્રિક સુધીનો અભ્યાસ, પરંતુ અંગ્રેજીનું લેખન, વાંચન અને બોલવાનું તો અંગ્રેજી વિશારદને પણ ટક્કર આપે તેવાં. સગાં-સંબંધી અને તેમનાં વર્તુળોમાં ''વૈદરાજ''ના સંબોધનથી જ ઓળખાતા. આજે સોશિયલ મીડિયામાં સ્વાસ્થ્યને લગતી જે વિવિધ પ્રકારની વીડિયો કે માહિતી આપવામાં આવે છે ત્યારે મારા પપ્પાને અચૂક યાદ કરું કે તેઓ આટલાં વર્ષો પહેલાં આ વાત કહેતા. જીવનકાળ દરમિયાન કદી હૉસ્પિટલમાં દાખલ થયા હોય તેવું નથી બન્યું. અમને એમ જ કહે કે મારા ઘરમાં લોકશાહી ઢબે જ બધા રહે. એ સમયે જે રૂઢિચુસ્તતા હતી તે અમારે ઘેર નહીં. ઘરમાં પૂજાપાઠ વ. બધું નિયમિત. તેમ છતાં સર્વ ધર્મ સમભાવમાં માનતા. અમને ક્રિસમસ



હોય ત્યારે ચર્ચમાં પણ લઈ જાય અને ઈદ હોય તો હાજીઅલી મસ્જિદમાં પણ લઈ જાય. નવરાત્રિમાં મહાલક્ષ્મી મંદિર. શ્રી સિદ્ધિવિનાયકના તો અઠંગ ઉપાસક. વર્ષમાં એકવાર તો ચાલતાં જવાનું જ. ભજન જ નહિ પણ ગઝલ કે ફિલ્મો હોય તેમાં પણ ઊંડો રસ. દેશી નાટક સમાજના સંવાદો,ગીતો કે તેમના સમયનાં ફિલ્મી ગીતો આજે પણ સાંભળું ત્યારે અચૂક યાદ આવે. અમારી સાથે પણ સાહિત્ય, ઈતિહાસ, રાજકારણ,આયુર્વેદ, યોગ કે સામાજિક વિષયો ઉપર મિત્રોની માફક ચર્ચા કરે. વાતચીતમાં નીતિષતકના શ્લોક પણ સમજાવતા. એ સમયમાં આપણી જ્ઞાતિમાં બહાર હોટેલમાં ખાવાનું ચલણ ઓછું હતું ત્યારે અમને અવારનવાર હોટેલમાં લઈ જતા. "He was far ahead from his age!" જેવા સ્વાદના શોખીન

તેવા જ સ્વયંપાકના પણ શોખીન. હંમેશાં એમ જ કહે કે, ''કલમ, કડછી અને બરછી ત્રણે આવડવાં જોઈએ. હું તો વળી ''ખોટ ની દીકરી.'' એટલે અતિશય લાડકી. આજે લગ્નમાં કન્યાનું આણું શણગારે છે, પરંતુ એ સમયે મારા પપ્પાએ મારી દરેક સાડીમાં, કાલિદાસના ''શાકુંતલમ''ના કન્યાવિદાયના પ્રસંગના એક એક શ્લોક અનુવાદ સાથે સ્વહસ્તે લખીને મૂક્યા હતા. લગ્ન પછી જયારે પણ મળું ત્યારે પહેલાં તો એમ જ કહે.''દુબળી થઈ ગઈ.'' (ભલે ને સો ગ્રામ પણ વજન ઘટ્યું ન હોય!)

અમારા કૌટુંબિક આંબા મુજબ નરસિંહ મહેતા અમારી ૨૨મી પેઢીએ દાદા થાય. એ રીતે પણ મારા પપ્પા નરસિંહ મહેતાના ખરા વંશજ હતા. તેમણે નરસિંહના ગુણો આત્મસાત કર્યા હતા. કોઈને વાણી-વર્તનથી દુઃખ પહોચ્યું હોય તો અમે અકળાઈ જઈએ, પણ તેઓ કદી કોઈ વિષે ઘસાતું ન બોલે. ખરા અર્થમાં પારકી છઠ્ઠીના જાગનાર હતા. ટાંચી આવક અને ટાંચાં સાધનો વચ્ચે પણ તબીબી સારવાર માટે, મુંબઈ દર્શનાર્થે કે પછી નોકરી અંગે કોઈ પણ કુટુંબીજન આવે તો તેમને પ્રેમપૂર્વક મુંબઈ દર્શન કરાવતા અને મદદરૂપ થતા. ઘર નાનું હતું, પણ મન મોટું અને હૃદય વિશાળ! કોઈ વસ્તુનો મોહ નહિ. ઈશ્વર ઉપર અતૂટ શ્રદ્ધા. કોઈ પ્રસંગ હોય ત્યારે એમ જ કહે કે ભગવાન બધું પાર પાડશે. મારાં લગ્ન સમયે પણ ગાતા. ''છાબમાં તુલસીદલ મૂકશે, ઊભો રહીને શંખ જ ફૂંકશે.'' ખરેખર તેમને ઈશ્વરે સાથ આપ્યો.

જીવનનાં લગભગ દરેક મહત્ત્વનાં પાસાંની સમજ સહજ વાતચીતમાં આપી દેતા. પપ્પાએ જીવનના જે પાઠ શીખવ્યા, તે માત્ર બોધ નહીં, પરંતુ તેમણે જીવનમાં આચરણમાં મૂકેલ. તેમના જેટલી ક્ષમતા તો નથી, પરંતુ તેમના સંસ્કારો થકી, શક્ય તેટલું તેમના પંથે ચાલવાની કોશિશ છે. નાનપણથી જે સંસ્કારોનું સિંચન કરી, ઘડતર કર્યું હોય, તેનું મૂલ્યાંકન કોઈ રીતે ન થઈ શકે.

આ સાથે મારા પપ્પા નો ફોટો મુકેલ છે પરંતુ એક રંજ આજીવન રહેવાનો. એ સમયે જો આવા મોબાઈલ હોત તો કેટલી બધી સ્મૃતિઓ કચકડામાં કેદ કરી શકી હોત! મારા પપ્પા વિશે લખું તો એક પુસ્તક લખી શકાય, પરંતુ સ્થળ અને શબ્દોની મર્યાદામાં રહીને લખ્યું છે. મારા પપ્પા નરસિંહ મહેતા સમાન હતા અને મારાં મમ્મી માણેક મહેતી. ત્યારે હવે હું પણ કહી દઉં. ''માય ફાધર વોઝ વર્લ્ડસ બેસ્ટ ફાધર.''

શત શત વંદન.

શ્રી. મધુસૂદનઈશ્વરલાલ વૈષ્ણવ.

**પદ્મજા વસાવડા**

# મારા 'ભાઈ'

– પ્રણવ દેસાઈ



તેઓ સમયપાલનની બાબતમાં પણ ખૂબ ચોક્કસ હતા. ટૂંકમાં, તેઓ શિસ્તબદ્ધ રીતે જીવતા. હું તેમના અમુક માપદંડો પ્રમાણે ન ચાલી શક્યો તે હકીકત પણ તેમણે સાહજિક રીતે સ્વીકારી લીધી હતી

હમણાં કોરોના પર્વ દરમ્યાન ઘરની બહાર જઈને જ થઈ શકે એવી ઘણી ખરી પ્રવૃત્તિઓ બંધ હતી. એટલે ઘરમાં શાંતિથી બેસીને જૂની યાદો મમળાવવાનો એક અનેરો મોકો મળ્યો હતો. જૂના ફોટોગ્રાફસ, પત્રો વગેરે જોતાં જોતાં સ્મૃતિપટ પર જિંદગીનાં વીતી ગયેલાં વર્ષોના સમયખંડનાં અનેક ચિત્રોની વણઝાર ચાલી. એ દરમ્યાન પરિવારના સત સભ્યોની યાદો પણ તાજી થઈ. આમાંથી મારા સત પિતા જેમને હું 'ભાઈ' કહેતો તેમને મેં યાદ કર્યા ત્યારે ખ્યાલ આવ્યો કે ભાઈ વિષે કેટકેટલું લખી શકાય તેમ હતું! યોગાનુયોગ, 'નાગર મંજૂષા'ના આ વિશેષાંકનો વિષય – 'પપ્પા – એક અને અજોડ' જાણે મારી ઈચ્છાપૂર્તિ માટે જ હતો એવું લાગ્યું અને તેની ફલશ્રુતિ એટલે આ લખાણ.

ભાઈનો જન્મ સન ૧૯૦૮ના ઓક્ટોબરની ૭મી એ સુરતમાં. મારા દાદાજી પ્રતાપરાય દેસાઈ ન્યાયાધીશ હતા. દાદી સુવર્ણાકાંતિનું પિયર સુરતના નીલકંઠ પરિવારમાં. દાદાના ઘર તરફથી ભાઈનું નામ શિરીષચંદ્ર પણ મોસાળનું નામ સતીશચંદ્ર જે તેમની કાયમની ઓળખ બની ગયું. તેઓ ભણવામાં હોંશિયાર એટલે ચૌદમે વર્ષે મેટ્રિક થયા. પછી મુંબઈ સ્થિત 'ધ રોયલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ સાયન્સ'માંથી બી. એસસી. થયા. દાદાજીની ઇચ્છા કે તેઓ આઈ.સી.એસ. થાય. એટલે સન ૧૯૨૮માં તેઓ ઈંગ્લૅન્ડ ગયા. ત્યાં જઈ એમ. એસસી. થયા અને સાથે સાથે તેમણે બાર-એટ-લૉની પદવી પણ મેળવી, પણ તેઓ આઈ.સી.એસ. થઈ શક્યા નહિ. ઈંગ્લેન્ડના વસવાટ દરમ્યાન તેમણે 'ભારતને શા માટે આઝાદી મળવી જોઈએ' તે વિષય પર જાહેર ભાષણો કર્યાં અને છાપાઓમાં ચર્ચાપત્રો લખ્યા. તેમને ઈંગ્લૅન્ડનાં ઘણાં સમવયસ્ક ભાઈ બહેનોનો પરિચય થયો તેમાંથી મિ. હેરી વાઈટમેન (મારે માટે અંકલ હેરી) સાથે ખૂબ ગાઢો સંબંધ બંધાયો.

અંકલ હેરી ખ્રિસ્તી મિશનરી હતા, પણ કટ્ટર ખ્રિસ્તી નહોતા. ૧૯૪૭ પછી થોડો સમય તેઓ દક્ષિણ ભારતના કડપ્પામાં સેવા કાર્ય માટે સપરિવાર રહ્યા હતા. તેઓ ઇંગ્લૅન્ડ પાછા ગયા ત્યારે તેમને વિદાય આપવા ભાઈ - મા સાથે હું પણ મુંબઈ બંદરે ગયો હતો. આ પછી પણ ભાઈ અને અંકલ હેરી વચ્ચે ચાળીસથી પણ વધારે વર્ષ સુધી પત્રવ્યવહાર થતો રહ્યો.

સન ૧૯૩૩માં તેઓ પાછા ભારત આવ્યા. આવતાંની સાથે તેમણે ખાદી અપનાવી લીધી. સન ૧૯૨૯ના 'ધ ગ્રેટ ડીપ્રેશન'ની ચાલુ રહેલી અસરને કારણે ત્યારે પણ સારી નોકરીઓ મળતી નહોતી. ભાઈનું મન વકીલાત કરવા તરફ નહોતું એટલે કાંઈક નવું કરવાના ઈરાદાથી તેમણે સિનિયર કેમ્બ્રિજની (આઝાદી પછી એસ.એસ.સી. અને કૉલેજની) પરીક્ષાઓ માટે વિદ્યાર્થીઓને તૈયાર કરવા માટે ધોબી તળાવ પર 'બૉમ્બે ટ્યુટોરિયલ કૉલેજ'ની શરૂઆત કરી જે તેમણે લગભગ ૧૯૭૦ સુધી ચલાવી. તેઓ મુંબઈના ઉપનગર ખારમાં ભાડેથી રહેવા લાગ્યા અને તેઓ આજીવન ખારવાસી રહ્યા.

સન ૧૯૪૧માં મહાત્મા ગાંધી દ્વારા સ્વીકૃતી પામેલા વ્યક્તિગત સત્યાગ્રહી થયા. ૧૩મી જાન્યુઆરી ૧૯૪૧ના રોજ તેમણે કરેલા સત્યાગ્રહ માટે તેમને છ મહિનાની જેલની સજા થઈ. જેલમાં હતા ત્યારે ઘણાખરા સાથીઓ જેલમાંથી છૂટીને પોતે દેશસેવા કરશે એમ કહેતા. ભાઈ પોતાના લક્ષ્યની બાબતમાં સ્પષ્ટ હતા. એ કહેતા, My first, second and third priority will be to earn money. પોતાના જીવનકાળ દરમ્યાન તેઓ એ લક્ષ્ય ખૂબ સરસ રીતે પાર પાડી શક્યા હતા.

ત્યાર બાદ ૧૯૪૧ના જ ડિસેમ્બર મહિનામાં તેમનાં લગ્ન થયાં. મારાં માનું નામ કુરંગી. મારા નાના પરસદરાય મહેતા સિંધિયા શિપિંગમાં મૅનેજર અને મારાં નાની લવંગીબેન નરસિંહરાવ દિવેટિયાનાં દીકરી. લગ્ન પછી મા અને ભાઈએ ગાંધીજીના પ્રત્યક્ષ આશીર્વાદ પણ લીધા હતા.

સન ૧૯૫૦માં મારો જન્મ. નાનપણમાં હું અને ભાઈ 'કુસ્તી' કરતા અને છેલ્લે બંને સાથે પડતા. આમ ભાઈને થોડી મોટી ઉંમરનાં બાળકોની સાથે રમવાનું ફાવતું. તેમણે વર્ષો સુધી બાલકન - જી - બારીમાં નિયમિત સેવા આપી. ઘણા રવિવારે સાંજે ચર્ની રોડ પર આવેલા બાલકન - જી - બારીના એકાદ ઓરડામાં થોડાં બીજાં બાળકો સાથે ભાઈ પાસેથી મેં Merchant Of Venice અને તેના જેવી બીજી ઘણી વાર્તાઓ સાંભળી છે. તે સિવાય મા-ભાઈ સાથે અનુકૂળતા પ્રમાણે રવિવારે સાંજે ઘરથી પાલી હિલ સુધી મારેલી લટારો પણ કાયમ યાદ રહેશે. મેં આજુબાજુનાં છોકરાઓ સાથે રમવાનું શરૂ કર્યું એટલે એ બધું બંધ થયું જેનો મારાં દાદીને રંજ રહેતો, પણ ભાઈ માનતા કે મારે મારી ઇચ્છા પ્રમાણે કરવું એટલે મેં મારા મિત્રો જોડે રમવાનું ચાલુ રાખ્યું. ભાઈ તો ઘણાં વર્ષો સુધી લાંબી લટારો મારતા. તેમને આંખની તકલીફ થવા માંડી ત્યાર પછી ઘરના પેસેજમાં રોજ સો આંટા ઝડપી ચાલે મારતા.

ભાઈ બને ત્યાં સુધી ગુસ્સે ન થતા, પણ અમુક

શિસ્તની બાબતમાં દઢનિશ્ચયી ખરા. હું હજી બાળમંદિરમાં હતો ત્યારની આ વાત છે. બાળમંદિર અમારા ઘરથી જોઈ શકાતું. એક શનિવારે સવારે કોઈ જ કારણ વિના મેં બાળમંદિર ન જવા અંગે જિદ કરી. થોડી સમજાવટ પછી પણ મેં જિદ ચાલુ રાખી એટલે એક પણ શબ્દ બોલ્યા વિના ભાઈએ મારા ધમપછાડા ન ગણકારતાં મને પોતાને ખભે ઊંચકી લીધો અને ચૂપચાપ મને દરવાજાની બહાર રસ્તા પર લઈ ગયા. મારા ભાઈબંધો સામે મારી આબરૂ જશે તેમ લાગતાં મેં કહ્યું કે મને ઉતારી દો. તેમણે તેમ કર્યું અને હું મૂંગો મૂંગો બાળમંદિર પહોંચી ગયો.

સન ૧૯૫૩ની આસપાસ અમેરિકાથી એક સજ્જન ડૉ. ડોનાલ્ડ વોટ અને તેમનાં પત્ની મુંબઈ આવ્યાં હતાં. તેમનો વિચાર હતો કે એક દેશના લોકો બીજા દેશમાં જાય ત્યારે હોટેલને બદલે કોઈ પરિવાર સાથે રહે તો તેઓ યજમાન દેશની સંસ્કૃતિથી વધારે પરિચિત થાય. આ પ્રવૃત્તિને તેમણે The Experiment In International Living નામ આપ્યું હતું. ભાઈને એ કામમાં રસ પડ્યો અને એક ઈતરપ્રવૃત્તિ તરીકે તેમણે તે કામ કરવા માંડ્યું. ટૂંકા સમયમાં અમારા પરિવાર ઉપરાંત બીજા ઘણા પરિવારોએ યજમાન બનવાનું સ્વીકાર્યું. થોડાં વર્ષો પરદેશથી મહેમાનો આવ્યા અને અહીંના પરિવારો સાથે રહ્યા. એને કારણે અમારે ઘણા પરદેશીઓ સાથે મૈત્રી થઈ અને દુનિયાના લોકો પ્રત્યેનો અમારો એક અલગ અભિગમ પણ કેળવાયો. આ કામ દસેક વરસ ચાલ્યું.

સન ૧૯૫૯માં 'Experiment'ની General International Meetingમાં ભારત તરફથી ભાઈ પરદેશ ગયા હતા. ત્યાં તેમણે ખાદીનાં અચકન, સુરવાળ અને માથે ખાદીની ટોપી પહેર્યાં હતાં. આ જ રીતે ૧૯૬૧મા ભારતથી જનાર બીજા ગ્રુપમાં અમેરિકા જઈ આવ્યાં. એ સફર દરમ્યાન જે જે પરિવારોમાં તેમને રહેવાનું આવ્યું તેમાંના ઘણા સાથે ત્રીસેક વરસથી વધારે સમય સુધી તેમનો પત્રવ્યવહાર ચાલ્યો.

સન ૧૯૫૮માં બોરીવલી સ્થિત 'કોરા કેન્દ્ર'ને તેમની સેવાઓની જરૂર પડી એટલે વહેલી સવારે બોરીવલી જઈ ત્યાં કામ પતાવીને બપોરે ધોબીતળાવ ભણાવવા જતા. આ વર્ષે મારી નાની બેન મનોજ્ઞાનો જન્મ થયો. ખાર - બોરીવલી - ધોબી તળાવ - ખારનો ક્રમ વરસેક ચાલ્યો. સન ૧૯૭૦થી તેમણે ધોબી તળાવ જવાનું બંધ કર્યું, પણ ત્યાર બાદ ૧૯૯૮ સુધી અઠવાડિયાના છ દિવસ રોજ સવારના ૭:૩૦ થી રાતના ૮:૩૦ દરમ્યાન લગભગ ૪ થી ૬ કલાક તે ઘરમાં જ  વ્યક્તિગત ટ્યુશન આપતા.

પોતાની ધૂનમાં રહેવું એ નાનપણથી મારો લગભગ સ્થાયી ભાવ રહેતો. ભાઈ ઑફિસેથી આવે ત્યારે હું કોઈ કામમાં કે રમતમાં હોઉં તો તેમની તરફ એક નજર નાખી થોડું હસીને પાછો જે કરતો હોઉં તે કરતો રહેતો, જ્યારે મનોજ્ઞા દોડી આવીને તેમને વળગી પડતી. એ ભાઈને વધારે ગમતું. તેમ છતાં તેમણે મારા સ્વભાવના એ પાસા તરફ સાક્ષીભાવ રાખ્યો હતો.

હું થોડો વધારે મોટો થયો ત્યારે ભાઈએ મને સીધા સાદા વિજ્ઞાનના પ્રયોગો કરતાં શીખવ્યું. દરેક

પ્રયોગના હેતુ, સાધનો, રીત અને તારણ પ્રયોગપોથીમાં લખતાં શીખવ્યું. થોડા પ્રયોગો લખાયા, પણ પછી આળસને કારણે મેં લખવાનું બંધ કર્યું પણ તેનાથી જે શિસ્તબદ્ધતા, અવલોકનશક્તિ અને ચોકસાઈ કેળવાયાં તે આગળ ઉપર ખૂબ ઉપયોગી થયાં. વ્યક્તિગત રીતે ભાઈ પોતાના કામમાં પણ ખૂબ ચોકસાઈ રાખતા અને 'A place for everything and everything in its place'નો સિદ્ધાંત શબ્દશઃ પાળતા. તેઓ સમયપાલનની બાબતમાં પણ ખૂબ ચોક્કસ હતા. ટૂંકમાં, તેઓ શિસ્તબદ્ધ રીતે જીવતા. હું તેમના અમુક માપદંડો પ્રમાણે ન ચાલી શક્યો તે હકીકત પણ તેમણે સાહજિક રીતે સ્વીકારી લીધી હતી.

ભાઈ પોતે વિજ્ઞાનના અને ગણિતના ઊંડા જાણકાર તેમ છતાં મારે શું બનવું તે માટે મારી પાસેથી તેમણે કોઈ અપેક્ષાઓ નહોતી રાખી. મેં આઠમા ધોરણથી નક્કી કર્યું હતું કે હું એન્જિનિયર બનીશ. મારા ભણતર બદલ તેઓ સાક્ષીભાવ રાખતા. ભણવામાં જરૂર પડે ત્યારે માર્ગદર્શન પણ આપતા. તેઓ ઘણાને ભણાવતા, પણ મારો સ્વભાવ જાતે માથાફોડ કરીને વિષય સમજવાનો હતો. એટલે એમની પાસે નિયમિત બેસીને હું ખાસ ભણ્યો નહોતો અને તેનો તેમને ખાસ રંજ નહોતો એમ હું હજી માનું છું.

હું ૧૦મા ધોરણમાં હતો ત્યારે સ્કૂલ તરફથી કાશ્મીરનો પ્રવાસ ગોઠવાયો હતો જેનો ખર્ચ રૂ. ૩૦૦/- હતો. તે સમય પ્રમાણે મને એ ખર્ચ ખૂબ વધારે લાગ્યો એટલે મેં ભાઈને વાત નહોતી કરી. અમારી જ સ્કૂલનો બીજો વિદ્યાર્થી ભાઈ પાસે ભણવા આવતો. તેના દ્વારા ભાઈને આ પ્રવાસની ખબર પડી. એટલે ભાઈએ મને બોલાવીને મારા ન જવાનું કારણ પૂછ્યું. મારો જવાબ સાંભળીને તેમણે મને કહ્યું, 'ખર્ચની ચિંતા ના કરીશ. તું તારે જા'. તે જ પ્રમાણે જો ક્યારેક ભાઈને લાગે કે કોઈ ખર્ચ તેમની દૃષ્ટિએ યોગ્ય નથી તો સમજાવવાનો પ્રયત્ન કરે. છતાં અમે ન માનીએ તો તેમનું છેલ્લું બ્રહ્મવાક્ય હોય, 'We have money to waste, but should we?' ઘણીખરી વાર પછીથી એ મુદ્દે ફેરવિચાર કરતાં ભાઈની વાત જ સાચી લાગે.


આઈ.આઈ.ટી.ની પ્રવેશપરીક્ષા મેં સાહજિક રીતે આપી હતી એટલે મને જ્યારે ત્યાં પ્રવેશ મળ્યો ત્યારે મારા ઉપરાંત તેમને પણ નવાઈ લાગી હતી. ભણવા માટે અમારે હૉસ્ટેલમાં રહેવાનું હતું. પહેલે વર્ષે હું નાપાસ થયો અને મારે એક વધારે વાર પહેલા વરસમાં બેસવાનું આવ્યું ત્યારે તેમણે કંઈ જ ના કહ્યું સિવાય કે થોડા હિંમતના બોલ. હૉસ્ટેલમાં પાછા રહેવા ગયા બાદ દર શુક્રવારે સાંજે જ્યારે હૉસ્ટેલ લગભગ ખાલી હોય ત્યારે હૉસ્ટેલના પબ્લિક ફોન પર ભાઈ મને આખા અઠવાડિયાના સમાચાર આપતા. મારા હૉસ્ટેલ નિવાસના છેલ્લાં પાંચ વરસના સમયગાળામાં મેં અને ભાઈએ આ રીતે ફોન પર કેટલી વાત કરી હશે તેનો કોઈ હિસાબ નથી. અમારી વચ્ચે તે પહેલાં કે પછી અમારે આટલી વાતો થઈ હોય એવું મને યાદ નથી.

મેં ૧૯૭૩માં કેમિકલ એન્જિનિયરિંગ પૂરું કર્યું ત્યારે ભાઈએ મને આગળ ભણવા માટે પરદેશ જવા

અંગે પૂછેલું પણ મારું પહેલું વરસ બગડ્યું હોવાથી મારે વહેલી તકે નોકરી કરવી હતી. પાસ થયા પછી થોડા જ મહિનામાં મને નોકરી મળી. સન ૧૯૭૯માં વિભૂતિ સાથે મારાં લગ્ન થયાં. ત્યાર બાદ થોડો સમય નવી નોકરીઓને લીધે અમે ભરૂચ અને અમદાવાદ રહ્યાં. તે બંને જગ્યાએ અમારી સાથે થોડો થોડો સમય રહી પણ ગયા.

પોતાની યુવાનીમાં કદાચ ભાઈ વધારે બહિર્મુખ (extrovert) હશે એમ બીજાં મોટાઓની વાત પરથી લાગે છે, પણ મને ભાઈ સ્વભાવે થોડા અંતર્મુખ (introvert) વધારે લાગ્યા છે. જરૂરથી વધારે વાત તે ન કરતા. તેમ છતાં જરૂર પડે તો જુદા જુદા વિષયો પર વાત કરીને તે સંવાદને ચાલુ રાખી શકતા. તેઓ માનતા કે સામાન્ય રીતે દરેક વ્યક્તિને પોતાને વિષે અને જાતે વાત કહેવામાં વધારે રસ હોય છે. એટલે ભાઈ સામેની વ્યક્તિની વાત શાંતિથી સાંભળીને સમજતા અને યોગ્ય સમયે તેનો યોગ્ય પ્રતિભાવ આપતા. અંગ્રેજી શબ્દ પ્રયોગ 'a good listener' નો સાચો અર્થ તેમની સાથે વાત કરનાર સહેલાઈથી સમજી શકે. તેમની બોલવાની ઝડપ ધીમી લાગે, અવાજ પણ ધીમો, પણ ઉચ્ચારો સ્પષ્ટ અને પોતાને જે કહેવું હોય તે થોડા જ પણ સ્પષ્ટ શબ્દોમાં કહી શકતા.

ભાઈ માનતા કે 'live and let live' એટલે બને ત્યાં સુધી અમારા કોઈના અંગત જીવનમાં બિનજરૂરી દખલ ન દેતા. તે જ સિદ્ધાંત પોતાને માટે પણ લાગુ પાડતા એટલે અમારે સંઘર્ષના પ્રસંગો ઊભા નહોતા થતા. મેં અને મનોજ્ઞાએ કાળક્રમે ખાદીનો ઉપયોગ નહિવત કરી નાખ્યો તે બદલ



તેમણે અમને કાંઈ ના કહ્યું. મારા અને ભાઈના રાજકીય વિચારોમાં મેળ ખરો, પણ વ્યક્તિ તરીકે નેતાઓ અંગેનાં અમારાં મૂલ્યાંકનો જુદાં એટલે સામાન્ય રીતે એ બાબત ચર્ચા ટાળતા. જો થાય તો "one is entitled to one's opinion' પ્રમાણે વાતચીતનું સમાપન કરતા.

મારા સસરાજીને મારી અને માની જેમ સંગીતનો શોખ. ભાઈને નહિ. કોઈક રવિવારે સાંજે મારાં સાસુ-સસરા ઘેર આવે ત્યારે મારા સસરાજી, મા અને હું સંગીત સાંભળીએ, વિભૂતિ અને મારાં સાસુજી વાતો કરે અને ભાઈ મારા સસરાજીને થોડું મળીને પછી પોતાના ઈવનિંગ વોક પર અડધો-પોણો કલાક જઈ આવે. ત્યાર પછી પોતાના ઓરડામાં પોતાનું કામ કરે અને અમે સંગીત સાંભળવાનું પૂરું કરીએ પછી ફરીથી

અમે બધાં સાથે બેસતાં.

મા, ભાઈ, મનોજ્ઞા અને હું અમને ચારે જણને એકબીજાના ગમા-અણગમાની ખબર હતી અને અમે કાયમ એ યાદ રાખતાં એટલે કોઈ મોટા મનભેદ વિના સાથે રહેવાનું શક્ય બન્યું હશે. ભાઈ માનતા કે ઘણીવાર આપણે પંચાણુ ટકા બાબતોમાં સહમત થતા હોઈએ છીએ, પણ તે ભૂલી જઈને જે પાંચ ટકા બાબતોમાં મતભેદ હોય તે બાબતોમાં જ આપણો મત સાચો ઠરાવવાનો પ્રયત્ન કરતા હોઈએ છીએ. એટલે તેવે વખતે ભાઈ "let us agree to differ' બોલીને ચર્ચા ત્યાં જ અટકાવી દેતા.

હાસ્યરસ ભાઈને હાથવગો. અંગ્રેજીમાં બે પુસ્તકો મળીને બારેક હજાર જેટલા રમૂજી ટુચકાઓ (jokes)નો તેમની પાસે સંગ્રહ હતો. હાસ્યરસ પ્રત્યે માનો લગાવ વધારવામાં અને તેના વિકાસમાં ભાઈનો મોટો ફાળો હતો.

અમારા વિસ્તૃત પરિવારમાં નાની નાની બાબતો તરફ ભાઈ નિર્લેપ રહેતા પણ મહત્ત્વની બાબતોમાં બધાંને તેમનો આધાર કાયમ રહેતો. પારિવારિક બાબતોમાં મુખ્ય જવાબદારી મા લેતાં, પણ તેને ખાતરી રહેતી કે તેણે લીધેલા નિર્ણયો ભાઈને માન્ય હશે જ. એ બંનેનું તાદાત્મ્ય એવું હતું. આ માટે જો આર્થિક રીતે ઘસાવાનું આવે તો તેનો ભાઈને વાંધો નહોતો.

ગુજરાતી લેખનમાં ભાઈના પ્રદાન અંગે એક નાનો લેખ લખી શકાય, પણ ટૂંકમાં કહું તો માણસને વિચાર કરવા તરફ પ્રેરે તેવા સાડા ત્રણસોથી વધારે લેખો પોતાના જીવનકાળ દરમ્યાન ભાઈએ લખ્યા, જે સમયાંતરે બહોળો વાચક વર્ગ ધરાવતાં સામયિકો ‘અખંડ આનંદ’, ‘જીવન માધુરી’, ‘પ્રસ્થાન’, ‘પ્રતિમા’, ‘જનકલ્યાણ’ ઈત્યાદિમાં પ્રકાશિત થયા. તેમાંના ઘણા ગ્રંથસ્થ પણ થયા. તે સિવાય તેમણે યાદશક્તિ, મૈત્રી કેળવવાની કળા, વક્તૃત્વકળા જેવા ઉફરા વિષયો પર પણ પુસ્તકો લખ્યાં.

ગુજરાતી ભાષિકો સહેલાઈથી અંગ્રેજી શીખી શકે તે માટે તેમણે Postal Course શરૂ કર્યો હતો તથા ખાર અને વિલે પાર્લેની ગુજરાતી માધ્યમની નિશાળોના વિદ્યાર્થીઓ માટે જુદી જુદી કક્ષાઓની પરીક્ષાઓનું આયોજન પણ કર્યું હતું. આ માટે તૈયાર થયેલી સામગ્રી આજે પણ પુસ્તકો સ્વરૂપે વપરાય છે.

ગણિત તેમનો પ્રિય વિષય એટલે તેમણે Recreational Mathematics નાં પુસ્તકો વાંચીને ગણિતના કોયડાઓ તૈયાર કર્યા હતા અને ‘જન્મભૂમિ-પ્રવાસી’માં તે પ્રકાશિત થતા હતા. ઉપરાંત ઘણાં વર્ષો સુધી ‘જન્મભૂમિ-પ્રવાસી’ના નેજા હેઠળ ‘જન્મભૂમિ ગણિત મંડળ’નું સંચાલન પણ કર્યું હતું. આડી અને ઊભી રેખામાં આવતી સંખ્યાઓનો સરવાળો સરખો થાય તેવા ગણિતના ‘જાદુઈ ચોરસ’ બનાવવામાં તેમની અદ્‌ભુત હથોટી હતી. તે સિવાય ગંજીફાનાં પાનાંઓના જાદુ પણ તેઓ જાણતા હતા.

રાજકીય પ્રવૃત્તિઓમાં ભાઈને રસ ખરો પણ સત્તાના રાજકારણમાં નહિ. ૧૯૪૧ના સત્યાગ્રહથી ૧૯૬૯ સુધી કૉંગ્રેસમાં સક્રિય. કુદરતી આપત્તિઓ કે યુદ્ધસમયે કૉંગ્રેસ સિવાયના પક્ષોના સભ્યોને પણ સાથે રાખીને 'Citizens' Committee'ના નેજા હેઠળ

સરકારને જરૂર પ્રમાણે મદદ કરતા. ૧૯૬૯માં કૉંગ્રેસના ભંગાણ વખતે તેઓ સંસ્થા કૉંગ્રેસ સાથે રહ્યા અને પછીથી જનતા પક્ષ સાથે. ૧૯૭૫માં કટોકટીનો સક્રિય વિરોધ પણ કર્યો.

મારા જન્મથી જ મેં ભાઈની જીવનશૈલીમાં સાદાઈ જ જોઈ છે. તેમનાં કપડાંની સંખ્યા ખૂબ જ મર્યાદિત. ખાવાપીવાનો ખાસ શોખ નહિ. તેમને ભાવતી વાનગીઓ મર્યાદિત. જોકે તેમનો લોકલ ટ્રેનનો પાસ ફર્સ્ટ ક્લાસનો રહેતો અને બહારગામ જવા માટે પણ ઊંચા વર્ગની ટિકિટ મળે તો વધારે ગમતું. હવાફેર માટે માથેરાન તેમનું પ્રિય સ્થળ. એમ તો કુટુંબીઓ અને પરિચિતો સાથે મહાબળેશ્વર અને કાશ્મીર પણ ફરી આવ્યા હતા. બાકી દર વૅકેશનમાં બહારગામ ફરવા જવું જ એવું જરાય નહિ.

સત્યપ્રિયતા અને પ્રામાણિકતા તેમના વ્યવહારના આધારસ્તંભો હતા. **मनस्येकं वचस्येकं कर्मण्येकं** તેમનો જીવનમંત્ર હતો. તેઓ કોઈ પણ જાતના કર્મકાંડ કે પૂજાપાઠમાં નહોતા માનતા અને મંદિરોમાં પણ જતા નહિ, પણ ફરજ તરીકે કરવી પડે તે બધી જ ધાર્મિક વિધિઓ કરતા. તે ઈશ્વરના અસ્તિત્વને તો સ્વીકારતા જ હતા. તેમનો ઈશ્વર તરફનો અભિગમ અનોખો હતો. તેમને પોતાના જીવનથી સંતોષ હતો. મૃત્યુને તેમણે સહજભાવે સ્વીકાર્યું હતું. તેમની આ ભાવનાઓ તેમણે પોતાના જીવનનાં છેલ્લાં વર્ષોમાં લખેલી ગઝલ ‘જીવનની અંતિમ વેળાએ’ દ્વારા વ્યક્ત કરી હતી.

સન ૧૯૯૮માં તેમને દમનો સખત હુમલો આવ્યો. ત્યારથી તેમણે ભણાવવાનું બંધ કર્યું, પણ લખવાનું ચાલુ રાખ્યું. ધીમે ધીમે ઉંમર વરતાતી હતી. સન ૨૦૦૦-૦૧માં તેમને હૉસ્પિટલમાં દાખલ કર્યા. એક તબક્કે ડૉક્ટરે ઘેર લઇ જવાની સલાહ આપ્યા પ્રમાણે તેમને ઘેર લાવ્યા પછી મહિના જેટલા સમય બાદ ફરી હૉસ્પિટલમાં લઈ જવા પડશે તેમ લાગતાં તેમણે કહ્યું, હવે બાણું વર્ષે શા માટે મારું જીવન લંબાવવાના પ્રયત્નો કરો છો? તેમ છતાં હૉસ્પિટલ લઈ ગયા ત્યારે તેમણે શાંતિથી સહકાર આપ્યો. લગભગ અંત સમય સુધી તેઓ સભાન હતા. સન ૨૦૦૧ના ફેબ્રુઆરીની ૨૬મી તારીખે તેમનું અવસાન થયું.

એકંદરે જોઈએ તો ભાઈ અને મારી વચ્ચેનો જે સંબંધ હતો તેમાં ખાસ પ્રકારની પરસ્પર સમજણ હતી. શબ્દોની આપ-લે વગર અમે લાગણીનો અનુભવ એકબીજાને કરાવી શકતા. તે જોતાં 'I love you, Papa' કહેવાની મારે જરૂર જ નહોતી રહેતી.

આમ તો ભાઈ વિષે હજી ઘણું લખી શકાય એમ છે, પણ ‘થોડામાં ઝાઝું’ સમજી શકનાર માટે આટલું પૂરતું છે, એટલે છેલ્લે મારે એટલું જ કહેવાનું છે,


‘ખરેખર, ભાઈ એક અને અજોડ જ હતા!’

**– પ્રણવ દેસાઈ**

# 'ભાઈ' મારા પપ્પા

– પ્રતિમા રિંડાણી





'નયનસુખ' સુણતાં
નયનોમાં સુખ
છલકાવતાં તમે,
'નયનસુખ' કહેતાં
સૌના હૃદિયામાં ખુશી
ઉભરાવતા તમે

'નયનસુખ' સુણતાં નયનોમાં સુખ છલકાવતાં તમે,
'નયનસુખ' કહેતાં સૌના હૃદિયામાં ખુશી ઉભરાવતા તમે.
ભાનુભાઈ ને માના સૌથી મોટા છતાં કહેવાતા બકલા તમે,
ભાઈ બહેનોના હરહંમેશ રહેતા લાડલા તમે.
ચાળીસને આંબતાં પૂર્વે ગુમાવી બાપુની છત્રછાયા તમે,
જયંત સુધીર ને બેનાને અર્પી શીળી છત્રછાયા તમે.
એકમાત્ર પુત્રરત્ન રોહિતને ન કદી ખોટાં લાડ લડાવ્યાં તમે,
બનાવ્યો એને ખુદની આબેહૂબ પ્રતિકૃતિ સમાન તમે.
ભઈલાની સંગે વહાલ દીધાં પ્રતિમા ને પ્રેરણા ને પણ તમે,
સચ્ચાઈ, સાદગી ને સંસ્કારો સિંચી, ઘડ્યાં ત્રણેયનાં જીવન તમે.
સહુના વડીલ બંધુ બની, વહી કુટુંબ કેરી ધુરા તમે,
સર્વ દુઃખ સહેતાં, થાક્યા કદીએ ના જરા તમે.
ભત્રીજાં – ભાણેજડાંને લડવતા લાડ તમે,
દરેક ઉત્સવને ઉમંગે વધાવતા સૌની સાથે તમે.
નવરાત્રીમાં માઈભક્તિમાં મસ્ત રહેતા તમે,
ઉપવાસ કરતા ને ગરબા ગાતા મધુર સ્વરે તમે.
શિસ્ત, સ્વાસ્થ્ય, સેવાનિષ્ઠા, આનંદ ઉત્સાહના ઈન્દ્રધનુષી રંગ તમે,
પરોપકાર ને કુટુંબવત્સલતાની અસ્ખલિત વહેતી ગંગ તમે.
મૂડી કરતાં વ્યાજને વહાલું ગણતા તમે,
ચક્રવૃદ્ધિ વ્યાજને તો સર્વ શ્રેષ્ઠ ગણતા તમે.
આયાનને આદિતના અદકેરા ભાઈ તમે,
આ બાલુડાં સંગે બાલુડા બની રમતા તમે.
પુત્રવિયોગને દુરસ્થ સ્વજનોનો વિરહ સહ્યો તમે,
છતાં હિમાલત સમ અડગ વ્યક્તિત્વના સ્વામી રહ્યા તમે.
કર્મયોગ-અનાસક્તિ યોગને સાચા અર્થમાં જીવ્યા તમે,
કદી ફરિયાદનો હરફ પણ ન ઉચ્ચાર્યો ઈશ્વર કને તમે.
આ સઘળું શક્ય બન્યું, જો હતો શકુંતલાનો સાથ તમને,
હતો સાચા અર્થમાં સુશીલ સહધર્મિણીનો સંગાથ તમને.
ધન્યતા ને ગૌરવ અનુભવીએ અમે, છીએ આવા અજોડ પિતાના સંતાન અમે,
કહીશું ઈશ ને ફરી ફરી, દેજો આજ મા-બાપ હર ભવે અમને, તમે.

**– પ્રતિમા રિંડાણી**

# મારા પપ્પા પૂર્ણ જ્ઞાની

- ફાલ્ગુની વસાવડા



દુન્યવી દસ્તુર મુજબ તો આપ અમારા અસ્તિત્વ માટે જવાબદાર છો જ, પરંતુ આ સુંદર વ્યક્તિત્વને ઘડવામાં પણ આપનો ફાળો મહત્ત્વનો છે


પહેલાં તો નાગર મંજૂષાની ટીમને ધન્યવાદ કરવો રહ્યો, કારણકે તેમણે આ વિષય રાખી મને પપ્પા વિશે કંઈક કહેવાનો કે લખવાનો મોકો આપ્યો. ખૂબ ખૂબ આભાર આપ સૌનો.

આમ તો દુનિયામાં બાપ-દીકરીનો સંબંધ બહુ નિરાળો છે, અને એમાં પણ નાગર પિતા, એટલે એની વાત જ અનેરી હોય. ખરા અર્થમાં એ નાગર હતા, એનાં વાણી, વિચાર અને વર્તન એકેયમાં વેરઝેર કે રાગદ્વેષની વૃત્તિ નહીં. ઉપરાંત વેદવેદાંતી હોય એવું તેજસ્વી લલાટ, એકદમ ગોરો વાન, સપ્રમાણ ઊંચાઈ અને બધાની સમસ્યા સાંભળવા ઈશ્વરે કાન પણ મોટા આપ્યા હતા અને જાણે ખરો હીરો તરાસવાનો હોય તેમ ઈશ્વરે કસોટી પણ બહુ કરી. ચાલો આજે એ સાધુપુરુષ સમાન મારા પપ્પાની વાત હું આપ સૌને કહું, મારા પપ્પા પૂર્ણ જ્ઞાની ને એક ને અજોડ. નામ તનસુખરાય મહાસુખરાય વોરા, શરીર સુકલકડી હતું, પરંતુ નિરોગી અને અન્યના શરીરની સુખાકારીની ચિંતા કાયમ તેમને રહેતી. સમયની કેવી બલિહારી છે કે આ વાત જ્યારે હું લખું છું, ત્યારે તે આ દુનિયામાં હાજર નથી. ઉમરની રીતે કદાચ આપ ગયા એ સમજી શકાય, પરંતુ સંતાનને તો માતાપિતાનું છત્ર કાયમ જોઈએ અને તો જ તેઓ ઢંકાયેલા રહે.

નાનાં હતાં ત્યારથી તેમને જીવતા જોઈને જ, અમે શીખ અને સંસ્કાર મેળવતા ગયા. ઉચ્ચ કક્ષાના સંન્યાસી જેવું સદા આપનું જીવન રહ્યું. ગીતાના એક એક અધ્યાયને જાણે જીવનમાં સાર્થક કરવા જન્મ થયો હોય, એવી રીતે જીવ્યા. કર્મપ્રધાન ભૂમિકા કદાચ પહેલાં જન્મમાં કરીને આવ્યા હશો,

એ રીતે જ્ઞાનપ્રધાન ભૂમિકા રહી અને આપને સુખદુઃખ પણ બહુ સ્પર્શતાં નહીં. નાનપણમાં આપે માતાપિતા ગુમાવ્યા હોવાથી, અમારી પરવરિશમાં કોઈ કચાસ રાખી નહીં અને દરેકને પોતાની રીતે આગળ વધવાની પૂર્ણ સ્વતંત્રતા આપી. દરેકના પિતા તરીકેની જવાબદારી નિભાવી સેટ કર્યા અને જીવનમાં પોતાનાથી થતા બધા જ વ્યવહારો પણ કર્યા.

આજે જ્યારે હું એ દોરમાંથી ગુજરી રહી છું, ત્યારે માતા-પિતાની જીવનમાં જરૂરિયાત વિશે વધુ સમજાય છે. પ્રૌઢાવસ્થાને આરે શરીર પણ ધીરે ધીરે સાથ દેતું ન હોય, ત્યારે આપની જેમ મક્કમ મન અને જબરજસ્ત સંયમ એ બે શસ્ત્રથી બીજી બધી વૃત્તિઓ ને તમે કાપતા રહ્યા અને ૯૦ વર્ષની આયુ સુધી સ્વસ્થ જીવન જીવ્યા. આવું જીવવું કદાચ અમારી માટે અત્યારે તો અશક્ય લાગી રહ્યું છે. જીવનમાં આમ તો karmvir જેમ સદા પરોપકારનું કાર્ય કર્યું, પરંતુ એ કાર્યનો જશ લેવાની ઝંખના પણ રાખી નહીં, આથી જ્ઞાનની ભૂમિકા મુખ્ય રહી એમ કહી શકાય. આધ્યાત્મિક વારસો આપના તરફથી જ મને સંસ્કારમાં મળ્યો. ધન એશ્વર્યના નામે કદાચ આપની પાસે એવું કંઈ ન હતું. છતાં આજે એ દિવસો યાદ આવે છે. નાની-નાની ખુશીઓ આપણે સૌ ભેગા મળીને સમેટતાં, જેમ કે, રવિવારે રસોઈમાં કંઈ વાનગી બનાવવી એ અમને વારાફરતી પૂછીને અમારું મહત્ત્વ વધારતા, બે-ત્રણ મહિને



એકવાર રેસ્ટોરન્ટમાં લઈ જઈ, ફૅમિલી રૂમમાં ઢોસા વગેરે ખવડાવતા અને દરરોજ ઑફિસેથી પાછા ફરે ત્યારે, નાની મોટી વસ્તુ લાવી અમને ખુશ કરી દેતા, રાત્રિનું ભોજન તો કાયમ બધા સાથે જ લેતા, એ રોટલીશાકમાં પણ ખૂબ જ સ્વાદ હતો, બધાના ભણવા વિષે અને હોમવર્ક વિશે રાતે પૂછપરછ કરતા, ગણિત અને ઈંગ્લિશના કોઈ પ્રશ્ન હોય તો એ સોલ્વ પણ કરાવતા, દરેક તહેવારોની ઉજવણી પણ સાથે કરતા. અમારા જયાપાર્વતીના વ્રત દરમિયાન કેટકેટલા સૂકામેવા, કેરી, કેળાં ને મીઠાઈ, કાજુપૂરી ને બદામપૂરી

પણ લાવતા, ત્યારે તો વ્રત પણ બહુ કડક રીતે થતાં ન મીઠું, ન બટેટા ખવાતા. દરેક ઋતુમાં ખવાતા ફળફળાદિ આપણે ત્યાં સૌની પહેલાં આવતાં, દ્રાક્ષની પેટી, કેરીના કરંડિયા, જામફળ, દિવાળીમાં દારૂખાનું ને મીઠાઈ અને એ બધામાંથી કામ કરવા આવનારનો ભાગ કાઢવાની હંમેશાં વાત, ત્યારે કદાચ ન સમજાતી, પણ આપણાથી નાના માણસોની મદદ થાય અને એનાં બાળકો પણ આ બધું થોડું ઘણું માણી શકે એ નીતિનો આનંદ આજે આપે શીખવેલા માર્ગ પર ચાલીને અન્યને આપીને લઉં છું, ત્યારે સમજાય છે. દિવાળીના તહેવાર પર બધાની પસંદગીનાં કપડાં. પહેલાં તો ક્યાં આજકાલની જેમ ઑનલાઇન શૉપિંગ હતું, પણ એ વર્ષમાં એક બે વાર તહેવાર કે લગ્નપ્રસંગે થતી ખરીદી અને એમાં પણ પસંદગીનો હક્ક, જ્યારે અન્ય સહેલીઓને એ ન મળતો તોપણ આશ્ચર્ય થતું, અમે બધા સાથે ખરીદી કરવા જતાં, અને ખૂબ મજા કરાવતા. કોઈ કોઈ ગુજરાતી કે હિન્દી ફિલ્મ જોવા પણ લઈ જતા. પોલીસ ઑફિસ સુપરિન્ટેન્ડન્ટનો હોદ્દો હોવા છતાં, સત્ય ઈમાનદારી ને નીતિ ક્યારેય ચૂક્યા નહીં, અને અમને પણ એ જ શીખ આપી. ઈજ્જત આબરૂ ને રૂપિયા પૈસાથી કાયમ વધુ મહત્ત્વ આપ્યું. જ્ઞાતિમાં પણ કાયમ વિદ્વાન વડીલ તરીકે સૌએ માન આપ્યું અને સગાંવ્હાલાં, માટે તો આપ એક આદર્શ રહ્યા. આમ પણ આપ મારી માટે સૌથી ખાસ છો, આપની સામે મને દુનિયાની બીજી બધી વસ્તુઓ કાયમ તુચ્છ લાગતી અને કાયમ લાગશે.


દુન્યવી દસ્તુર મુજબ તો આપ અમારા અસ્તિત્વ માટે જવાબદાર છો જ, પરંતુ આ સુંદર વ્યક્તિત્વને ઘડવામાં પણ આપનો ફાળો મહત્ત્વનો છે. વિદ્યાર્થી તરીકે પાઠશાળાનો પ્રશ્ન હોય કે અટપટું આ જીવનનું ગણિત, આપની મદદ વગર એક પણ પ્રશ્ન ક્યારેય સોલ્વ થઈ શક્યો નથી, આજે વિચારું છું તો કેટલું બધું આપે અમને આપ્યું અને અમે તો કંઈ જ ન આપી શક્યા!! અને હવે એ વાતનો જ રંજ છે કે આગળ હવે જીવન પ્રશ્નોનું શું થશે???

**ફાલ્ગુની વસાવડા**

# સેવાભાવી ડૉક્ટર દેવતુલ્ય પિતા

– ભાર્ગવી જોશીપુરા





આજુબાજુનાં દશેક ગામડાંમાં ડૉક્ટરની સગવડ ન હતી તેથી તે બધાનો આધાર એક જ ડૉક્ટર પર જ હતો. આમ પપ્પાએ વાસાવડને પોતાની કર્મભૂમિ બનાવી દીધી

આજે એકવીસમી સદીમાં આપણે બધા પશ્ચિમની સંસ્કૃતિનું અનુકરણ કરીને "Mother's Day , Father's Day " ઊજવીએ છીએ.

ભારતીય સંસ્કૃતિએ તો હંમેશ માટે જે યાદ રાખવાનું કહ્યું છે તે ‘‘માતૃદેવો ભવ’’ અને ‘‘પિતૃ દેવો ભવ’’. આમ દેવતાસમાન પિતાશ્રી વિષે લખવાનો પ્રસંગ ઊભો થાય ત્યારે દરેક સંતાનને એમ જ થાય કે શું લખવું અને શું ન લખવું? કારણ તેઓ માટે લખવું એટલે સૂરજને દીવો બતાવવા જેવું થાય. તેઓના વાત્સલ્ય અને પ્રેમને શબ્દમાં વર્ણવવો મુશ્કેલ હોય છે.

કોઈ પણ વ્યક્તિનો ઉછેર, ઘડતર, ભણતર, લગ્ન અને લગ્ન પછીની ઘણી જવાબદારી ઉઠાવવાનું માતા-પિતા જ્યાં સુધી સક્ષમ હોય છે ત્યાં સુધી કરવાનું ચૂકતાં નથી. આપણાં વ્યક્તિત્વના વિકાસમાં માતા સાથે પિતાનું યોગદાન એક-સરખું જ હોય છે.

મારા પપ્પાનો પરિચય આપું તો તેઓનું નામ સ્વર્ગસ્થ મુરબ્બી ડૉ. શ્રી જ્યોતીન્દ્રભાઈ ટિ. કિકાણી. તેઓ B J Medical કૉલેજમાંથી ડૉક્ટર થયા (ત્યારની LMP ડિગ્રી લીધી હતી) અમદાવાદમાં જ સિવિલ તથા વાડીલાલ હૉસ્પિટલમાંથી હાઉસમેનશીપ કરેલી અને જૂનાગઢમાં સરકારી હૉસ્પિટલમાં નોકરી ચાલુ કરી હતી. થોડાં વર્ષ બાદ તેઓની રાજકોટ જિલ્લાના વાસાવડ જેવા નાના ગામડામાં બદલી થયેલી.

અહીં આજુબાજુનાં દશેક ગામડાંમાં ડૉક્ટરની સગવડ ન હતી તેથી તે બધાનો આધાર એક જ ડૉક્ટર પર જ હતો. આમ પપ્પાએ વાસાવડને પોતાની કર્મભૂમિ બનાવી દીધી. જૂનાગઢની મોટી હૉસ્પિટલમાંથી નાની ડિસ્પેન્સરીમાં આવી પોતાનો સેવાનો યજ્ઞ શરૂ કર્યો તેમ કહી શકાય. હું તો ત્યારે બહુ નાની – ૮ વર્ષની, શરૂમાં તો ન ગમ્યું, કારણ જૂનાગઢમાં અમે સંયુક્ત કુટુંબમાં રહેલાં તેથી અહીં એકલું લાગે. તેમાં વાસાવડમાં બહુ ઓછી સગવડતા, પાણીની સખત તંગી, બહારથી ભરવું પડે, લાઈટ વગર ફાનસથી ચલાવવાનું, કાચા અને ધૂળિયા રસ્તા.

આ નવા અનુભવમાં ધીમે ધીમે ટેવાઈ ગયા. પપ્પાને તો અમારા કરતાં ઘણી વધારે અગવડતા પડી હશે તે પછી ખ્યાલ

આવ્યો, પણ તેઓ કદી બોલ્યા ન હતા.

ગામડાના અજ્ઞાન અને ગરીબ લોકોનાં દિલ જીતવા માટે તેઓનો વિશ્વાસ સંપાદન કરવો બહુ જ જરૂરી હોય છે. તે ડૉક્ટર તરીકે તેઓની આવડત અને અનુભવ સાથે શાંત સ્વભાવથી કરી બતાવ્યું. આવા લોકોનાં દર્દ તથા લાચારી જોઈ અમારું હૃદય પણ દ્રવી જતું.

ગરીબ લોકોનાં ગંદાં, માખીથી બણબણતાં ઘરમાં જઈ, તૂટેલી-ફૂટેલી ખુરશી કે ખાટલી પર બેસી તેને તપાસવા કે ડિલિવરી કરાવવી તે કામ તેઓ સહજતાથી કરી શકતા. પોસ્ટમોર્ટમ જેવું જવાબદારીવાળું કામ રાતના ટાઈમે પેટ્રોમેક્સની લાઈટથી કરતા હતા. અડધી રાતે ગાડામાં બેસી વિઝિટે જવું વગેરે તેઓની ફરજના એક ભાગરૂપ હતું.

લેબોરેટરીમાં ટેસ્ટ કર્યા વગર રોગનું સચોટ નિદાન કરી શકતા હતા. તે વિચારતાં અત્યારે લાગે કે મોટી ડિગ્રીથી જ સફળ ડૉક્ટર થવાય છે તેવું નથી. હળવો ખોરાક, માઈલ્ડ દવા અને આરામથી જ પેશન્ટ ને સજા કરતા હતા જેથી ખર્ચ ઓછો અને દવાની કોઈ આડઅસર પણ નહિ. જયારે જરૂર લાગે ત્યારે રાજકોટ મોટા અને સ્પેશિયાલિસ્ટ ડૉક્ટર પાસે પેશન્ટને લઈ જતા અને ઈલાજ ઓછા ખરચે કરાવતા.

રિટાયર્ડ થઇ વાસાવડમાંજ રહ્યા અને લોકોની સેવા કરી. ત્યાંના લોકો પણ પપ્પાને જવા દેવા તૈયાર ન હતા. ગરીબ હોય કે પૈસાદાર ફી મામૂલી રહેતી. ગરીબને તો સામેથી મદદ કરતા. ગામડેથી આવેલ ગરીબ લાગે તો પૂછતા કે બસમાં પાછા જવાના પૈસા છે ને? નહીં તો મને ન આપતા. આથી વધારે ઉદારતાનું ઉદાહરણ બીજું શું હોય શકે? શ્રી વાઘેશ્વરી માતાજીનાં દર્શન માટે જે કોઈ આવે તેને બનતી મદદ કરતા અને અમારું ઘર આ લોકો માટેનું આશ્રયસ્થાન હતું. તેમાં માતુશ્રી - માનો પણ ઘણો સપોર્ટ રહ્યો હતો.

ઉપર લખેલ વાત તેઓના ધંધાકીય પાસાની થઇ. કૌટુંબિક પાસાની વાત કરું તો તેઓ મીતભાષી હતા તેથી જરૂર પૂરતું જ બોલતા.અમે ચાર ભાઈબહેન છીએ. નાનાં હતાં ત્યારે પપ્પા તરીકે કોઈ રોકટોક નહીં, ઊંચા અવાજે વાત કરી હોય તેવું પણ યાદ નથી. ડિસ્પેન્સરી કે ઘરના સ્ટાફ સાથે નમ્રતાથી જ વર્તન કરતા. આમ શાંત, સરળ અને સાદગીભર્યું જીવન જીવ્યા હતા. રસોઈમાં ફક્ત હળદર - મીઠાંવાળું જ લેતા, તીખું ગરમ બિલકુલ નહીં. હા, ગળ્યાના શોખીન ખરા. અમારાં ચારેય ભાઈબહેન પ્રત્યેની દરેક ફરજ તેઓએ નિષ્ઠાથી બજાવી. હું પંદરમે વર્ષે જૂનાગઢ ભણવા ગઈ અને પછી લગ્ન થયાં તેથી પપ્પાને મળવાનું ઓછું થઈ ગયું. હું અહીં મુંબઈ આવી તે પછી અમારી કોઈની તબિયત વિશે કાંઈ પૂછવું હોય તો ફોનમાં યોગ્ય સલાહ આપે. વળી અહીંના ડોક્ટર કહે તેમ કરવાનું પણ કહેતા. જ્યારે કોઈ બીમારી વખતે ડૉક્ટરના ક્લિનિકમાં લાઈનમાં બેસવું પડે ત્યારે પપ્પાની ખૂબ યાદ આવતી.

આ રીતે બાણું વર્ષ નિરોગી જિંદગી જીવી, ત્રાણુંમે વર્ષે એક ઑપરેશનમાં સારું ન થયું અને બધાની વચ્ચેથી ચિરવિદાય લીધી. તેઓના અવસાનના બીજે દિવસે વાસાવડમાં ‘‘સ્વયંભૂ બંધ’’ પળાયો, જે તેઓએ કરેલ સેવાનું ઋણ ચૂકવ્યું તેમ કહી શકાય. પોતાના સત્કર્મથી સૌના હૃદયમાં અમીટ છાપ છોડી જનાર સ્વર્ગસ્થ પપ્પાને હું આ લેખ દ્વારા ભાવભીની શ્રદ્ધાંજલિ અર્પણ કરું છું.

**ભાર્ગવી જોશીપુરા**

# વજ્રાદપિ કઠોરાણી મૃદુની કુસુમાદઅપિ


**– ભારતી હાથી**



મારા બાપુજી સિંહ જેવા, ચાલે ત્યાં ધરણી ધ્રુજે, બોલે તો પડઘા પડે, એટલે કોઈ એમની અવગણના ન કરી શકતું

વજ્રાદપિ કઠોરાણી મૃદુની કુસુમાદઅપિ

વાત મારા બાલ્ય-કાળની છે. અમારો સંયુક્ત પરિવાર હતો. મારા મોટા કાકા, કાકી, મારા બા, બાપુજી અને અમે બે ભાઈબહેન સહુ સાથે રહેતા. મારા બાપુજી બહુ જ કડક, નીતિ-નિયમવાળા હતા. ઘરમાં એમનો દબદબો હતો. કોઈ એમની ઉપરવટ જવાની કોશિશ ન કરતું. મારા બાપુજી સિંહ જેવા, ચાલે ત્યાં ધરણી ધ્રુજે, બોલે તો પડઘા પડે, એટલે કોઈ એમની અવગણના ન કરી શકતું. મેં ૫મું ધોરણ પૂરું કર્યું ને ૬ઠ્ઠા ધોરણમાં આવી. ત્યારે મારી સ્કૂલ બદલાઈ. હું માધ્યમિક, અમારા ઍરિયાની મોટી સ્કૂલમાં આવી. નવા ટીચર્સ, નવું વાતાવરણ, નવા સહપાઠીઓ વચ્ચે હું મારી જાતને ગોઠવવાનો પ્રયત્ન કરતી હતી. એમાં એક નવા વિષય - સંસ્કૃતનો પણ ઉમેરો થયો હતો. જે આ સ્કૂલમાં તો ૫મા ધોરણથી જ આવી ગયું હતું, પણ મારા માટે



નવું હતુ. ટીચર આશા મેડમ ને ફક્ત કોર્સ પૂરો કરવાથી મતલબ હતો. તો એ ગોખણિયું જ્ઞાન આપી રવાના થઈ જતાં. આવામાં મારી પરિસ્થિતિ કફોડી થઈ. સંસ્કૃત મારી ઉપરથી જતું, ભાષાંતર કરવામાં કલાકો લાગી જતા, બીજી છોકરીઓ તો બહારથી ગાઈડ લાવીને પોતાનું કામ પૂરું કરી લેતી. હું તો એવું કાંઈ વિચારી જ ન શકતી. પરિણામે પહેલી ટેસ્ટમાં મારા સંસ્કૃતમાં બહુ જ ઓછા માર્કસ આવ્યા. Fail થઈ. મારા માટે આ ખૂબ જ આઘાતજનક હતું. રિઝલ્ટ પર પપ્પાની સાઈન લાવવાની હતી. મારા બાપુજી તો સારું ભણેલા હતા, ગણિત અને


સંસ્કૃતના સાક્ષર હતા. વકીલાતનું એ ભણ્યા હતા, પણ ઘરનો ''ધંધો'' હતો, એટલે આખરે એમાં જોડાયા હતા, પણ એમની નજરમાંથી કોઈ બચી શકે એમ નહોતું. મારા રોઈ રોઈને બૂરા હાલ થયા, આંખો સૂજીને દડા જેવી થઈ ગઈ. મારી બાએ જોયું, ને કારણ પૂછ્યું, હું એને વળગી પડી ને રોતાં રોતાં રિઝલ્ટની વાત કરી. બા પણ ૧૦મું પાસ હતી, પણ બિચારીને ઘરકામમાંથી ફુરસદ જ નહોતી મળતી. એણે મને પડખામાં લીધી અને સાંત્વના આપી. રાતના બાપુજીને વાત કરી અને હું બા સાથે ધીમે પગલે ગઈ. બાએ મારું રિઝલ્ટ બતાવ્યું ને સાઈન કરવા કહ્યું. એમણે રિઝલ્ટ જોયું અને મને પૂછ્યું કે ''આમ કેમ બન્યુ?'' મેં કહ્યું કે ''સંસ્કૃત મારા માટે નવો વિષય છે અને ટીચર જોઈએ તેવું ધ્યાન દેતા નથી.'' બાપુજીએ કહ્યું, 'હમ, લાવ હમણાં તો સાઈન કરી દઉં છું, પણ એક શરતે, કાલથી રોજ મારી પાસે બેસીને સંસ્કૃત ભણવું પડશે. એમ કહી સાઈન કરી દીધી. બીજે દિવસે બધાના આશ્ચર્ય વચ્ચે બાપુજી દુકાનથી વહેલા આવી ગયા અને મને સંસ્કૃતની ચોપડી લઈને આવવાનું કહ્યું અને પહેલા પાનાથી માંડીને શરૂઆત થઈ ગઈ. દરેક શબ્દના અનુવાદ, વાક્યોના સંધિવિચ્છેદ, અનુવાદ દરેકેદરેક વ્યાકરણને લગતી બાબત સમજાવી, બધા રૂપ વારાફરતી ૫૫ વાર લખાવ્યા ને યાદ કરાવ્યા, આમ રોજ મારું સંસ્કૃતનું શિક્ષણ ચાલવા લાગ્યું. હવે હું ખુશી ખુશી સંસ્કૃત ભણવા લાગી, ઉત્સાહથી શ્લોક બોલતી હતી અને બધાના અર્થ પણ સમજીને યાદ કરતી, પરિણામે બીજી ટેસ્ટમાં બહુ સરસ માર્કસથી પાસ થઈ, ૫૦માંથી ૪૫ માર્કસ આવ્યા ને સંસ્કૃતના આશા મેડમે વાહ, વાહ, V. good કહી શાબાશી આપી. હું હોંશે હોંશે ઘરે પહોંચી ને બાપુજીના આવવાની રાહ જોવા લાગી. જેવા આવ્યા એવા એમને પગે લાગી અને રિઝલ્ટ બતાવ્યું, બાપુજીએ રાજી થઈ માથે હાથ ફેરવ્યો અને ઉમેર્યું ''આવતી વખતે ૫૦માંથી ૫૦ આવવા જોઈએ''. ''તું આનાથી પણ ખૂબ આગળ વધી શકે છે.'' ભૂલ મારી હતી કે મેં પહેલાં તારા પર ધ્યાન ન દીધું, જા....હવે આગળ ફતેહ કર અને એમના આ પ્રોત્સાહનભર્યાં વચનોએ મને આગળ વધવાની પ્રેરણા આપી. પછી ક્યારેય અટકી નહી. ૧૧ બૉર્ડની પરીક્ષામાં હું ફર્સ્ટ ક્લાસ, ડિસ્ટિંક્શન માર્કસથી પાસ થઈ. એમ જ, કૉલેજમાં પણ આર્ટસ લીધું. બી. એ.માં છેક સુધી રહ્યું અને સંસ્કૃત કોર્સમાં હતું એટલે, **रघुवंशम, स्वप्नवासवदत्तम, विकृमोवर्शीयम,** જેવી સાહિત્યિક રચનાઓનો અભ્યાસ કર્યો. તેમ જ ચૌપાટી પર ભવન્સ કૉલેજની લાઈબ્રેરીમાં મેમ્બરશિપ લઈ લીધી ને અવનવા સંસ્કૃત સાહિત્યનો લાભ લીધો અને આજે એ જ કૉલેજમાં સંસ્કૃતની પ્રૉફેસર છું. મુદ્દાની વાત એ છે કે, આ બધાની પાછળ મારા બાપુજીના પ્રોત્સાહન અને સ્નેહની સરવાણી હતી. એમને જોઈને આજે પણ એ પંક્તિઓ તાજી થાય છે,

**वज्रादपि कठोराणी मृदुनी कुसुमादअपि**

**ભારતી હાથી**

# મા મમતાની મૂરત પિતા પ્રેમભરી સુરત


- માતંગી ઓઝા



મારા વહાલા પપ્પા,

નથી ભુલાતી એ નજરો જે તમે જતાં જતાં મારી ઉપર છોડતા ગયા. જાણે કહેતા હો કે તું ચિંતા ન કર હું તને જોઈ રહ્યો છું. તમે ગયા, પણ ક્યાં ગયાં એ તો ખબર નથી, પણ હું તમારી એ મારી ઉપર થોભેલી આંખોને આજે પણ આંખ બંધ કરી અનુભવું છું. મારી હિંમત તો એ જ છે, પણ હું આટલી સ્ટ્રોંગ નથી હું તમારા વગર બહુ નબળી છું. ક્યારેય અમને ત્રણેયને તમે સલાહ આપી જ નથી તમે જે કરતાં એ અમારા માટે શીખ બની રહેતી. તમારી પ્રામાણિકતા અને સેવાની વૃત્તિ અમને આડકતરી રીતે પ્રેરણા આપતી હતી. મા તો મમતા વહાવે ત્યારે ખ્યાલ આવી જાય, પણ તમારો પ્રેમ તો મૌન બનીને પણ અવિરત ધોધની જેમ વહેતો હતો. તમને પડેલ દરેક તકલીફથી અમને દૂર રાખ્યા એ ખોટું કર્યું. ક્યારેય તમારી હયાતીમાં તમારી તકલીફ અમે જાણી ન શક્યા. જિંદગીભરનો અફસોસ છે કે હું તમારો દીકરો બની કેમ ન જન્મી? મારાં લગ્ન પછી પડેલ કેટલી પારિવારિક

તમારી પ્રામાણિકતા અને સેવાની વૃત્તિ અમને આડકતરી રીતે પ્રેરણા આપતી હતી. મા તો મમતા વહાવે ત્યારે ખ્યાલ આવી જાય, પણ તમારો પ્રેમ તો મૌન બનીને પણ અવિરત ધોધની જેમ વહેતો હતો



મુશ્કેલીઓથી મને અજાણ રાખી તમે, આ ખોટું જ કર્યું, હું તો અત્યારે પણ મુશ્કેલીમાં તમને પહેલાં યાદ કરું છું. જેમણે જીવતાં શિખવાડ્યું એમને જ મેં મરતા જોયા એ તકલીફ કોને કહું... શબ્દોથી ન સંધાય આ એવી તકલીફ છે...

તમારા માટે લખવા બેસું તો એક ગ્રંથ પણ ઓછો પડે. તમે મારા માટે મારી હયાતીની સાબિતી છો. તમે ક્યારેક મિત્ર તો ક્યારેક ગુરુ પણ બન્યા છો. મા માટે તો અઢળક લખાયું છે અને મબલક બોલાયું છે, પણ પપ્પા તમારા માટે ક્યારેય એટલું લખાયું નથી. તમે હંમેશા મૂગા મોઢે અમને કાબિલ બનાવ્યા કે અમે ચાર માણસોમાં ઓળખાઈએ. તમે અમને પડીએ ત્યારે ઊભા થતાં શીખવ્યું,

તમે ડરનો સામનો કરતાં શીખવ્યું. સાઈકલથી લઈને ગાડી સુધીનું તો તમે શીખવ્યું. આ સ્પર્ધાત્મક દુનિયામાં પ્રતિસ્પર્ધામાં રહેતા શીખવ્યું.

તમારા માટે લખવા મારે ફાધર્સ ડેની ક્યાં જરૂર છે. ''મા મમતાની મૂરત છે તો પિતા પ્રેમભરી સુરત છે.'' મા જતાવી જાણે છે, પિતા કરી બતાવી જાણે છે.'' ચોવીસ કલાક જે પોતાના કુટુંબ માટે કાર્યરત રહેતા હોય તે પિતા વિશે લખું તોપણ ઓછું જ પડે.

મા ત્યાગ કરે છે હું સ્વીકારું છું, પણ તમે જે ત્યાગ કર્યા છે તે અમારી નજરે હવે આવે છે. તમે હંમેશાં પોતાની જરૂરિયાતમાં કાપ મૂકી અમારી બિનજરૂરી વસ્તુઓ લાવ્યા છો. તમે એક જ સફારી સુટ પહેરતા. દિવાળી હોય કે કોઈ પ્રસંગ એ જ કપડાં પહેરેલાં તમે યાદ છો, પણ કોઈ પણ તહેવાર કે પ્રસંગમાં મજા તમે કરાવી છે. અમને કૉલેજમાં સ્કૂટર પર મોકલતાં અને તમે પોતે સાઈકલ પર નોકરીએ જતા. દર પહેલી તારીખે લવાતી ચોકલેટના સ્વાદમાં તમને મળેલ પગારરૂપી વળતરનો સ્વાદ રહેતો. અમે બહાર કોઈ ભેગા જઈએ ત્યારે અમારું ખરાબ ન લાગે એટલે તમે પોસાય કે નહી તે જોયા વગર વર્ષે ત્રણથી ચાર વખત મોટામાં મોટી હોટેલમાં જમવા લઈ જતા. ઓછો પગાર છતાં અમને ત્રણેય ભાઈબહેનને દરેક મોજમજા પૂરી પાડી છે. જમાના સાથે ચાલતાં શીખવ્યું. નવું નવું કૉમ્પ્યુટર આવેલ ત્યારે ફી ભરીને મને કૉમ્પ્યુટર શીખવ્યું. મારી ઇચ્છાને માન આપી મોંઘી ફી ભરીને પત્રકારત્વનું ભણાવ્યું. મને ખબર છે કે મારાં લગ્ન જલદી ન કરવા પાછળ તમારી ઇચ્છા હું કંઈક બની જાઉં એ હતી, પણ મારી ઇચ્છાને માન આપી મારા જ મનના માણીગર સાથે તમે મને ધામધૂમથી વિદાય આપી.

તમે પ્રત્યક્ષ ક્યારેય અમને કંઈ શીખવ્યું નથી, પણ તમે જે કરતાં તે જ અમારા માટે શીખ બનીને રહી ગયું છે. અત્યારે પણ જે ગુણો છે મારા, બધા જ તો તમારામાંથી લીધેલા છે. તમે ગુસ્સો પણ કરતા, પણ તે ગુસ્સો એવા તડકા સમાન હતો કે જે મમતાની હેલીથી થતાં રોગચાળાને કાબૂમાં લાવતો એ હવે ખબર પડી. તમે ક્યારેય કહ્યું નથી, પણ મને ખબર છે કે હું તમારી લાડકી હતી. દીકરી-દીકરાનો ભેદ ક્યારેય તમે દેખાડ્યો નથી. ભગવાનને એટલું જ કહીશ કે જો મારો બીજો જન્મ હોય તો મારા જન્મદાતા મારા આ જન્મના જ પપ્પા હોય.

પારુલબેન ખખ્ખરની કવિતાથી આ વાત ને અહીં રોકીશ.

ફાંટ ભરીને શબ્દો દીધાં કરિયાવરમાં કાગળ,
પપ્પા તમને દરિયો કહું ? કે કહું ગમતીલું વાદળ?
કાલ સુધી તો ચાંદામામાની વાતો કહેતા'તા,
ધીમે ધીમે કાળ નદીની લહેરોમાં વહેતા'તા,
આપણ બન્ને ત્યાં ના ત્યાં ને ઉમ્મર ભાગી આગળ,
પપ્પા તમને દરિયો કહું કે કહું ગમતીલું વાદળ?
ચપટીમૂઠી સપનાં સાથે દીધી ખુલ્લી આંખો,
સહેજ હજું ફફડાવી ત્યાં તો ખોલી આપી પાંખો,
આંગળ ઝાલી રાખે તો યે પોતે ચાલે પાછળ,
પપ્પા તમને દરિયો કહું કે કહું ગમતીલું વાદળ?
હળવે હળવે દેખાડી છે સમજણ નામે શેરી,
શ્રદ્ધાની બંધાવી આપી નાની અમથી દેરી,
વ્હાલ ખજાનો લૂંટાવી દે કદી ન મારે સાંકળ,
પપ્પા તમને દરિયો કહું કે કહું ગમતીલું વાદળ?

-પારુલ ખખ્ખર

તમારી વહાલી લાડકી ટીનું

**- માતંગી ઓઝા**

# મારી મા મારા પિતાના સ્થાને

- મીતા પોટા



કોઈ મારી વાત માનશે કે નહિ, પણ મારા પિતાનું સ્થાન તો મારી માના સિવાય હું કોઈને નહિ આપી શકું. મારા પિતા પણ અનમોલ હતા, પણ દુર્ભાગ્યે એમણે અમારો સાથ ઘણી નાની ઉંમરે છોડી દીધો. એ તો ૨૭-૨૮ વર્ષના જ હતા ને મારી મા માત્ર ૨૬ વર્ષની! નાગરોમાં ત્યારે બીજાં લગ્ન કરવાનો સવાલ જ ક્યાં ઊભો થતો? ને મારી મા સાથે અમે ત્રણ ભાઈ-બેનોની જવાબદારી. હું સૌથી મોટી, માંડ ૪ વર્ષની. પછી નાનો ભાઈ ૨ જ વર્ષ નો ને સૌથી નાની બેન તો માત્ર ૮ મહિનાની. લોકો કહેતા કે આ ત્રણે ભાઈ-બેનોના નસીબમાં બાપનો હાથ જ માથે નહોતો, પણ મારી મમ્મી કહેતી કે મારા ભાગ્યમાં જ પતિસુખ નહિ હોય, છોકરાંઉનો શું વાંક? આ બધું તો મને હું ૧૬-૧૭ વર્ષની થઈ ત્યારે ખબર પડી.

મારા પપ્પા ગુજરી ગયા પછી મમ્મીને તરત જ એમની સંસ્થામાં કામ મળી ગયું. મમ્મીને તો પપ્પાના ગયાનો શોક કરવાનો મોકો જ ના મળ્યો! પહેલા વર્ષે એક મામાએ અને પછી નાના મામાએ મારી મમ્મીને સંભાળી લીધી. મમ્મીની સાથે અમે ત્રણે જણ પણ તો ખરાં જ ને? નાની પણ અમારી સાથે જ રહ્યાં.

મમ્મીએ પપ્પાનું રૂપ લઈ લીધું. ત્રણેને ભણાવવાનું, અમારા ચારિત્ર્યઘડતરનું, અમારા સંસ્કાર સિંચનનું કામ પણ એણે હસ્તા મોંએ સ્વીકાર્યું. પોતાના વૈધવ્યનું દુઃખ પડતું મૂકી એણે અમારા સુખમાં મન લગાવ્યું. મમ્મીએ કામ સાથે ઘરકામ અને અમારા શોખો પૂરા કરવા અમારી સાથે સમય વિતાવ્યો. અમારી નાનામા નાની વાતોમાં રસ લીધો.

સમાજ એના પોતાના ચારિત્ર્ય પર આંગળી ના ઉઠાવે

મમ્મીએ પપ્પાનું રૂપ લઈ લીધું. ત્રણેને ભણાવવાનું, અમારા ચારિત્ર્યઘડતરનું, અમારા સંસ્કાર સિંચનનું કામ પણ એણે હસ્તા મોંએ સ્વીકાર્યું. પોતાના વૈધવ્યનું દુઃખ પડતું મૂકી એણે અમારા સુખમાં મન લગાવ્યું

તેથી કામથી ઘેર ને ઘેરથી કામનું જ લક્ષ્ય રાખ્યું. ઘણી વાર મને પણ બીજી સખીઓની જેમ ચિત્રો જોવાનું ને હોટલોમાં જમવા મન થતું તો ખરું, પણ મમ્મી પોતે ૨-૩ સાડીઓ પર પોતાનુ કામ કરતી જોઈ મન વાળી લેતી.

ઘણી વાર અમારી નવા ચપ્પલની કે કોઈ નવી ફેશનની માગણીઓ સમજાવીને ટાળી દેતી જે આજે હું મારાં બાળકોને નથી મનાવી શકતી. અમારી નાની મોટી ઇચ્છાઓ તો એ પૂરી કરી દેતી અને કહેતી કે આ એટલા માટે કરું છું કે તમને એમ ના લાગે કે તમારા પપ્પા નથી.

મેં મારી મમ્મીને ક્યારેય કોઈ વાતે ફરિયાદ કરતાં નથી સાંભળી. મૅચિંગ વિનાના સાડી બ્લાઉઝ, વારંવાર રિપેર કરેલા ચપ્પલ, જૂની ફાટેલી પર્સ પણ મોં પર ઝગમગતું સ્મિત. મને મારી મમ્મીને જોઈ ખૂબ જ અભિમાન થતું.

પપ્પા ગુજરી ગયા ત્યારે અમે ફીજી નામના ટાપુ પર હતા. પપ્પાની ત્યાં ટૂંક સમય પહેલાં ભારતથી બદલી થયેલી. પપ્પા ગયા પછી ત્યા રહેવાનો તો કોઈ અર્થ જ નહોતો. ત્યારે મને



સમજાયું નહિ કે પપ્પા અમારી સાથે પાછા ભારત કેમ ના આવ્યા? મમ્મીને પૂછવાનો કોઈ સવાલ જ ન હતો કારણ એ હંમેશાં રડી પડતી, પણ એ વિચાર મારા મનમાથી ક્યારેય ના ગયો કે કદાચ પપ્પા અમને શોધતા શોધતા આવી જશે જરૂર. ઘણી વાર મને રાત્રે બારણું ખખડવાના ભણકારા થતા. પછી સમજણી થઈ ત્યારથી એ ભણકારા ઓછા થઈ ગયા. મને મારા પપ્પા મમ્મીના રૂપમાં મળી ગયા.

**મીતા પોટા**

# પપ્પા – હૈયાના પરબીડિયામાં અકબંધ

– લીના વછરાજાની





સાચે મારા પપ્પા મતલબ પપ્પા-ઈન-લો અજોડ હતા.

હા, મારા પપ્પા વિશે પહેલાં લખીને વ્યક્ત કર્યું જ છે, પણ સદનસીબે મને પપ્પા-ઈન-લો પણ પપ્પા કહેતાં મોં ભરાય એવા મળ્યા. એટલે આ વિષય મળ્યો ત્યારે એમને શબ્દાંજલિ બક્ષવાનો મોકો મેં ઝડપી જ લીધો.

પહેલાના દરેક વડીલની જેમ જિંદગી સંઘર્ષ કરીને ઊજળી બનાવી. મારાં લગ્ન નક્કી થયાં ત્યારે પપ્પાની નોકરીને પૂર્ણ થવામાં ત્રણ વર્ષ બાકી હતાં એટલે એ એકલા જોધપુર રહ્યા અને મારાં સાસુમમ્મી અમારી સાથે અમદાવાદ સ્થાયી થયાં. એ જ એમનો પહેલો પરોપકારી જીવનો દાખલો હતો.

રજાઓનો મેળ કરીને અમદાવાદ આવે ત્યારે નાની- મોઢે ચડાવેલી દીકરીનો બાપ પડ્યો બોલ ઝીલે એમ કંઈ કેટલીય વસ્તુઓ માત્ર મારા નામની આવે. મને રીતસર પપ્પા આવવાના હોય ત્યારે નાનું છોકરું ગિફ્ટની રાહ જોવે એવું આકર્ષણ થતું. પપ્પા આવે અને ઘરમાં વસ્તુઓનો ઢગલો કરીને અમને રોનકમાં જીવાડી પોતાની એકલવાયી સલ્તનતમાં પરત જાય.

પછી તો નિવૃત્ત જીવનમાં સાથે જ રહ્યા. હજી તો અમારામાંથી કોઈ બોલે કે ઘરમાં આ વસ્તુ કે કોથમીર કે કોપરું ખતમ છે અને તરત – બાર વાગ્યા હોય, ધોમધખતું આકાશ હોય તોય એ નરસિંહ મહેતા જેવી ઝોળી લટકાડીને ઉપડ્યા જ હોય.

બહુ ભોળું, આધ્યાત્મિક વ્યક્તિત્વ. જાણીતામાં કોઈની પણ તકલીફ કે બીમારીના સમાચાર મળે કે તરત સુંદરકાંડના પાઠ શરૂ કરી દે. રામના નામે પથરા તરતા એ કક્ષા તો નહીં પણ હા, પપ્પાની નિઃસ્વાર્થ પ્રાર્થના અમને જરૂર ફળતી.

ક્યારેય પોતાની તકલીફ પ્રદર્શિત નહોતી કરી. બસ છેલ્લાં કેટલાંક વર્ષોથી કહેતા કે , હું શ્રાવણ મહિનામાં જ જઈશ.

અમે દર શ્રાવણ સમાપ્ત થયે કહેતાં કે,

પપ્પા આ શ્રાવણ પૂરો થયો હવે ચિંતા ન કરો, પણ એ નિર્દોષ નિર્ભેળ વ્યક્તિએ ખરેખર ૨૦૧૩ના શ્રાવણ મહિનાની અમાસે વિદાય લીધી.

એ વખતે બે અમાસ હતી. પ્રથમ અમાસે લઘુરુદ્રનો લાભ લઈ, પોતાના હસ્તે અભિષેક કરી, કોઈને અણસાર આપ્યા વગર બીજી અમાસની વહેલી સવારે પપ્પા વિરામ પામી ગયા.


બસ યાદ, યાદ અને મબલક યાદ મૂકતા ગયા.

મમ્મી વિશે તો<br>
થોકબંધ લખાયા ગ્રંથ,<br>
પણ પપ્પા તો હૈયાના<br>
પરબીડિયામાં અકબંધ.

**લીના વછરાજાની**

# લવ યુ પાપા

– સુહાની દીક્ષિત



પિતા એટલે હિમાલય જેવું અડગ વ્યક્તિત્વ જે રક્ષક અને પોષકનો જાણે ત્રિવેણી સંગમ. જેના થકી જીવન મળ્યું, અસ્તિત્વની ઓળખ મળી એ જ પિતા મારે માટે સર્વસ્વ

સવારના નવ વાગતાં જ એક નજર અચૂક ઘડિયાળ તરફ મંડાય છે અને ફોન તરફ જઈને નિરાશ થઈ પાછી વળી જાય છે. અરે...હવે તો પાપાનો ફોન નહીં જ આવે. જીવ્યા ત્યાં સુધી રોજ સવારે નવ વાગ્યાની આસપાસ અચૂક ફોન આવે જ અને એક જ સવાલ પૂછતાં સુહાનિ, તું કેટલા વાગે આવવાની?

આજે કેટલાય દિવસોથી ‘પપ્પા વિશે... લખવાનું નક્કી કરું છું, પણ એમના વિશે શું લખું અને શું નહીં? એટલી બધી યાદોનું પૂર આંખમાં ઊમટી પડે છે. પાપા...લવ યુ ...મીસ યુ. થેન્ક યુ... તમને વાંચનનો શોખ હતો એને પોષવા માટે અને સૂક્ષ્મ રમૂજવૃત્તિ વિકસાવવા માટે. બધા કહે છે હું તમારા જેવી છું, હા દેખાવમાં હોઈશ પણ તમારા જેવી Sense of humour નહીં અને બીજી કંઈ કેટલીય બાબતોમાં તદ્દન વિપરીત.

પાપાનો સ્વભાવ અત્યંત લાગણીશીલ. જેને માટે આજે પણ લોકો એમને યાદ કરે છે. પારકાંને પણ એમની દુઃખની ઘડીમાં હંમેશાં શક્ય એટલી મદદ કરવા એ સદૈવ તત્પર રહેતા.

જગતમાં માતૃત્વનો મહિમા ગવાયો છે, પણ દીકરી માટે તેના પિતાથી વિશેષ કશું જ ન હોઈ શકે. પિતા એટલે હિમાલય જેવું અડગ વ્યક્તિત્વ જે રક્ષક અને પોષકનો જાણે ત્રિવેણી સંગમ. જેના થકી જીવન મળ્યું, અસ્તિત્વની ઓળખ મળી એ જ પિતા મારે માટે સર્વસ્વ.


એમની સ્થૂળ વિદાયને આજે ચાર વર્ષ વીતી ગયાં છે એ પાપા આજેય મારામાં એટલા જ જીવંત છે. ક્યારેક મને એમ થાય છે કે માતાનું જે સ્વરૂપ સાહિત્ય અને સમાજે કંડાર્યું છે તેમાં સ્નેહની સંવેદના ભારોભાર ભરવામાં આવી છે જ્યારે પિતાની કોઈ નિશ્ચિત આકૃતિ સાહિત્ય કે સમાજે કંડારી નથી. એ માટે હું આપણી સમાજવ્યવસ્થા અને વ્યવહાર વ્યવસ્થાને જવાબદાર ગણું છું. માટે જ જ્યારે પાપાની વિદાયને

આટલો સમય વીતી ગયા છતાં વિચારું છું કે કાશ, મારી અંગત જિંદગીમાંથી થોડો સમય એમની સાથે વિતાવ્યો હોત તો... આ તો હૃદય પર ખૂબ ભારરૂપ લાગે છે.

દરેક પિતા તેના અનુભવનું ભાથું એના સંતાનને સોંપી એના સારા-નરસા અનુભવોની શીખ આપતો રહે છે. એણે વેઠેલા સંઘર્ષનો સાક્ષાત્કાર એનાં સંતાન ના અનુભવે એ માટે સતત સચેત રહે છે. મારે માટે પણ મારા પાપા એટલે 'માય ડેડી સ્ટ્રોન્ગેસ્ટ..' મારા આદર્શ અને મારા સુપર હીરો હતા છે અને રહેશે. કોઈક જગ્યાએ વાંચ્યું હતું કે શોખ તો મા-બાપ પૂરા કરતાં હતાં અત્યારે તો જરૂરત પૂરી કરવા કમાઈએ છીએ. નાના હોઈએ ત્યારે પિતાએ કરેલા સંઘર્ષની પીડા નથી અનુભવી શકતા, પણ મોટા થઈને એ જ રસ્તે ડગ માંડીએ ત્યારે એનો અહેસાસ થાય છે. ભગવાન શ્રીકૃષ્ણએ કહ્યું છે તેમ '**कर्मण्येवाधिकारस्ते मा फलेषुकदाचन**' અર્થાત્ ફળની આશા રાખ્યા વગર કર્મ કર્યે જા વિશ્વભરના પિતાઓનો આ જીવનમંત્ર છે. આ જેટલું સમજવું સરળ લાગે છે એટલું જ કપરું એને આચરણમાં મૂકવાનું છે, પરંતુ એક પિતા જ આ ખૂબ સરળતાથી કરી શકે છે. થોડાક સમય પહેલાં ક્યાંક વાંચેલી આ કાવ્યપંક્તિ સજ્જડ રીતે દિલમાં વસી ગઈ છે કે,

'ધૂપ મેં બાપ ઔર ચૂલ્હે પે માં જલતી હૈ,
તબ કહીં જાકર ઔલાદ પલતી હૈ!

માતાના વાત્સલ્ય, કરુણા અને અન્ય ગુણો વિશે અઢળક લખાયું છે, પણ અહીં પણ પિતાને એનો જશ



નથી ખાટવો. કંઈક કરી છૂટવાનો એનો આ સ્વભાવ અહીં પણ જાળવી રાખે છે. ક્યારેક એમ કરવામાં એની છબિ ક્યાંક ખોટી પણ ચિતરાય છે, છતાં એ ફરજ ચૂકતા નથી.

આમ તો હું પાપા વિશે - અને પિતા વિશે ઘણું લખવા માગું છું, પણ જ્યારે લખવા માંડી ત્યારે કંઈ કેટલુંય લખી નાખું અને શું ન લખું એ દ્વિધામાં જકડાઈ ગઈ, પણ મને ખબર છે કે હું વધારે નહીં લખું તોપણ મારા પાપાને કોઈ જ ફરક નહીં પડે કારણકે એ પણ અન્ય દરેક પિતાની જેમ અપેક્ષારહિત અને નિસ્પૃહ હતા, પણ ફરી એક વાર હું એમને એક વાત તો ચોક્કસ કહીશ જ... લવ યુ પાપા!

સુહાની દીક્ષિત.


તા.ક. : મને આ નામ (સુહાની) આપવા બદલ હું હંમેશ તમારી ઋણી રહીશ સુનીલ મંજુલાલ યાજ્ઞિક.

**- સુહાની દીક્ષિત**

# પપ્પા જ મારા સુપર હીરો

– હેમાલી અંતાણી





"તારા પપ્પાને આવવા દે, તારી વાત છે" બસ, આ વાક્યએ પિતા અને સંતાન વચ્ચે લક્ષ્મણરેખા બનાવી દીધી છે. પિતા પથ્થર નથી, શ્રીફળ છે. કડક જરૂર છે, પણ અંદરથી મીઠા અને નરમ

પપ્પા, બાપુ, બાપુજી, પિતાજી, ડેડ, ભા, અધા વગેરે જેવાં અનેક નામથી ઓળખાતી વ્યક્તિના અનેક શબ્દનામ છે, પણ તે છે તો જીવન છે નહીં તો માત્ર વન છે. વડલાની જેમ તાપ સહન કરી પરિવારને છાંયડો આપતું પાત્ર એટલે – પિતા. મા વિશે તો ખૂબ કહેવાયું છે. મા સંઘર્ષ કરીને પોતાના બાળકનું લાલનપાલન કરે છે, પરંતુ પપ્પા વગરની જિંદગીની તો કલ્પના જ ન થઈ શકે! પિતા વિનાનું ઘર શું છે, તેનો અનુભવ કરવો હોય તો માત્ર એક દિવસ અંગૂઠા વિના આંગળીઓ ચલાવી કામ કરી જુવો, આપોઆપ તમને પિતાની કિંમત સમજાઈ જશે.

સંતાનની દરેક ઇચ્છાઓને અમીરની જેમ પૂરી કરવા પોતાની જિંદગી ગરીબ કરી નાખે એ વ્યક્તિ પિતા સિવાય આ ધરતી પર બીજું કોણ હોઈ શકે? માતાની સાથે-સાથે પિતા પણ એક મૂક ઢાલ સમાન છે. તેના મહત્ત્વને પણ જાણવું જરૂરી છે. કેમ કે, જો મા સ્વર્ગ છે, તો પિતા એ સ્વર્ગના દ્વાર (દરવાજો) છે. મા શિક્ષક છે તો પિતા હેડમાસ્તર છે....

"તારા પપ્પાને આવવા દે, તારી વાત છે" બસ, આ વાક્યએ પિતા અને સંતાન વચ્ચે લક્ષ્મણરેખા બનાવી દીધી છે. પિતા પથ્થર નથી, શ્રીફળ છે. કડક જરૂર છે, પણ અંદરથી મીઠા અને નરમ.. માટે તેની ભીતર ધરબાયેલી જવાબદારીથી એટલો બધો દબાયેલો છે કે તેની સાચી ઓળખ મુશ્કેલ બની જાય છે.

હું મારા પપ્પાને આજે 'Thank you' કહીને તેમના વહાલથી દૂર થવા નથી માંગતી, પણ 'Love you pappa' કહીને તેમના વહાલના દરિયામાં તરવા જરૂર માગીશ. આજે હું જે પણ કંઈ છું તે તમારા કારણે જ છું. પપ્પા જ મારા ઈશ્વર અને પપ્પા જ મારા સુપર હીરો.

પપ્પા, તમે મારા દરેક નિર્ણયમાં મારો સાથ આપ્યો છે. પછી તે મારો અભ્યાસ હોય, મારી પસંદગીના પાત્ર સાથે લગ્નની વાત હોય કે પછી મારા પતિને મારી કિડની આપવાની મારી જીદ હોય.... મારા દરેક નિર્ણયમાં તમારો સાથ હતો ત્યારે જ હું આ જીવનને સુમધુર બનાવી શકી. મારી હિંમત તમારા થકી જ હતી, છે અને રહેશે...

અંતે એટલું જરૂર કહીશ – "પિતા એટલે પરિવારને માથે લગાડેલો એવો 'ટફન ગ્લાસ' જે મુશ્કેલીમાં ખુદ તૂટશે, પણ પરિવારને તૂટવા નહીં દે."

**હેમાલી અંતાણી**

# મા ધરતી તો પિતા આકાશ

- વિશાખા પોટા



નાની ઠોકર વાગે તો 'ઓ મા' એમ બોલાય, પણ જ્યારે કોઈ મોટી આપત્તિ આવે ત્યારે 'ઓ બાપ રે' એમ બોલી જવાય. પિતા એટલે વડલાની છાયા. મા ધરતી તો પિતા એટલે આકાશ.

પિતા..

આપણી સંસ્કૃતિમાં માતૃદેવો ભવ, પિતૃદેવો ભવ કહેવાયું છે.એમ કહીને માતા-પિતાની દેવતા સાથે તુલના કરવામાં આવી છે. છે તો બંને સામાન્ય માનવી જ, પણ એમને દેવોની ગરિમા આપી છે. આપણું અસ્તિત્વ જેમને કારણે એક ઓળખ મેળવે છે એ છે આપણાં માતા-પિતા.

માના ગુણગાન તો ખૂબ ગવાયાં છે, પણ પિતા માટે જાણે ઓછું લખાયું છે, પણ એનો અર્થ એવો નથી કે પિતાની હસ્તીનું કોઇ મહત્ત્વ જ નથી. સહુ કોઈ જાણે છે કે નાની ઠોકર વાગે તો 'ઓ મા' એમ બોલાય, પણ જ્યારે કોઇ મોટી આપત્તિ આવે ત્યારે 'ઓ બાપ રે' એમ બોલી જવાય. પિતા એટલે વડલાની છાયા. મા ધરતી તો પિતા એટલે આકાશ. પિતા બાળક માટે એક ઢાલ સમાન છે. જો એ સાથે હોય તો દુનિયાની કોઈ પણ લડાઈ જીતવી આસાન બની જાય છે. માનો ખોળો એટલે રક્ષા કવચ પણ બાપ એટલે જગત આખાથી રક્ષણ આપનાર બાહુબલી બંને મિત્રો ઝઘડે ત્યારે બીક બતાવાય કે મારા પપાને કહી દઈશ. એમ કહી સામાવાળા પાસે બાપની તાકાત કેવી છે એમ વટ પડાય. એમને આટલી મહત્તા અપાઈ છે, પણ પિતાની જવાબદારી પણ એટલી જ મોટી છે. બાળકનું યોગ્ય લાલન-પાલન થાય, એને સારાં-નરસાંનો વિવેક સમજાવાય, એને સાચું માર્ગદર્શન આપવું એ વાલી તરીકેની એની ફરજ છે. જે આંખ અમી વરસાવી શકે એ લાલ પણ થઈ શકે. જે કામ મા કરી શકે એ પિતા નથી કરી શકતા અને જે કામ પિતા કરી શકે એ મા નથી કરી શકતી બંનેની જવાબદારી જુદી જુદી છે. પિતા માત્ર એટલું જ કહે કે ચિંતા ન કરીશ હું બેઠો છું ને! આ શબ્દો જ ઘણી રાહત અને હિંમત આપે છે.

પિતા એટલે તમારા નામની

પાછળ લખાતું દીવાલ જેવું અડીખમ નામ. પિતા એટલે સલામતી, જે માત્ર સાથે હોવાથી તમારાં દરેક ડર પૂંછડી દબાવીને ભાગે.. પિતા પાસે ભરપૂર સંવેદનાઓ હોય છે, પણ રડીને વ્યક્ત કરતા ઝીલી લેતા નથી, પણ જ્યારે લગ્ન પછી દીકરીને વિદાય દેવાનો પ્રસંગ આવે છે ત્યારે એ ભાંગી પડે છે. તુષાર શુકલની કવિતા પપ્પા મને મૂકવા તમારે આવવાનું નહીં આંખોમાં આંસુ એમ લાવવાનાં નહી... દીકરી જ્યારે પિયર આવે ને પાછી જાય ત્યારની પિતાની વેદના છે. મા-બાપ સંતાનને વળગી ન રહે. પિતા બાળકોને બાજ પક્ષીની જેમ ઊડવાનું શીખવે છે. એમને આકાશમાં મુક્ત કરી દે છે એમાં જ સંબંધની ગરિમા છે. આપણા સાહિત્યજગતના જાણીતા લેખક શ્રી ગુણવંતભાઈ શાહનું એક પુસ્તક 'થેંક યુ પપ્પા' એ બાપ-દીકરીના સંબંધ ઉપર જ છે.

આપણે સહુ જાણીએ છીએ કે અવતાર પુરુષ રામ અને કૃષ્ણને પણ પૃથ્વી ઉપર અવતરવા માટે મા-બાપનો આશરો લેવો પડ્યો હતો. ભગવાન રામે તો પિતાના વચન માટે રાજપાટ છોડી હસતા મોઢે વનવાસ સ્વીકાર્યો હતો. જ્યારે કૃષ્ણ ભગવાને એના પાલક માતા-પિતાને અદકેરું સ્થાન આપ્યું છે. આજે પણ 'નંદ ઘેર આનંદ ભયો' એમ બોલાય છે.

અમારા પિતાને અમે ભાઈ કહેતાં. એમનાથી બીતાં પણ ખરા. રાતના નવ વાગે બધાએ ફરજિયાત સૂઈ જવાનું અને કોઈ સારું ચલચિત્ર આવ્યું હોય તો મામા-કાકા સાથે જોવા જઈએ એમ કોણ પૂછે? બિલાડીને ગળે ઘંટ કોણ બાંધે? પણ



લાગણીશીલ પણ એટલા! અમને જુદી જુદી મોટરોમાં ખૂબ ફેરવ્યા છે. દોમદોમ સાહેબી આપી છે. નાગર જ્ઞાતિના પહેલા બીઝનેસમેન કહેવાતા. ફલોરા ફાઉન્ટન ઉપર મોટી ઑફિસ હતી અને મોટા પડકારો સામે આવે તો હિંમતથી સામનો કરતા. બીઝનેસ હોય તો ચડતી-પડતી તો આવે જ, પણ એમના કપરા કાળમાં અમારા ઉછેરમાં કોઇ ઊણપ નથી આવવા દીધી. એમના વખતમાં એમણે ઘણાને આર્થિક મદદ કરી હતી જેનાથી અમે સાવ અજાણ હતા. એ લોકો આજે પણ યાદ કરીને કહે છે કે આજે અમે જે પણ કાંઈ છીએ એમને લીધે છીએ. આજે એમને કોટી કોટી વંદન!!

**વિશાખા પોટા**

# પિતા સૂર્યનું સૌમ્ય સ્વરૂપ

દીપ્તિ ભગત-વછરાજાની 'શિવા'



''અમારા બાપુજી આ રીતે
સમજાવી ગયા અમને,
બધા સળ પાઘડીમાં વીંટતા
ફાવી ગયા અમને''

ઉપરોક્ત ગઝલ લખી ત્યારે બિલકુલ અનુમાન નહોતું કે સૂર્યના સૌમ્ય સ્વરૂપને અક્ષરોમાં અંકિત કરવાનું સદભાગ્ય પ્રાપ્ત થશે.

અમારા કાકા એટલે સૂર્યનું એક સૌમ્ય સ્વરૂપ. જી હા, પિતાને અમે ત્રણેય ભાઈ-બેન કાકા કહીએ. વર્ષ ૧૯૩૦, સ્થળ - કરાંચી. એક જુનવાણી રૂઢિચુસ્ત



કુટુંબમાં શ્રી ગિરીશચંદ્ર ડોલરરાય ભગતનો જન્મ. તેમના જન્મ બાદ બા, દાદા મુંબઈ આવ્યાં. દાદાની નોકરી બહુ નાની ઉંમરમાં જ આંખની તકલીફને કારણે છૂટી ગઈ એટલે બાળપણથી કરકસર જાણે ગળથૂથીમાં મળી. બા કહેતાં કે પાંચ વર્ષ સુધી ચા તો ગોળની જ પીવડાવી. દાદા, બાએ ઘણો સંઘર્ષ કરી એમને ભણાવ્યાં. એમણે બાળપણ અને યુવાવસ્થા દરમિયાન બા, દાદાની રૂઢિચુસ્ત વિચારસરણીને પોતાની જીવન-શૈલીમાં બહુ સહજતાથી ઢાળી. એ સ્નાતક થયા ત્યાં સુધી ધોતિયું પહેરીને જ કૉલેજ જતા. વિનયન શાખામાં સ્નાતક થયા બાદ બે વર્ષ કાયદાનો અભ્યાસ કર્યો. વાંચન પ્રત્યેની અનહદ પ્રીતિને કારણે આવકના પહેલા સ્રોત માટે એમણે પહેલું કામ વાલકેશ્વરમાં એક પ્રજ્ઞાચક્ષુ સદગૃહસ્થને ત્યાં છાપું વાંચી આપવાથી શરૂ કર્યું. ત્યાર બાદ ન્યૂ ઈન્ડિયા ઈન્સ્યોરન્સ અને તે પછી સિંધિયા સ્ટીમ નેવિગેશન કંપનીમાં નોકરી લીધી. આ તો થઈ તેમના જન્મ અને ભણતરથી વ્યવસાય સુધીની ઉપરછલ્લી રજૂઆત અને પરિચય, પણ સન ૧૯૩૦થી ૧૯૮૫ દરમિયાન જે જીવન તેઓ જીવ્યા એમાં રહેલા જીવનરસની વાત મારે આપ સૌ સાથે વહેંચવી છે.

સૌપ્રથમ તો, શરૂઆતથી જ તેમની જે વાંચન પ્રત્યેની પ્રીતિ હતી એના કારણે ઘરમાં ઉત્તમ સાહિત્ય કાયમ પ્રાપ્ય રહેતું. ન વાંચી શકાયેલી છાપાંની પૂર્તિઓ અને સંપાદકીય (editorials) મહિનાઓ સુધી સચવાયેલા રહેતા. ઘરમાં અમારા માટે બાળ મેગેઝિન જેવાં કે રમકડું, બાલજીવન, ચંપક, ચાંદામામા આવતાં અને તેનાથી અમારી સંસ્કારસિંચનની પ્રક્રિયા શરૂ થઈ. કૃષ્ણાવતારના આઠેઆઠ ભાગ કાકાએ પોતે વાંચી અમને સંભળાવ્યા હતા. આ ઉપરાંત સ્કૂલ અને રેડિયોના બધા પ્રોગ્રામમાં ભાગ લેવાનું પ્રોત્સાહન તો ખરું જ. તેમની સાહિત્યપ્રીતિને કારણે કુટુંબને વિશિષ્ટ ઓળખ મળી.

એમના સ્વભાવનું એક આગવું પાસું તે એ કે કંઈક ખોટું થતું હોય તે બિલકુલ જ સહન ન કરવું અને તે માટેના આક્રોશને વ્યક્ત કરવો અને જરૂર કરવો. એ પછી અમારી શાળાના આચાર્ય હોય કે મુંબઈની બસનો કંડક્ટર. કંડક્ટરના સ્વચ્છંદી વર્તન માટે બસને પોલીસમથકે પણ લઈ જાય. આ બાબત તેમના લોહીમાં એ હદે વણાઈ ગઈ કે પછી મૃત્યુપર્યંત એ જ તેમનો જીવનમંત્ર અને કર્મનો સિદ્ધાંત બની રહ્યો. ગેરવાજબી બાબતો અને અન્યાય તરફના આ વલણને કારણે જ તેઓ તે સમયે જ્યોર્જ ફર્નાન્ડિઝની ટ્રેડ યુનિયનની વિચારધારાથી પ્રભાવિત થયા અને સિંધિયામાં તેમના કાર્યકાળ

દરમિયાન તેમની યુનિયનની પ્રવૃત્તિને વેગ મળ્યો. કર્મચારીઓ માટેની લડતમાં પોતાના તટસ્થ વલણને કારણે ઉભય પક્ષે તેઓ માનભર્યું સ્થાન પ્રાપ્ત કરી શક્યા. આ પ્રવૃત્તિની સમાંતર એમની અતિપ્રિય એવી એક બીજી પ્રવૃત્તિ તે વડનગરા નાગર મંડળ, મુંબઈ, નાગર વિદ્યોતેજક મંડળ, માટુંગા અને નાગર યુવક મંડળને તેમણે આપેલી માનદ સેવા. વળી કાયદાનો અભ્યાસ કર્યો હતો એટલે મુંબઈની સિટી સિવિલ કોર્ટમાં જ્યુરી તરીકે પણ નિમંત્રણ આપવામાં આવતું.

આ તો થયા તેમના જીવનરસના બે મુખ્ય પ્રવાહો, પણ આ પ્રવાહોમાં ભળી જતા સૂક્ષ્મ પ્રવાહોને હું કેમ ભૂલી શકું જેણે અમારામાં મૂલ્યોનું સિંચન કર્યું. અન્યને મદદરૂપ થવાની એમની ઉદાત્ત ભાવના. જે ફ્રૂટ આપણે ખાઈએ તેમાં કામ કરતા ઘાટીનો ભાગ જરૂર પડે અને તે પણ રોજે રોજ. કેરીની સીઝન આવે ત્યારે કોઈ અભાવથી પીડાતા કુટુંબ પાસે કેરીનો કરંડિયો પહેલાં પહોંચે અને ત્યાર બાદ જ કેરી ઘરમાં આવે. આજુબાજુમાં રહેતા લોકો વહાલથી ને માનથી તેમને ‘મુરબ્બી’ કે ‘વડીલ’ કહી બોલાવતા કારણ સૌ માટે કરી છૂટવાની તેમની ભાવના એટલી બળવત્તર હતી અને સૌથી વધુ સ્પર્શી જતું વહેણ તે એમની સાદગી, કોઈ જ બાહ્ય આડંબર વિનાનું જીવન. સેવાનાં કાર્યો માટે એટલા તત્પર અને સભાન હતા કે તેઓ પોતાના સમયથી હંમેશાં આગળ જીવ્યા. જીવનમાં વર્ષો અને વર્ષોમાં જીવન કદાચ તેમણે આ રીતે ઉમેર્યા. રક્તદાનનો તેમને ખૂબ મહિમા એટલે રક્તદાતાઓની પેનલ પર હતા. કંઈ કેટલીય વખત તેમણે રક્તદાન કર્યું. કર્મ જ તેમની શ્રદ્ધા, કર્મ જ તેમનો ધર્મ અને કર્મ જ તેમની ભક્તિ હતાં. ટોળાંથી દૂર રહેનાર એક અલગારી વ્યક્તિત્વ એટલે મારા કાકા. નિસ્પૃહી એવા કે ટીકા તેમને સ્પર્શી શકતી નહીં. એ તો પોતાનાં કાર્યો સાથે નિજાનંદમાં મસ્ત રહેતા.

સાદગી અને સહૃદયતાનું ઊંડાણ પામવું હંમેશાં અઘરું હોય છે અને એટલે જ તેમની નિકટના વર્તુળને એમ લાગતું કે તેઓ ઓછાબોલા અને અતડા છે, પરંતુ તેઓ જેટલું બોલતા તે શબ્દોમાં વજન રહેતું. માતાને અમે બેન કહીએ. બેનના સ્વભાવની સરળતા અને સંજોગો સામે અનુકૂલન સાધવાની ક્ષમતાને કારણે જ કાકા આટલા રચનાત્મક રહી શક્યા હશે એમ લાગે.

સિંધિયાના મૅનેજમેન્ટ તરફથી જ ટ્રેડ યુનિયન લીડર્સની ઈન્ટરનેશનલ કૉન્ફરન્સમાં ભાગ લેવા માટે તેમની પસંદગી થયેલ, એ તેમના પ્રદાનને બિરદાવતી એક શિરમોર સિદ્ધિ હતી, પણ આ સ્વપ્ન પૂરું થઈ ન શક્યું. આ પહેલાં જ હૈદરાબાદ ખાતેની Administrative Staff Collage of Indiaમાં યોજાયેલ એક વર્કશોપમાં ભાગ લેવા પહોંચ્યાના ત્રીજા દિવસે હાર્ટ ફેલ થવાના કારણે અવસાન પામ્યા.

આયુષ્યને તો આંકડામાં માપી શકાય, પણ હાથ પર લીધેલાં કાર્યોનો હિસાબ માંડી શકાતો નથી. કાકા અમને ઘણું ઘણું આપી, અમારી પાસેથી કંઈ જ પામ્યા વિના અચાનક અમારી વચ્ચેથી ચાલ્યા ગયા. એમનાં મૂલ્યો, શિસ્ત, કરકસર માટેનો આગ્રહ અને એમની સહૃદયતા સમયના ઈસ્કોતરામાં સચવાઈ રહ્યા, જેને અમે થોડો ઘણો ન્યાય આપી શકીએ તે એ કર્મઠ જીવને સાચી અંજલિ આપી ગણાશે. મારા કાકા એટલે જ એક અને અજોડ હતા.

શરૂઆતમાં જે શેર લખ્યો છે તે ‘બાપુજી’ ગઝલ એમના પ્રિય માસિક નવનીત સમર્પણમાં સ્વીકારાઈ ત્યારે ખૂબ આનંદ થયેલો. એ જ ગઝલના મને ગમતા બીજા બે શેર રજૂ કરી મારી વાત પૂરી કરીશ.

*‘વડીલે સાચવ્યું ઈસ્કોતરામાં હાથ લાગ્યું છે,*
*તરજ આખી અધૂરું ગીત સમરાવી ગયા અમને.*
*વિચારો પિંડમાં ઢાળી નવું સર્જન નવેસરથી,*
*‘શિવા’, બાપા ખરેખર રોજ જન્માવી ગયા અમને.’*

**દીપ્તિ ભગત-વછરાજાની ‘શિવા’**




પિતા શ્રી શેખર વૈષ્ણવ (CA/ICWA), પુત્ર હર્ષ વૈષ્ણવ અને પુત્રી આસ્થા વૈષ્ણવ તરફથી નાગર મંજૂષા વિશેષાંક ‘પપ્પા - એક અને અજોડ’ માટે રૂ. ૨૫૦૦૦/– નું અનુદાન મળ્યું છે. શ્રી મંડળ તેમનો હૃદયપૂર્વક આભાર માને છે.



તો, પપ્પા, હવે ફોન મૂકું ?
તમને યે મૉજ જરી આવે તે થયું મને ! STDની ડાળથી ટહૂકું ..

હૉસ્ટેલને ?... હૉસ્ટેલ તો ફાવે છે....જેમ કે કાંટામાં સચવાતું ફૂલ
તોય એ તો ઊઘડે છે... રંગભર્યું મહેકે છે.... ડાળખીમાં કરે ઝૂલાઝૂલ.
ફાગણના લીલાકુંજાર કોઈ ઝાડવાનું પાન એમ થાય નહીં સૂકું...
તો, પપ્પા, હવે ફોન મૂકું ?

મમ્મીબા જલસામાં ?...બાજુમાં ઊભી છે ? ના ના ...તો વાસણ છો માંજતી
કે'જો આ દીકરી યે તારાં સૌ સપનાંઓ રાત પડ્યે નીંદરમાં આંજતી
સાચવજો... ભોળી છે...ચિન્તાળુ...ભૂલકણી...પાડજો ના વાંકું કે ચૂકું...
તો, પપ્પા, હવે ફોન મૂકું ?

શું લીધું ?...સ્કૂટરને ?...ભારે ઉતાવળા...શમ્ભુ તો કેતો'તો ફ્રીજ
કેવા છો જિદ્દી ?...ને હપ્તા ને વ્યાજ ?...વળી ઘર આખ્ખું ઠાલવશે ખીજ
ઝાઝી તો વાતુંનાં ગાડાં ભરાય : કહું હાઈકુમાં...એટલે કે ટૂંકું...
તો, પપ્પા, હવે ફોન મૂકું ?

મનોહર ત્રિવેદી

**BOOK POST** **DROP**

From,
**Shree Vadnagara Nagar Mandal,** Mumbai
C/O *Kamlesh S. Vohra* ; 1502, Tulsibaug CHS, Ramdas Sutrale Marg,
Opp. ICICI Bank, Borivali (W), Mumbai 400092
email : vnmmumbai@yahoo.co.in • www.shrivadnagaranagar.org